

પેજ-08

સલમાન ખાનની ફિલ્મ સિકંદરમાં નેશનલ ક્રશ રશ્મિકા...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express    Ahmedabad    RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

વીરેન્દ્ર સેહવાગે જણાવી ટીમ ઈન્ડિયાની સૌથી મોટી નબળાઈ



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 28.00 |
| વડોદરા | 41.00 | 28.00 |
| સુરત | 34.00 | 28.00 |

પેજ 5



લોકસભા ચૂંટણીના ફિવરમાં અનિશ્ચિત બે-તરફી અફરાતફરી...

10 MAY-2024 FRIDAY

રશિયાએ કહ્યું- અમેરિકા ભારતની ચૂંટણીમાં અવરોધ ઊભા કરી રહ્યું છે...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72404.17 | ▼ | 1062.00 |
| નિફ્ટી | 21957.50 | ▼ | 345.00 |
| સોનું | 71531.00 | ▲ | 404.00 |
| ચાંદી | 84372.00 | ▲ | 1378.00 |

વર્ષ-13 । અંક-175 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સાયન્સમાં છોકરીઓ સામે છોકરાઓએ બાજી મારી

# ધોરણ-12સામાન્યપ્રવાહનું91.93% વિજ્ઞાન પ્રવાહનું 82.45% પરિણામ

## વિદ્યાર્થીઓએ માર્યું મેદાન..... ગુજરાતમાં 96.40% સાથે બોટાદ જિલ્લો પ્રથમ

(એજન્સી) ગાંધીનગર । તા. 09

ગુજરાતમાં આજે આવેલા ધોરણ 12માં રેકોર્ડબ્રેક પરિણામ આવતાં વિદ્યાર્થી અને વાલીઓમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. પેપરની પેટર્નથી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થયો છે. વિદ્યાર્થીઓને પ્રશ્ન પત્રમાં ખાસ વિકલ્પ મળતાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે, જ્યારે આ વખતે પેપર તપાસવાની પેટર્ન પણ બદલાઈ છે.

વિજ્ઞાન પ્રવાહમાં કેન્દ્ર પ્રમાણે પરિણામમાં સુધારો થયો છે. સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર કુંભારિયા 97.97 ટકા છે. ગત વર્ષે હળવદનું 91.41 ટકા હતું. ઓછું પરિણામ ધરાવતા કેન્દ્રનું પણ ગત વર્ષ કરતાં પ્રદર્શનમાં સુધારો થયો છે. આ વર્ષે બોડેલી 47.98 ટકા સાથે રાજ્યમાં સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર છે. ગત વર્ષે લીમખેડા 22 ટકા જ હતું. મોરબી જિલ્લો 92.8 ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ઊભરી આવ્યો છે. જોકે ગત વર્ષે મોરબી જ મોખરે હતું, જેની ગત વર્ષે ટકાવારી 83.22% હતી. સો ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા 27થી વધીને 127 થઈ છે. 10 ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા 76થી ઘટીને 27 થઈ છે.

### 12 સાયન્સના ગુજરાતી વિષયનું 100 ટકા પરિણામ

12 સાયન્સના મુખ્ય ચાર વિષય એવા બાયોલોજી, કેમિસ્ટ્રી, મેથ્સ, ફિઝિક્સની વાત કરવામાં આવે તો ફિઝિક્સમાં સૌથી વધુ વિદ્યાર્થી ફેઈલ થયા છે. ફિઝિક્સનું 83.17 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ગુજરાતી વિષયનું 100 ટકા પરિણામ આવ્યું છે. હવે માધ્યમની વાત કરવામાં આવે તો સૌથી વધુ ગુજરાતી માધ્યમનું પરિણામ આવ્યું છે. ગુજરાતી મીડિયમનું 82.94 ટકા રિઝલ્ટ આવ્યું છે. તેની સામે ઈંગ્લિશ મીડિયમનું 81.92 ટકા રિઝલ્ટ આવ્યું છે તેમજ હિન્દી મીડિયમનું સૌથી ઓછું 66.59 ટકા પરિણામ આવ્યું છે. ગ્રેડવાઈઝ પરિણામની વાત કરવામાં આવે તો સૌથી ઓછો 1034 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે તેમજ 8983 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો છે.

### સામાન્ય પ્રવાહમાં દીકરીઓએ માર્યું મેદાન, 94.36% પરિણામ

બંને પ્રવાહનું પરિણામ છેલ્લા 10 વર્ષની સરખામણીએ સૌથી વધારે આવ્યું છે. ત્યારે વાત કરીએ સામાન્ય પ્રવાહની તો સામાન્ય પ્રવાહમાં દીકરીઓએ મેદાન માર્યું છે. જી, હા ધોરણ 12 સામાન્ય પ્રવાહનું ગત વર્ષની સરખાણીએ આ વખતે સારુ પરિણામ આવ્યું છે. ગત વર્ષે ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ 73.27 ટકા હતું જે આ વખતે 91.91 ટકા છે. જેમાં સૌથી વધારે પરિણામ વિદ્યાર્થીનીઓનું નોંધાયુ છે. વિદ્યાર્થીઓની સરખામણીએ વિદ્યાર્થીનીઓનું 94.36 ટકા પરિણામ નોંધાયુ છે.

### સામાન્ય પ્રવાહમાં 96.40% સાથે બોટાદ જિલ્લો ગુજરાતમાં પ્રથમ

ગુજરાત રાજ્ય માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક ધોરણ 12નું પરિણામ આજે જાહેર થયું છે. જેમાં ધો. 12 સામાન્ય પ્રવાહમાં 96.40% સાથે બોટાદ જિલ્લો ગુજરાતમાં પ્રથમ નંબરે આવતા સમગ્ર જિલ્લામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે જિલ્લાનું સારું પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં આનંદ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ ગરબા રમી સારા પરિણામની ઉજવણી કરી હતી. બોટાદ જિલ્લા શિક્ષણ અધિકારી પ્રતિપાલસિંહ ગોહિલ દ્વારા સમગ્ર ગુજરાતમાં સામાન્ય પ્રવાહમાં બોટાદ જિલ્લો પ્રથમ આવતા બોટાદ જિલ્લાના શાળા સંચાલકો, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

### રાજસત્તા યોગમાં ઉમેદવારી નોંધાવશે

# ચૂંટણીનો મહાપર્વ..! મોદી માટે મંગળકારી રહેશે 'પુષ્ય નક્ષત્ર'

## PM 14 મેના રોજ વારાણસીથી ઉમેદવારી પત્ર ભરશે

(એજન્સી) ગાંધીનગર । તા. 09

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 14 મેના રોજ વારાણસીથી ઉમેદવારી પત્ર ભરશે. કાશીના જ્યોતિષી પંડિત પવન ત્રિપાઠીએ જણાવ્યું કે, PM મોદી માટે આ દિવસ શુભ રહેશે કારણ કે 'ગંગા સપ્તમી' 14મી મેના રોજ છે. 'પુષ્ય નક્ષત્ર' છે. આ નક્ષત્ર સફળતાની નિશાની છે. આ નક્ષત્રમાં કોઈપણ કાર્ય કરવાથી સફળતા મળે છે.

લોકસભા ચૂંટણી 2024 કુલ સાત તબક્કામાં યોજાવાની છે. અત્યાર સુધીમાં ત્રણ તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે, જ્યારે હજુ ચાર તબક્કા બાકી છે. UPની વારાણસી લોકસભા સીટ માટે છેલ્લા એટલે કે સાતમા તબક્કાનું મતદાન 1 જૂને યોજાશે. આ સંદર્ભે, 14 મેથી ઉમેદવારોના ફોર્મ ભરવાનું શરૂ થઈ રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વારાણસી લોકસભા સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. 13 મેના રોજ વારાણસીમાં ભવ્ય રોડ શો યોજ્યા બાદ તેઓ 14 મેના રોજ કલેક્ટર કચેરી પહોંચશે અને ઉમેદવારી નોંધાવશે.



### 14મી મેના રોજ 'ગંગા સપ્તમી' દિવસ

PM મોદી 13 ફેબ્રુઆરીએ વારાણસીમાં રોડ શો કરશે અને 14 મેના રોજ નોમિનેશન ફાઈલ કરશે. જ્યોતિષ અને સનાતન ધર્મ અનુસાર, 14 મે ખૂબ જ શુભ દિવસ છે. આ દિવસ 'ગંગા સપ્તમી' છે. એટલે કે આ દિવસે ગંગાનું અવતરણ થયું હતું. આ દિવસે કોઈપણ કાર્ય કરવાથી વિશેષ ફળ મળે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે કોઈપણ શુભ કાર્ય થઈ શકે છે. જો કે, આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એક નિવેદન, જે તેમણે 2014માં નોમિનેશન વખતે કહ્યું હતું, તે સાચું પડતું જણાય છે. વારાણસીને લઈને PM મોદીએ કહ્યું હતું કે, 'મને ન તો કોઈએ મોકલ્યો છે અને ન તો હું અહીં આવ્યો છું. માતા ગંગાએ મને બોલાવ્યો છે. PM મોદી 14 મેના રોજ 2020ની લોકસભા ચૂંટણીમાં નોમિનેશન ફાઈલ કરશે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, તે દિવસે 'ગંગા સપ્તમી'નો તહેવાર છે અને ત્યાં 'પુષ્ય નક્ષત્ર'નો અદ્ભુત સંગમ છે, જે સફળતાની ખાતરી આપે છે.

## Quick Read

### જમ્મુ-કાશ્મીરના પુલવામામાં બોટ ડૂબી:જેલમ નદીમાં 2 લોકો ગુમ, 7 લોકોને બચાવી લેવાયા

જમ્મુ | પુલવામા જિલ્લાના પમ્પોરમાં બુધવારે મોડી સાંજે (8 મે) સાંજે જેલમ નદીમાં એક બોટ ડૂબી ગઈ હતી. બોટમાં 9 બિન-કાશ્મીરી લોકો હતા, જેમાંથી 7ને બચાવી લેવામાં આવ્યા હતા. જોકે, બે લોકો ગુમ છે. તેમની શોધમાં ગત રાતથી સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. SDRF, પોલીસ પ્રશાસન અને અર્ધલશ્કરી દળો બચાવ કાર્યમાં લાગેલા છે. પુલવામાના ડેપ્યુટી કમિશનર ડો.બશારત કય્યુમે કહ્યું કે નદીમાં જોરદાર પ્રવાહને કારણે બચાવમાં મુશ્કેલી આવી રહી છે.

### તમિલનાડુમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયંકર વિસ્ફોટ, પાંચ મહિલાઓ સહિત 8 મજૂરોના મોત

શિવાકાશી | તમિલનાડુમાં જોરદાર વિસ્ફોટના સમાચાર સામે આવી રહ્યા છે. તમિલનાડુના શિવાકાશી પાસે એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો છે. મળતી માહિતી પ્રમાણે શિવકાશી નજીક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં 8 લોકોના મોત થયા છે. આ વિસ્ફોટ શિવકાશીના સેંગમલપટ્ટી વિસ્તારમાં થયો હતો. ગુરુવારે બપોરે લગભગ 3.45 વાગ્યે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા.

### વરસાદે કરી કમાલ, ઉત્તરાખંડના ધખધખતા જંગલોમાં લાગેલી આગ કાબૂમાં આવી

દેહરાદૂન | ઉત્તરાખંડના જંગલોમાં આગને ઓલવવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડ સરકાર આ બાબતે એક બાદ એક એક્શન લઈ રહી છે ત્યારે હવે વરસાદી માહોલ જોવા મળતા રાહતની લાગણી અનુભવાઈ છે. ઉત્તરાખંડના ઉત્તરકાશી, બાગેશ્વર, અલમોડા, સોમેશ્વરમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. મુશળધાર વરસાદ અને કરા પડ્યા હતા. તો વરસાદી માહોલને કારણે બાગેશ્વરના જંગલોમાં લાગેલી આગ શાંત થઈ ગઈ છે.

### રૂપાલાના નિવેદનને કારણે ભાજપને ઝટકો, દિગ્ગજ ક્ષત્રિય નેતાએ પક્ષમાંથી રાજીનામું આપ્યું

નવી દિલ્હી | લોકસભા ચૂંટણી વચ્ચે ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશના કારણે ભાજપને વધુ એક ઝટકો લાગ્યો છે. રાજપૂત સમાજના મોટા નેતા સૂરજ પાલ અમ્મુએ આજે પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. તેમણે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડાને લખેલા પત્રમાં ભારે નારાજગી વ્યક્ત કરી છે. સૂરજ પાલ અમ્મુએ જે.પી. નડ્ડાને લખેલા પત્રમાં લખ્યું, 'કેન્દ્રીય મંત્રી અને રાજકોટ બેઠકથી ભાજપના ઉમેદવારે ક્ષત્રિય સમાજ પર વિવાદિત નિવેદન આપ્યું છે.

### શેરબજારમાં ગાબડું, છ કલાકમાં 7.35 લાખ કરોડ સ્વાહા

#### સેન્સેક્સમાં 1062 પોઈન્ટનું ગાબડું પડ્યું

(એજન્સી) મુંબઈ । તા. 09

મે મહિનામાં શેરબજારમાં મોટું ગાબડું જોવા મળ્યું છે. બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ બીજી મે બાદ બે હજાર પોઈન્ટથી નીચે આવી ચુક્યો છે. ગુરુવારે પણ બીએસઈ સેન્સેક્સ 1062 અંક તૂટીને બંધ થયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી પણ બીજી મેએ આશરે 650 પોઈન્ટથી વધુ તૂટયો હતો. ગુરુવારે પણ નિફ્ટી 345 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. ગુરુવારના આ ઘટાડા રોકાણકારોના 7.35 લાખ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.

શેરબજારમાં ઘટાડો શા માટે છે. આના મુખ્ય કારણો શું છે? નિષ્ણાતોના મતે તેના મુખ્ય કારણોમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી, FIIs દ્વારા વેચવાલી, યુએસ ડૉલરમાં વધારો, યુએસ ફેડના વલણને કારણે ટ્રેઝરી યીલ્ડમાં વધારો, ચોથા ક્વાર્ટરના અપેક્ષિત પરિણામો કરતાં વધુ ખરાબ અને એફઆઈઆઈમાં વધારો. ગુરુવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જના મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બજાર 1062.22 પોઈન્ટના ઘટાડા સાથે 72,404.17 પોઈન્ટ પર બંધ થયું હતું.

### રાહુલની ચાઇનીઝ ગેરંટી વિરુદ્ધ છે આ ચૂંટણી

# વોટ ફોર જેહાદ વિરુદ્ધ વોટ ફોર વિકાસની ચૂંટણી : અમિત શાહ



(એજન્સી) ભુવનગિરી । તા. 09

લોકસભાની ચૂંટણીને લઈને પ્રચાર તેજ બન્યો છે. 3 તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે ત્યારે હવે આગામી તબક્કાની ચૂંટણી માટે ભાજપ દ્વારા પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. ત્યારે ભાજપના દિગ્ગજો એકબાદ એક તેલંગણાની મુલાકાત લઈ રહ્યા છે.ગઈકાલે પીએમ મોદી તેલંગણામાં હતા ત્યારે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ તેલંગણામાં જનસભા સંબોધી હતી.

શાહે કહ્યું, 'કોંગ્રેસ તેના વચનો પૂરા કરતી નથી, પરંતુ પીએમ મોદી પોતાના વચનો પુરા કરે છે. કોંગ્રેસે 70 વર્ષથી રામ મંદિરનું નિર્માણ અટકાવ્યું હતું. પીએમ મોદીએ માત્ર 5 વર્ષમાં કેસ જીતી લીધો હતો. તેમણે ભૂમિપૂજન અને પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ કર્યો હતો. વડાપ્રધાને કલમ 370 દૂર કરી જેથી કાશ્મીરમાં તિરંગો હંમેશા માટે લહેરાતો રહે.

#### ● અમિતશાહે કોંગ્રેસને લીધુ આડેહાથ

તેમણે જનસભા સંબોધતા કહ્યું કે વર્ષ 2024ની ચૂંટણી તે રાહુલગાંધી વર્સિસ નરેન્દ્ર મોદી છે. આ ચૂંટણી વોટ ફોર જેહાદની વિરુદ્ધ વોટ ફોર વિકાસની ચૂંટણી છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ ચૂંટણી પોતાના પરિવારના કલ્યાણ વિરુદ્ધ દેશની જનતાના કલ્યાણની વિરુદ્ધનું છે,. આ ચૂંટણી રાહુલની ચાઈનીઝ ગેરંટી વિરુદ્ધ મોદીજીની ભારતીય ગેરંટીની છે.

#### ● પીએમ મોદીએ પણ તેલંગણામાં કર્યો હતો પ્રચાર

મહત્વનું છે કે ગઈકાલે પીએમ મોદીએ તેલંગણામાં જનસભા સંબોધી હતી. તેમણે કરીમનગર સહિત કુલ બે સ્થળો પર ચૂંટણીસભા સંબોધી હતી, આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તેલંગણામાં કોંગ્રેસ અને બીઆરએસ ફેમિલી ફર્સ્ટ લઈને ચાલે છે. બાય ધ ફેમિલી, ફોર ધ ફેમિલી, ઓફ ધ ફેમિલી એજ તેમની રમત છે. કોંગ્રેસ અને બીઆરએસમાં કોઈ અંતર નથી. તેઓ એક સિક્કાની જ બાજુ છે.કોંગ્રેસ અને બીઆરએસને ભ્રષ્ટાચાર જોડે છે. ફેમિલી ફર્સ્ટની આ નીતિને કારણે પી.વી નરસિમ્હા રાવનું અપમાન કર્યુ. કોંગ્રેસ કાર્યાલયમાં એન્ટ્રી પણ ન આપી. જ્યારે એનડીએ સરકારે પી.વી નરસિમ્હારાવને ભારત રત્નથી સન્માનિત કર્યા. મને તેમના પરિવાર સાથે મુલાકાત કરવાનો મોકો મળ્યો જે મારા માટે સૌભાગ્યની વાત છે.

### 15 ઓગસ્ટ પહેલા જ લાવીશું ભરતી યોજના

# રાહુલ ગાંધીએ કર્યો 30 લાખ રોજગાર આપવાનો વાયદો

(એજન્સી) નવી દિલ્હી । તા. 09




દેશભરમાં લોકસભા ચૂંટણીનું ધમધમાટ વાતાવરણ જોવા મળી રહ્યું છે. વિવિદ પક્ષોના નેતાઓ અને ઉમેદવારો વિવાદાસ્પદ નિવેદન, વાણીવિલાસ કરવાની સાથે વચનોની વર્ષા પણ કરી રહ્યા છે. રાજકીય પક્ષો મતદારોને મનાવવા માટે તમામ મોરચે દોડધામ કરી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભરતી યોજના, રોજગાર અંગે નિવેદન આપવાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા એક્સ પર વીડિયો શેર કરીને કહ્યું છે કે, 'દેશના યુવાઓ! ચોથી જૂને INDIAની સરકાર બનવાની છે અને અમારી ગેરેન્ટી છે કે, 15 ઓગસ્ટ સુધીમાં અમે 30 લાખ ખાલી સરકારી જગ્યાઓ પર ભરતીનું કામ શરૂ કરીશું. નરેન્દ્ર મોદીના જૂઠ્ઠા પ્રચારથી ભટકાઈ ન જતા.

### 25 બરતરફ કર્મચારીઓને પાછા લેવાશે

# એર ઈન્ડિયા એક્સપ્રેસ કેબિન ક્રૂએ હડતાળ પાછી ખેંચી

(એજન્સી) કટિહાર। તા. 20




એર ઈન્ડિયા એક્સપ્રેસના કર્મચારીઓએ ગુરુવારે રાત્રે 8 વાગ્યે હડતાળ પાછી ખેંચી હતી. ચીફ લેબર કમિશનરે કહ્યું કે એરલાઈન બરતરફ કરાયેલા 25 કર્મચારીઓને પાછા લેવામાં આવશે. એર ઈન્ડિયા એક્સપ્રેસના 200થી વધુ ક્રૂ મેમ્બર 7 મેની રાત્રે અચાનક રજા પર ઉતરી ગયા હતા. બુધવારથી તે કામ પર આવતા ન હતા. આ તમામ કર્મચારીઓએ એકસાથે માંદગીની રજા માટે અરજી કરી હતી અને તેમના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા. જેના કારણે મંગળવાર રાતથી 170થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એરલાઈને આજે સવારે 10 વાગ્યે 25 કર્મચારીઓને છૂટા કરી દીધા હતા.

# પ. બંગાળમાં ભાજપ ઉમેદવારના કાફલા પર બોમ્બથી કરાયો હુમલો

(એજન્સી) કાંઠી । તા. 09

પશ્ચિમ બંગાળની કાંઠી લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સૌમેંદુ અધિકારીના કાફલા પર બોમ્બથી હુમલો થયાના સમાચાર છે. એવું કહેવાય છે કે હુમલાખોરોએ ભાજપના ઉમેદવાર સૌમેંદુ અધિકારીના સરઘસ અને કારને નિશાન બનાવીને રોડ પર બોમ્બ ફેંક્યા હતા. જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. આ હુમલો અરગોવાલ વિસ્તારમાં કાલી બજાર પાસે થયો હતો. જ્યારે બદમાશોએ બોમ્બ ફેંક્યો ત્યારે ભાજપના ઉમેદવાર સૌમેંદુ અધિકારીનું સરઘસ રસ્તા પરથી પસાર થઈ રહ્યું હતું.

સૌમેંદુ અધિકારી બે વખત તમલુક લોકસભા સીટ પરથી ટીએમસી સાંસદ રહી ચૂક્યા છે. 2021 ની વિધાનસભા ચૂંટણી



પહેલા, તેમના ભાઈ સુવેન્દુ અધિકારી ભાજપમાં જોડાયા પછી તેઓ પણ તૃણમૂલથી દૂર થઈ ગયા હતા. સૌમેંદુ અધિકારીના પિતાનું નામ શિશિર અધિકારી છે, તેઓ સતત ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે. કાંઠી બેઠક લોકસભા અધિકારી પરિવારનો ગઢ માનવામાં આવે છે અને આ બેઠક પર અધિકારી પરિવારનો દબદબો રહ્યો છે.

### ભારતે ઉત્પાદનમાં છલાંગ લગાવી : વિશ્વમાં ભારત ત્રીજા નંબરે પહોંચ્યું

# સૌરઊર્જા ઉત્પાદનમાં ભારતે જાપાનને પાછળ છોડયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

ભારત ગત વર્ષે જાપાનને પાછળ છોડતા દુનિયાના ત્રીજું સૌથી મોટું ઊર્જા ઉત્પાદક બની જશે. વૈશ્વિક ઊર્જા ક્ષેત્રમાં કામ કરી રહેલી શોધ સંસ્થાન એંબરના એક રિપોર્ટમાં એવો ઉલ્લેખ છે કે ભારત વર્ષ-2015માં ઊર્જાના ઉપયોગ મુદ્દે નવમા સ્થાને હતો. વૈશ્વિક વલણ પ્રમાણે ભારતે ગત વર્ષે કુલ વીજળી ઉત્પાદનના 5.8 ટકા સૌર ઊર્જા પ્રાપ્ત કરી હતી.

ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યૂ ટાઈટલથી પ્રસિદ્ધ રિપોર્ટમાં કહેવાયું કે વર્ષ-2023માં વૈશ્વિક વીજળી ઉત્પાદનનું 5.5 ટકા સૌર ઊર્જાના રૂપમાં થયો. એંબરના એશિયા કાર્યક્રમના નિયામક અનુસાર, ગ્રીન એનર્જી ક્ષમતા વધારવા વીજળી ક્ષેત્રમાં કાર્બન



ઉત્સર્જનને ઓછું કરવા નહિ પરંતુ અર્થવ્યવસ્થામાં વધતી વીજળીની માંગને પૂર્ણ કરવા આર્થિક વૃદ્ધિના ઉત્સર્જનથી અલગ કરવા માટે આની જરૂર છે.

ભારત આ મુદ્દે ચીન, અમેરિકા અને બ્રાઝિલથી પાછળ રહ્યું હતું. આ ચાર દેશની સૌર ઊર્જા વૃદ્ધિમાં ભાગીદારી 2023માં 75 ટકા રહી. એક રિપોર્ટ અનુસાર, 2023માં વૈશ્વિક સૌર ઉત્પાદન 2025ની સરખામણીએ છ ગણું વધુ હતું. રિપોર્ટ અનુસાર, ભારતમાં વીજળી ઉત્પાદનમાં સૌર ઊર્જાનો યોગદાન 2015માં 0.5 ટકા હતું. જે 2023માં વધીને 5.8 ટકા થઈ ગયું.

આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (આઈઈએ) ના શુદ્ધ રૂપથી શૂન્ય ઉત્સર્જન અનુસાર, વર્ષ-2023 સુધી સૌર ઊર્જા વૈશ્વિક વીજળી ઉત્પાદનનું 22 ટકા વધી જશે. ભારત 2023 સુધી નવીનીકરણ ક્ષમતાને ત્રણ ગણું કરવાની યોજના બનાવનરા કેટલાક દેશોમાંથી એક છે. મળતી માહિતી અનુસાર, આ ક્ષમતાનો પૂર્ણ કરવા માટે ભારતનો વાર્ષિક ક્ષમતા વૃદ્ધિ ઉલ્લેખનીય રૂપથી વધારવાની જરૂર છે.

# ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે અલંકરણ સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, સમાજ, દેશ અને પરિવાર ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે તેઓ નીતિ-નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરે છે. હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્રમાં આયોજિત અલંકરણ સન્માન સમારોહમાં તેમણે કહ્યું કે, વહાણ દરેક સુવિધાથી સજ્જ હોય, પરંતુ જો તેમાં નાનું છિદ્ર પણ થઇ જાય તો તેને ડૂબાડી શકે છે. તેવી જ રીતે, વિદ્યાર્થીઓ પણ જો નિયમો અને શિસ્તની અવગણના કરે તોવિકાસ રૂંધાય છે.



આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, આળસુ વ્યક્તિ કોઈ ઉદ્દેશ્ય વગર પોતાનું જીવન વિતાવી દે તો તેનો વિકાસ નથી થવાનો. મહેનતુ માણસ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. જે વિદ્યાર્થીઓ તેમની જવાબદારીઓને પૂર્ણપણે નિભાવે છે તેઓ જીવનમાં ચોક્કસપણે સફળ થાય છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, દરેક વ્યક્તિએ ફક્ત પોતાની પ્રગતિથી સંતોષ ન માની, સર્વની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ. આવા લોકો હંમેશા સમાજમાં પરોપકાર, માનવતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ અભ્યાસ અને સખત પરિશ્રમના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ શિક્ષકો અને સંચાલક મંડળને પણ પોતાની જવાબદારી સારી રીતે નિભાવવાની હાકલ કરતાં કહ્યું કે, બાળકો તેમના શિક્ષકોના આચરણમાંથી જ શીખે છે. જેથી શિક્ષકે હંમેશા તેમના જીવનમાં સત્યનું આચરણ અને શિસ્તનું પાલન કરવું જોઈએ. ગુરુકુલમાં દાખલ થયેલા નવા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં તેમણે કહ્યું કે, જીવનમાં હંમેશા મોટું વિચારો, કારણ કે ટુંકી વિચારસરણી ક્યારેય વ્યક્તિને મહાન બનાવી શકતી નથી. તમારા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને પ્રાપ્ત કરો. તેમણે વિદ્યાર્થીઓને તેમની ફરજ પ્રત્યે જાગૃત રહેવા અને હંમેશા શિસ્ત, સંસ્કારોનું પાલન કરવાની શીખામણ આપી હતી. આ અવસરે નિયામક ડૉ. પ્રવીણ કુમારે વિદ્યાર્થીઓને ગુરુકુલની વિવિધ જવાબદારીઓ,જેવી કે ભોજનાલય, રમતનું મેદાન, છાત્રાલય, શાળા હેઠળના વિવિધ કાર્યો માટે શપથ લેવડાવ્યા જેથી તેઓ સોંપેલ કાર્યો અને ફરજો યોગ્ય રીતે નિભાવી શકે. કાર્યક્રમનું સંચાલ સંજીવ આર્યએ કર્યું હતું.

## આવકવેરા વિભાગ આવ્યું હરકતમાં, સુરતમાં એશ્વર્યા ગ્રુપ પર પડ્યા દરોડા

સુરત

લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થતાં જ આવકવેરા વિભાગ હરકતમાં આવ્યું છે. સુરતમાં વહેલી સવારથી જ ટેક્સટાઈલ ગ્રુપ પર આવકવેરા વિભાગ ત્રાટક્યું છે. એશ્વર્યા ગ્રુપ આવકવેરા વિભાગના દરોડા પડ્યાં છે. જેથી ટેક્સટાઈલ ઉદ્યોગમાં ફફડાટનો માહોલ છવાઈ ગયો છે. સુરતમાં ટેક્સટાઈલના મોટા ગણાતા એશ્વર્યા ગ્રુપ પર આવકવેરા ખાતું ત્રાટક્યું છે. એશ્વર્યા ગ્રુપ ઉપર આઈટીના દરોડા પડ્યાં છે. ઓફિસ સહિતના કામકામજના સ્થળો પર દરોડા પડ્યાં છે. એક સાથે બાર જગ્યા પર દરોડા અને સર્વેક્ષણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

NEWS TRACK

## ગાંધીનગર-વેરાવળ ઇન્ટરસિટી એક્સપ્રેસ અને સોમનાથ એક્સપ્રેસના સંચાલન સમયમાં આંશિક ફેરફાર

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોના સમય પાલનમાં વધુ સુધારો કરવા માટે 15 મે 2024થી ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ અને ગાંધીનગર-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનોના આગમન અને પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફારો કરાયા છે જેની વિગતો નીચે મુજબ છે:- 1. ટ્રેન નંબર 22957 ગાંધીનગર કેપિટલ - વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન નિર્ધારિત સમય 21:55 કલાકના સ્થાને 21:45 કલાકે (10 મિનિટ વહેલા) પ્રસ્થાન કરશે અને 22.08/22.10 કલાકે ચાંદલોડિયા બી, 22.56/22.58 કલાકે વિરમગામ અને 05:45 કલાકે વેરાવળ પહોંચશે. 2. ટ્રેન નંબર 19119 ગાંધીનગર કેપિટલ - વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન નિર્ધારિત સમય 10:35 કલાકના સ્થાને 10:30 કલાકે (05 મિનિટ વહેલા) ઉપડશે. અન્ય તમામ સ્ટેશનો પર આગમન અને પ્રસ્થાનનો સમય યથાવત રહેશે. 3. ટ્રેન નંબર 22958 વેરાવળ-ગાંધીનગર સોમનાથ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમયે 21:50 કલાકે પ્રસ્થાન કરશે તથા વિરમગામ 04:21/04:23 કલાકના સ્થાને 04:05/04:07 કલાકે, ચાંદલોડિયા બી 05:10/05:12 કલાકના સ્થાને 04:50/04:52 કલાકે તથા ગાંધીનગર 05:55 કલાકના સ્થાને 05:40 કલાકે પહોંચશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## પાટોત્સવ નિમિત્તે હરે કૃષ્ણ મંદિર ભાડજ દ્વારા સાઉથ બોપલમાં ભવ્ય રથ યાત્રા

અમદાવાદ

હરે કૃષ્ણ મંદિર ભાડજ ના નવમી પાટોત્સવ ની ઉજવવનીના ભાગ રૂપે સાઉથ બોપલ વિસ્તારમાં બુધવાર તા.8 મે 2024 ના રોજ ભગવાન શ્રી શ્રી રાધા માધવ ના ભવ્ય રથ યાત્રા નો આયોજન કરવામાં આવ્યો. ભગવાન શ્રી શ્રી રાધા માધવ ને ખુબ જ સુંદર રેશમી વસ્ત્રો થી શણગાર કરવા માં આવ્યા હતા. ભગવાનના વૈભવ તો દ્રશ્ય જોઈ સર્વે ભક્તો મનમોહિત થઇ ને હરે કૃષ્ણ મહા મંત્ર નું ગાન કરતા હતા. આ રથ યાત્રા પ્રતિવર્ષ ઉજવવા માં આવે છે અને ભાવુકભક્તો માં ખુબ જ ઉત્સાહ જોવામાં મળ્યો. રથ સાથે અનેક ભજન મંડળી, હાથીઓ, ઘોડાઓ, ગરબા રમતી મંડળી સંપૂર્ણ ઉત્સવ ને જગમગ કરી રહી હતી. સંપૂર્ણ રથ યાત્રા દરમિયાન મંદિર દ્વારા આયોજિત પ્રસાદ વેનમાંથી બધા દર્શકો ને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. સ્થાનિક નિવાસીઓએ ભગવાન ની આરતી કરી, તેમને ભિન્ન પ્રકાર ના પુષ્પ,ભોગ અર્પણ કર્યું હતું. બધા ભક્તોએ ભગવાન



શ્રી શ્રી રાધા માધવ ના રથને ખેંચવાનો આ અવસર લઇ ભગવાન ના આશીર્વાદ મેળવ્યા.

દાહોદ લોકસભા બેઠક માટે સંતરામપુરના પ્રથમપુર ગામે 220 નંબરના બુથ ઉપર ફરીથી થશે મતદાન

# મહીસાગર જિલ્લામાં ચૂંટણીમાં બનેલી બુથ કેપ્ચરિંગની ઘટનામાં ચૂંટણી પંચની મોટી કાર્યવાહી

### રાજ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે દાહોદમાં સંતરામપુર વિધાનસભામાં પ્રથમપુર ગામે 11 મે ના રોજ નવેસરથી મતદાન કરવામાં આવશે

જગદીશ ત્રિવેદી-લુણાવાડા

સંતરામપુર વિધાનસભાના પ્રથમપુર ગામે વિજય ભાભોર નો બુથ કેપ્ચરિંગ નો વિડીયો વાયરલ થતાં ઘટનાની ગંભીર નોંધ લઈને કાર્યવાહી કરવામાં આવતા 220 નંબરના બુથ ઉપર ના પ્રિસાઈડિંગ કર્મચારી, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ કર્મચારી અને અન્ય ચાર કર્મચારીઓને ફરજમાંથી બેદરકારી બદલ સસ્પેન્ડ કરી દેવામાં આવેલ છે પ્રથમ પુર ગૂથ ઉપર વિજય ભાભોર નામના ઈસમ દ્વારા ઈવીએમ તો મારા બાપનું છે તેવું જણાવતા ભાજપનેતાના પુત્ર એ બુધ કેપ્ચરિંગ કર્યું હતું અને મતદારોને મતદાન કરવા દેતો ન હતો અને જાતે જ મતદાન કરતો હતો

ઉપરોક્ત બાબતે દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર પ્રભાબેન તાવિયાડ દ્વારા ચૂંટણી પંચની ફરિયાદ કરવામાં આવતા ચૂંટણી પંચ હરકત માં આવી ગયું હતું આ ઘટનામાં પોલીસે વિજય ભાભોર ની ગઈકાલે ધરપકડ કરી હતી અને તેના સાથીદાર ભાજપના બૂથ એજન હતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી અને આગળની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ચૂંટણી પંચ દ્વારા આ સમગ્ર વીડિયોને ગંભીરતાથી તપાસતો તેમાં બુથ કેપ્ચરિંગ હોવાનું બહાર આવવા પામ્યું હતું. ત્યારબાદ ચૂંટણી પંચે આ સમગ્ર ઘટનાની ગંભીરતાથી લઈને ફરીથી 11 મીના રોજ ચૂંટણી કરવાનું જાહેર કરવામાં આવ્યું છે પ્રથમ પૂરના 220 ના બુથ ઉપર ફરીથી ચૂંટણી 11મી ના રોજ યોજવામાં આવશે. આમ દાહોદના સંતરામપુરના પ્રથમપુર મતદાન મથકે મતદાન દરમિયાન બુધ કેપ્ચરિંગ કરવામાં આવ્યું હતું ત્યારબાદ રિપોલ કરવા નિર્દેશ કર્યો હતો ચૂંટણી પંચ દ્વારા 11મી ના રોજ રિપોલ કરવાનું આદેશ કરવામાં આવ્યો છે.

## થર્મલ વિધુત બોર્ડ વિધાલયનું વિજ્ઞાન પ્રવાહનું અને સામાન્ય પ્રવાહનું ઉત્કર્ષ પરીણામ




ખેડા-અશેષ વ્યાસ

9 મેં 2024 ના બોર્ડનુ પરીણામ જાહેર થયુ હતું જેમાં વિજ્ઞાન પ્રવાહ ખેડા જિલ્લા નું 77.68% અને સામાન્ય પ્રવાહનું 87.43 % પરિણામ આવેલ છે જેમાં વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ની વિધુત બોર્ડ વિધાલય નું ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ નું કુલ 71.66 % અને સામાન્ય પ્રવાહનું 98.38 % પરિણામ જાહેર થતાં વણાકબોરી થર્મલ ના ચિફ એન્જીનીયર અને શાળા સંકુલ ના પ્રમુખ શ્રી એચ. આર.મરચન્ટ સાહેબ મંત્રી શ્રી આર.સી.પટેલ સાહેબ તથા પ્રિન્સીપાલ શ્રી ડી.બી.સોલંકી સાહેબે સફળ વિધાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા અને હાઈસ્કૂલ ના શિક્ષકો ને પણ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડાનું ઝળહળતુ પરિણામ

દિપક રાવલ-લીમખેડા

ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ બાર નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સામાન્ય પ્રવાહ નું 95.5 ટકા પરિણામ તેમજ વિજ્ઞાન પ્રવાહ નું 79 ટકા પરિણામ મેળવી સમગ્ર જીલ્લામાં ડંખો વગાડ્યો હતો શાળામાં અભ્યાસ કરતી વિધાર્થીની રાઠી કંગના 93.88 PR સાથે સામાન્ય પ્રવાહ માં પ્રથમ તેમજ નીતિન ભરવાડ 96.53 PR મેળવી વિજ્ઞાન પ્રવાહ માં પ્રથમ ક્રમાંકે રહી શાળાનું નામ રોશન કર્યું હતું ઉતીર્ણ થયેલ તમામ વિધાર્થીઓને સંસ્થાના પ્રમુખ ધનાભાઇ ભરવાડ તેમજ મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા ઉજ્જવળ ભવિષ્ય ની શુભેચ્છા પાઠવી હતી.

## અમરેલી એલ.સી.બી. ટીમને મળી મોટી સફળતા કાર ભાડે રાખીને વેંચી દેતી ગેંગનો કર્યો પર્દાફાશ



અશોક મણવર અમરેલી

ગુજરાત રાજ્યના અલગ અલગ વિસ્તારો માંથી કાર ભાડે રાખીને વેચી દેવાનું કૌભાંડ ઝડપાયું છે ત્યારે 70 થી વધુ કાર ભાડે રાખીને વેચી નાખતા કાર કૌભાંડનો અમરેલી LCB ટીમે પર્દાફાશ કરી ઝડપી લેવા મોટી સફળતા મળી કાર ભાડે રાખી વેચી નાખેલ કાર સાથે ગેંગના 4 શખ્સને અમરેલી LCB ટીમે ઝડપી પાડેલ સુરતના 4 કાર કૌભાંડીઓને અમરેલી LCB ટીમે જડપી 3 કરોડ 76 લાખની કિંમતની 28 કાર કબજે કરી જેમાં સુરત વલસાડ સહિત અનેક જિલ્લાઓ માંથી કાર કૌભાંડીયા 4 આરોપીઓના ગુન્હાહિત ઈતિહાસ સાથે અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમકણ સિંહ સાહેબ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી આ અંગે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું.

# કોંગ્રેસના નેતા સામ પિત્રોડાની ટિપ્પણીના વિરોધમાં નર્મદા બીજેપી એ રાજપીપળામાં પૂતળા દહન કર્યું

ભરત શાહ - રાજપીપળા

તા. ૯ . ભારતીય જનતા પાર્ટી રાજપીપળા શહેર તથા નર્મદા જિલ્લાના કાર્યકરો દ્વારા તારીખ 9/5/2024 ના રોજ કોગ્રેસ ના વરિષ્ઠ નેતા સામ પિત્રોડા એ પૂર્વ ભારતીયો ને ચીની,દક્ષિણ ભારતીય ને આફ્રિકી અને પશ્ચિમ ભારતીયો ને આરબ જેવા બતાવ્યા છે, આ રંગ ભેદ, શરમજનક અને દૂર ભાગ્ય પૂર્ણ ટિપ્પણી છે તેના વિરોધ મા સામ પિત્રોડા ના પૂતળા નું દહન,વિરોધ પ્રદર્શન નો કાર્યક્રમ રાજપીપળા સફેદ ટાવર પાસે રાખવામાં આવ્યો હતો. જેમાં નાંદોદ તાલુકાના તમામ હોદ્દેદારો, જિલ્લાના હોદ્દેદારો,સદસ્યો,મોરચાના હોદ્દેદારો મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.આ



કાર્યક્રમ મા બીજેપી નર્મદા જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ ,તથા લોકલાડીલા ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ ખાસ હાજર રહ્યા હતા.

જોકે બીજેપી કાર્યકરો સામ પિત્રોડા ના પૂતળા નું દહન કરે તે પહેલા જ પોલીસે પૂતળું લઈ લેતા પૂતળા દહન કરી શક્યા ન હતા.

## ચાણસ્મા કે એ.પટેલ નદાસીયા ગર્લ્સ હાઇસ્કુલનું ધો 12.સા.પ્રવાહનું પરિણામ 98,41% આવ્યું

નિતીન ઠાકર ચાણસ્મા

જીનલબેન જાનીએ ધો.૧૨ સા.પ્રવાહમાં 87,14% મેળવ્યા. ગ્રામીણ વિસ્તારની ખેતમજુરની દિકરી મુશ્કાનબેને વગર ટ્યુશને 83,28% મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યું ગ્રુરુવારે ૯મે ના રોજ ધો-૧૨ સાયન્સ અને ધો-૧૨ સા.પ્રવાહનું પરીણામ જાહેર



થયું હતું જેમાં ચાણસ્માની કે એ નદાસીયા ગર્લ્સ હાઈસ્કૂલના ૧૨૬ વિદ્યાર્થીનીઓએ ધો ૧૨ સા પ્રવાહની પરીક્ષા આપી હતી જેમાંથી ૧૨૪ વિદ્યાર્થીનીઓ પાસ થતાં અને ૨ વિદ્યાર્થીનીઓ નાપાસ થતાં કે.એ.નદાસીયા ગર્લ્સ સ્કુલનું પરીણામ 98,41% આવ્યું છે. જેમાં જાની જીનલબેન ભરતભાઈ એ 87,14% મેળવી સ્કૂલનું ગૌરવ વધાર્યું છે. જ્યારે ચાણસ્મા તાલુકાના ખોરસમ ગામના ખેતમજૂરી કરી પરીવારનું પોષણ કરતા હબીબભાઈની પુત્રી મુશ્કાનબેને 83,42% જાતમહેનતથી વગર ટ્યુશને મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

## વિજ કરંટથી ત્રણ નિલગાયના મોત થતાં વનવિભાગે વિજ કરંટ મુકનાર ખેડૂતને 50 હજારનો દંડ ફટકાર્યો

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

લીલીયાના જાત્રોડામા વિજ કરંટથી ૩ નિલગાયના મોત નિપજયા હતા વનવિભાગે વિજ કરંટ મુકનાર ખેડૂતને રૂપિયા ૫૦,૦૦૦ હજાર નો દંડ ફટકાર્યો હતો લીલીયાના જાત્રોડામાં અશોકભાઈ નારણભાઈ ડાવરાએ પોતાની વાડીમાં પાણીના ધોરીયામાં વિજ કરંટ મુકી ૩ નિલગાય નું મોત નિપજાવ્યુ હતું સ્થાનિક આરએફઓ ગલાણીએ તેમની સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી ખેડૂતની પાસેથી રીકવરી પેટે રૂપિયા ૫૦,૦૦૦ હજારનો દંડ વસૂલી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા આ ઉપરાંત વિજ વિભાગને અશોકભાઈની વાડીનું વિજ કનેક્શન રદ કરવા જાણ કરી હતી અંટાળીયા જાત્રોડા, કુષ્ણગઢ વિસ્તારમાં મોટા પ્રમાણમાં સિંહો તથા કાળીયાર સહિતના વન્યપ્રાણીઓ વસવાટ કરે છે. તેવા વિસ્તારમાં નિયમિત ચેકીંગ હાથ ધરવા સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓમાં માંગ ઉઠી છે.

# મહીસાગર જિલ્લામાં અખાત્રીજના દિવસે યોજાનાર લગ્ન સમારંભો પર તંત્રની ચાંપતી નજર

જગદીશ ત્રિવેદી-ખારોલ

મહીસાગર જિલ્લામાં લગ્નસરાની સિઝન ચાલી રહેલી જોવા મળે છે ત્યારે અખાત્રીજ અક્ષય તૃતીયા ના દિવસને લગ્ન માટે શુભ મુહૂર્ત ગણવામાં આવે છે ત્યારે મહીસાગર જિલ્લામાં બાળ લગ્ન ન થાય તે માટે તંત્ર બિલકુલ સજાક બનીને તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જણાવેલ છે. બાળ લગ્નમાં સામેલ થનારા ગોર મહારાજ, રસોઈયા, મંડપ ડેકોરેશન, ડીજે, બેન્ડવાજા વાળા, ફોટોગ્રાફર સહિત તમામ સામે પણ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે આ બાબત બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જણાવેલ છે કે સમૂહ લગ્નમાં આયોજકો તથા વર કન્યા ના માતા પિતા સહિત અન્ય લોકો પણ બાળ લગ્નની મદદગારીમાં સામેલ હોય તો પણ તેમની સામે ગુનો નોંધાય છે. તદુપરાંત બાળ લગ્નની જાણકારી બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી અથવા પોલીસને મળે અને આવા લગ્ન અટકાવવામાં આવે ત્યારે લગ્નનો ખર્ચ ફોગટ જવા પામી છે જેના કારણે લગ્ન કરાવનારની પ્રતિષ્ઠા ને પણ નુકસાન પહોંચે છે માટે લગ્ન નક્કી થાય તે પહેલો જ વર કન્યા ની ઉંમર ની ચકાસણી કરી લેવામાં આવે તો બાળ લગ્નના પ્રશ્નો ઊભા થવા પામતા નથી. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006 મુજબ 21 વર્ષથી નીચેના યુવક તથા 18 વર્ષથી નીચેની યુવતીના લગ્ન કરવા, કરાવવા કે આવા લગ્ન કરાવવા માટે મદદગારીમાં સામેલ થવું એ પણ એક ગુનાની પાત્ર બને છે તથા આ કાયદા હેઠળ બે વર્ષની જેલની સજા તથા એક લાખ રૂપિયા સુધીનું દંડ ઉપરાંત બિનજામીનપત્ર ગુનો બનવા પામે છે જો આવા લગ્ન કરાવવામાં આવે તો વર કન્યાના માતા પિતા, લગ્ન કરાવનાર ગોર મહારાજ, સમૂહ લગ્નના આયોજકો, રસોઈયા, મંડપ સર્વિસ વાળા, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, ડીજે, બેન્ડવાજા વાળા સહિતના બાળ લગ્ન માં મદદગારી કરનાર ઈસમો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં કોઈ પણ જગ્યાએ બાળ લગ્ન જણાઈ આવે તો જનતાને વિનંતી કે મહીસાગર બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી રૂમ નંબર 2, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરી લુણાવાડા, જીલ્લો મહીસાગર, ફોન નંબર 02674-252 968, જિલ્લા બાળ સુરક્ષા એકમ રૂમ નંબર 212, બીજે માળ, જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરી લુણાવાડા, ફોન નંબર 02674-250 531, ચાઈલ્ડ હેલ્પલાઈન 1098, 112, 181 મહિલા હેલ્પલાઈન અભયમ, પોલીસ કંટ્રોલર નંબર 100 ને જાણ કરવા લોકોને અપીલ કરવામાં આવે છે.

## વિધવા મહિલાને અન્ય સાથે પ્રેમ સંબંધ થતા ભાઈએ ઘરમાં રાખવાની ના પાડી તો 181 અભયમ ટીમ મદદરૂપ બની

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લા નાં ગરુડેશ્વર તાલુકા માંથી એક મહિલા નો 181 અભયમ મહીલા હેલ્પ લાઈન ટીમ પર કૉલ આવેલ તેમણે જણાવેલ કે તેમના ભાઈ તેમની બહેન ના બીજા જોડે સબંધ હોવાથી ઘર માંથી નીકળી જવા કહે છે જેથી રાજપીપળા અભયમ ટીમ સ્થળ પર પહોંચી કાઉન્સીલગ્ કરી બહેન ભાઈ નાં ઝગડા નું શાંતિપુર્વક નિવારણ કર્યુ મળતી વિગત અનુસાર પીડીત વિધવા મહિલા એ જણાવ્યું હતું કે તેમના પતિ નાં ગૂજરી ગયાં નાં વીસ વર્ષ થયા મારો અસ્થિર મગજનો મારો એક ૧૬ વર્ષ નો છોકરો છે,મારી ચા અને નાસ્તા ની દુકાન છે તેનાથી ગુજરાન ચલાવું છું, મારા પતિ નાં અવસાન બાદ હું મારા છોકરા ને સાથે લઈ ને પિયર માં રહું મારા પતિ ન રહ્યા બાદ મારા એક ભાઈ સાથે પ્રેમ સબંધ હોવાથી પિયર મા સોળ વર્ષ થી રહી મારા ભાઈ નું કામકાજ તેમજ ઘર ની તમામ સુખ દુઃખ માં સાથ આપુ છું, મારા જે ભાઈ જોડે સંબંધ છે એ મારી ચા નાસ્તા ની દુકાન ચલાવે જેથી અમે સારવાર અને દવા લેવા બરોડા મેન્ટલ હોસ્પિટલ માં જઈ શકીએ, મારા ભાઈ નાં લગ્ન કરવ્યા અને બે મહિના થયા અને મને અલગ જમવાનુ વાસણો કરી આપ્યા તેમજ હવે મને ઘર માં રાખવા નાં પાડે હું મારા છોકરા ને લઈ ને ક્યાં જવું..181 ટીમે આ બાબતે પુછપરછ કરી કાઉન્સેલગ કર્યું.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને ખુર્દા રોડ વચ્ચે ઉનાળુ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

અમદાવાદ : પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરો ની સુવિધા અને તેમની યાત્રાની માંગ ને પુરી કરવાના ઉદેશ્ય થી ઉનાળાની ઋતુ દરમ્યાન અમદાવાદ અને ખુર્દા રોડ વચ્ચે વિશેષ ભાડા પર ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેનો ની વિગતો નીચે મુજબ છે:- ટ્રેન નંબર 09423/09424 અમદાવાદ-ખુર્દા રોડ-ઉધના સ્પેશિયલ (કુલ 8 ટ્રીપ) ટ્રેન નંબર 09423 અમદાવાદ-ખુર્દા રોડ સ્પેશિયલ અમદાવાદથી 15,17,22 અને 29 મે 2024ના રોજ 19.10 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 12.00 કલાકે ખુર્દા રોડ પહોંચશે.તેવી જ રીતે, ટ્રેન નંબર 09424 ખુર્દા રોડ-ઉધના સ્પેશિયલ 17,19,24 અને 31 મે 2024 ના રોજ ખુર્દા રોડથી 16.30 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 01.00 કલાકે ઉધના પહોંચશે. માર્ગમા આ ટ્રેન નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, અકોલા, બડનેરા, વર્ધા, નાગપુર, ગોંદિયા, રાજનંદ ગાંવ, દુર્ગ, રાયપુર, કાંટાબાંજી, ટીંટીલાગઢ, બલાંગીર, હીરાકુંડ, સંબલપુર, રેડાખોલ, અંગુલ, તાલચેર, ઢેંકનાલ અને ભુવનેશ્વર સ્ટેશનો પર બંને દિશાઓ મા રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકંડ ક્લાસ કોચ રહેશે. ટ્રેન નંબર 09423ને વડોદરા, સુરત અને ઉધના સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેન નંબર 09423 નું બુકિંગ 11 મે 2024 થી નિયુક્ત પીઆરએસ કાઉન્ટર અને આઈ આર સી ટી સી ની વેબસાઈટ પર શરુ થશે . ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ પુર્વી રાજયોના લોકોની તુલના ચીન અને દક્ષિણ ભારતીયોની તુલના આફ્રિકા સાથે કરતા ભાજપ પ્રદેશ અધ્યક્ષએ સુરત ખાતે પત્રકાર પરિષદ સંબોધી તેમના નિવેદને વખોડયુ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કોંગ્રેસના નેતા સામ પિત્રોડા વિવાદસ્પદ નિવેદન થકી ચર્ચામા રહેતા હોય છે તેમને ફરી ભારતના ભાગલા પાડતુ એક નિવેદન કરી નવો વિવાદ સર્જયો છે આ અંગે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ સુરત ખાતે પત્રકાર પરિષદ સંબોધી જણાવ્યું કે, સામપિત્રોડાએ તેમના નિવેદન થકી રંગના કારણે પ્રદેશના અલગ અલગ ભાગલા પાડવાનો પ્રયત્ન કર્યો છે. ચૂંટણી સમયે આવા નિવેદન કરી લોકશાહીની પ્રક્રિયાને ડેમજ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ભાગલા પાડો અને રાજ કરો આવી માનસીકતા કોંગ્રેસ અને તેમના નેતાની રહી છે તે આજે જનતા સમક્ષ ફરી ઉજાગર થઇ છે. ભાગલા પાડી કોંગ્રેસને ફાયદો કરવાના મલીન ઈરાદા સાથે તેમનુ આ નિવેદન છે તેના કારણે જનતાની લાગણી દુભાઇ છે, આવા શબ્દો પ્રયોગ કરી દેશના નાગરિકો અને ભાજપના નેતાઓને પણ ઉતારી પાડવાના પ્રયત્નો કોંગ્રેસના અનેક નેતાઓ કરી ચૂક્યા છે.

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ચા વાળા, ચોકીદાર ચોર કહી ઉતારી પાડવાનો પ્રયત્ન કર્યો પણ આજે દેશના નાગરિકોનુ રંગના આધારે વિભાજન કરી અખંડ ભારત સામે મોટો પ્રશ્નાર્થ કરવાનો પ્રયત્ન કર્યો છે કોગ્રેસને ચેતવણી આપુ છું કે ભાજપ કોંગ્રેસના મલીન ઈરાદાને સફળ નહી થવા દે અને કોંગ્રેસ અખંડ ભારતને વિભાજીત કરવાનો પ્રયાસ ન કરે.

આ પ્રેસ કોન્ફરન્સમા સુરત શહેર અધ્યક્ષ નિરંજનભાઈ ઝાંઝમેરા,શહેર મહામંત્રી કિશોરભાઈ બિંદલ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પરેશભાઈ પટેલ તેમજ બીજા ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ધોળકાથી બેઠેલી 30 વર્ષિય મહિલાને 2:30 કલાક બંધક બનાવી રાજસ્થાનના શખસે સરોડા રોડ પર અંતરિયાળ માર્ગ ઉપર જઈ કૃત્ય આચર્યું

# લીફ્ટ માંગી ટ્રકમાં બેઠેલી મહિલા ઉપર ડ્રાઈવરે દૂષ્કર્મ આચર્યાં બાદ દોઢ વર્ષની બાળકીને નીચે ફેકી



(એજન્સી) ધોળકા | તા.09

ધોળકા નજીક હાઈવે પર રાત્રિના અંધકારમાં અમદાવાદ જવા માટે ટ્રકની લીફ્ટ લઈ બેઠેલી એક ગરીબ પરિવારની મહિલા સાથે દૂષ્કૃત્યનો બનાવ બન્યો છે. ટ્રકના ડ્રાઈવરે અમદાવાદ તરફ જવું હોવા છતાં અંદાજે 2:30 કલાક સુધી અલગઅલગ માર્ગો પર લઈ જઈ કેબીનમાં દૂષ્કર્મ આચાર્યા બાદ ધોળકા નજીક મહિલાને ધક્કો મારી ઉતારી દીધી હતી. ત્યારબાદ તેણીની સાથે રહેલી દોઢ વર્ષની બાળકનો છૂટો ઘા કરી ભાગવા જતાં ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું. આ મામલે ધોળકા પોલીસે મહિલા સાથે રેપ અને દોઢ વર્ષની બાળકની હત્યાની કલમ ઉમેરી રાજસ્થાનના શખસને ઝડપી તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

અમદાવાદના ચંદ્રોડા તળાવ આસપાસના વિસ્તારમાં રહેતી 30 વર્ષીય મહિલા ધોળકાના ગાય સર્કલ નજીક પરત ઘરે જવા ઉભી હતી. દરમિયાન તા.6 મેના રોજ 9:30 કલાક આસપાસ ટ્રક નં.GJ 01 CV 5392 આવતાં મહિલાએ લીફ્ટ માંગી હતી. આ ટ્રકમાં સવાર થઈ મહિલા અમદાવાદ જવા ઈચ્છતી હતી છતાં ટ્રકના ડ્રાઈવરે મહિલાની એકલતાનો લાભ લઈ અંધારામાં ટ્રક બીજી તરફ હંકારી મુકી હતી. કોઈ સરોડા રોડ નજીક કોઈ અવાવરૂ સ્થળે લઈ જઈ મહિલાની એકલતાનો લાભ લઈ કેબિન બંધ કરી રાજસ્થાનના ટ્રક ડ્રાઈવર ચરણસીંગ ઉર્ફે શ્રવણ પુલસીંગ ચૌહાણે દૂષ્કર્મ આચર્યુ હતું.

આ ઘટના બાદ મહિલાને કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મહિલા ચૂપચાપ અત્યાચાર સહન કરતી રહી. બાદમાં પ્રતિકાર કરતાં ધોળકા નજીક આર્યવ્રત સોસાયટીથી થોડે દૂર મહિલાને ટ્રક ડ્રાઈવરે ધક્કો મારી ટ્રકમાંથી નીચે ઉતારી દીધી હતી. તો દોઢ વર્ષની બાળકીને માતા તરફ છૂટો ઘા કરી ભાગવા જતાં બાળકી માતાના હાથમાંથી છટકી ટ્રકના ટાયર નીચે કચડતાં મોતને ભેટી હતી.

આ સમગ્ર મામલો ધોળકા પોલીસ મથકે પહોંચતા મહિલાના પરિવાજનો પણ દોડી આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ધોળકામાંથી જ ટ્રક ચાલક ચરણસીંગ ઉર્ફે શ્રવણ પુલસીંગ ચૌહાણ સામે ઈપીકો કલમ 376 (1), 302 અને 506 (2) મુજબ ગુનો નોંધી ઝડપી પાડ્યો છે.

આ અંગે અમદાવાદની રોડવેઝ કંપની અને ટ્રકના માલિકે જણાવ્યું હતું હતું કે, ટ્રક ડ્રાઈવર ચરણસીંગ પરિણીત છે, 1 વર્ષથી ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. 6 મેના રોજ અસલાલીથી પરચુરણ સામાન ભરી ઝાફરાબાદ જવા નીકળ્યો હતો. સામાન્ય રીતે તેની સાથે કંડક્ટર હોય છે.

## ન્યૂઝ કોર્નર

### ઝાડા-ઊલટી બાદ ગોડાદરાની 38 વર્ષીય મહિલાનું મોત

સુરત | ઝાડા ઉલટી બાદ ગોડાદરાની મહિલાનું મોત નિપજ્યું હતું. બે દિવસ ઘર નજીક ક્લિનીકમાં સારવાર લીધા બાદ મહિલાની તબિયત વધુ લથડતા હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે હોસ્પિટલ પહોંચે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. ગોડાદરા આસપાસ નગરમાં રહેતા અજયકુમાર અગ્રહરી ફ્રુટનો ધંધો કરે છે. તેમની 38 વર્ષીય પત્ની નીશાદેવી છેલ્લા બે દિવસથી ઝાડા ઉલટીની બીમારીમાં સપડાયા હતા. ઘર નજીકના ક્લિનીકમાંથી તેઓ બે દિવસથી સારવાર લઈ રહ્યા હતા. બુધવારે તેમની તબિયત વધુ લથડી ગઈ હતી અને તેઓ બેભાન થઈ જતા સારવાર માટે તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

### ખોટા ડેટા અપલોડ કરનારા 4 આર્કિટેક્ટને નોટિસ ફટકારાઈ

સુરત | ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સીસ્ટમ (ODPS) અંતર્ગત ટેક્નિકલ અને માલિકી સંબંધી, ઈરાદાપૂર્વક કે બેદરકારીથી ખોટી માહિતી સિસ્ટમ પર અપલોડ કરનારા ચાર આર્કિટેક્ટોને પાલિકાના મધ્યસ્થ શહેર વિકાસ વિભાગે શો-કોઝ નોટિસ ફટકારી છે. સિસ્ટમમાં અપલોડ કરાતાં પ્લાનના ડેટાની ખરાઈ કરવાની સંપૂર્ણ જવાબદારી આર્કિટેક્ટની જ રહે છે. કોઈ પણ માપ કે ક્ષેત્રફળના આધારે GDCRની જાગવાઈ મુજબ સિસ્ટમ ઓનલાઈન પ્લાનને મંજૂરી આપે છે. આ સિસ્ટમમાં અપલોડ કરેલા ડેટાની ખરાઈ તથા અન્ય નિયમોને આધિન મેન્યુઅલી સ્કૂટિની દરમિયાન ઓનલાઈન મંજૂર થયેલી ફાઈલો નામંજૂર પણ થાય છે. તાજેતરમાં જ ઓનલાઈન મંજૂર વિકાસ પરવાનગીની અરજીમાં વિભાગ દ્વારા મેન્યુઅલી પ્લાનની ચકાસણી દરમિયાન 4 ફાઈલોમાં સીઓપીમાં માપ, માલિકીના ખોટા નામ વગેરેમાં ઓનલાઈન અને ઓફલાઈન (મેન્યુઅલી) ડેટા ચકાસણી વખતે વિસંગતતા મળી હતી.

# ગુજરાતમાં સુરતીઓનો ડંકો...

## ધો.12માં સાયન્સનું 85.56 અને સામાન્ય પ્રવાહનું 93.38 ટકા પરિણામ, 328 વિદ્યાર્થીએ A1 તો 1,844એ A2 ગ્રેડ મેળવ્યો

(એજન્સી) સુરત | તા.09

માર્ચ અને એપ્રિલ મહિનામાં લેવાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાનું આજરોજ 9 મેએ પરિણામ જાહેર થયું છે. આ વર્ષે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના પરિણામ સાથે જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં સુરતનું ધોરણ 12 સાયન્સ પ્રવાહનું 85.56 અને સામાન્ય પ્રવાહનું 93.38 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 12 સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં પણ સુરતે A1 અને A2માં ડંકો વગાડ્યો છે. ગુજરાતમાં સૌથી વધુ સુરતમાં A1ના 328 વિદ્યાર્થી અને A2માં 4382 વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ 12 સાયન્સનું સુરત જિલ્લાનું 85.56 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં 328 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. આ સાથે 1844 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો છે, જે ગુજરાતમાં સૌથી વધુ છે. આ સાથે જ B1માં પણ 2931 અને B2માં 2994 વિદ્યાર્થીએ સૌથી વધુ ગ્રેડ મેળવ્યા છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહનું સુરત જિલ્લાનું 93.38 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતમાં સૌથી વધુ સુરતના A1 ગ્રેડમાં 1703 વિદ્યાર્થી અને A2 ગ્રેડમાં 7203 વિદ્યાર્થીએ બાજી મારી છે. આ સાથે B1માં 9844, B2માં 10,013 વિદ્યાર્થી છે.

ધોરણ 12 સાયન્સની વિદ્યાર્થિની હિમાંશી સખવાલાએ જણાવ્યું હતું કે, મારે 95.14 ટકા અને 99.16 PR આવ્યા છે. દિવસના આઠથી નવ કલાકની મહેનત હતી. મારે આગળ હવે ડેટા સાયન્સ (AI) કરવાનું છે. મારાં માતા-પિતા બન્ને 10 પાસ છે અને રત્ન કલાકાર છે. વધુમાં કોમર્સની વિદ્યાર્થિની બાવળિયા જેંસીએ જણાવ્યું હતું કે, મારે 92 ટકા અને 99.44 PR આવ્યા છે. માને હવે આગળ BBA કરીને બેંકિંગ કરવાની ઈચ્છા છે. માતા 9 ભણેલાં છે અને પિતા સંજયભાઈ 10 ભણેલા છે. તેઓ એમ્બ્રોઈડરીનું કામ કરે છે.



### ગત વર્ષ કરતાં 20.21 ટકા પરિણામ વધુ

ધોરણ 12 સામાન્ય પ્રવાહનું સુરત જિલ્લાનું 73.17 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં સૌથી વધુ સુરતના A1માં 643 અને A2માં 4382 વિદ્યાર્થીઓએ બાજી મારી છે. આ સાથે B1માં 7521, B2માં 8995, C1માં 8128, C2માં 3813, Dમાં 255 અને Eમાં 2 વિદ્યાર્થી હતા. ગત વર્ષ કરતાં આ વર્ષે પરિણામ 20.21 ટકા જેટલું વધુ આવ્યું છે.

### સાયન્સમાં 15,866-સામાન્યમાં 42,258એ પરીક્ષા આપી

ગત માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ 12 સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 12 સામાન્ય અને સામાન્ય પ્રવાહની પરીક્ષા માર્ચ મહિનામાં લેવામાં આવી હતી. સુરત શહેર જિલ્લામાં સાયન્સ પ્રવાહમાં 15,866 વિદ્યાર્થી અને સામાન્ય પ્રવાહના 38,551 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. બંને પરીક્ષાના બોર્ડનાં પરિણામો સાથે જાહેર કરવામાં આવ્યાં છે.

### SOGએ વેશપલટો કરી આરોપીને પકડ્યા...

# 1 કરોડના MD ડ્રગ્સ કેસમાં મુંબઇના 2 સપ્લાયર સહિત 5 ઝડપાયા, ત્રણને 3 દિવસના રિમાન્ડ

(એજન્સી) સુરત | તા.09



અઠવાડિયા પૂર્વે લાલગેટ પોલીસની હદમાંથી એસઓજીએ એક કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું. જેમાં ડ્રગ્સ માફિયા મોહંમદ કાસીફ ઉર્ફે પસીના શેખને યુપીથી પકડી પાડ્યો હતો. ત્યાર બાદ મુંબઈના 2 ડ્રગ્સ સપ્લાયર અને લાલગેટ વિસ્તારમાંથી 3 પેડલર સહિત કુલ 5 આરોપીને એસઓજીએ વેશપલ્ટો કરી ઝડપી પાડ્યા છે.

સૂત્રધાર કાસીફ મુંબઈના આસીફ બાવાને એમડીનો ઓર્ડર આપતો હતો. ફયાઝ, સાહીદ અને વોન્ટેડ શહેબાજને મુંબઈ એમડી લેવા કાસીફ મોકલતો હતો. કાસીફ એક ટ્રીપના 15થી 20 હજાર આપતો હતો. ઉસ્માન છુટકમાં એમડી વેચતો. કાસીફ સલાબતપુરા, લાલગેટ, રાંદેર અને ચોકના 50થી પેડલરોને એમડી સપ્લાય કરતો હતો. સાહીલ, ફયાઝ અને મન્સુરને કોર્ટમાં રજૂ કરી પોલીસે 14 દિવસના રિમાન્ડ માંગતા બચાવ પક્ષે એડવોકેટ જફર બેલાવાલાની દલીલો બાદ કોર્ટે આગામી 11 મે સુધીના રિમાન્ડ આપ્યા હતા. અન્ય 2ને ગુરુવારે કોર્ટમાં રજૂ કરાશે.

એક કિલો એમડીમાંથી 50 ગ્રામ મન્સુર મલેકને કાસીફ વેચવાનો હતો. મન્સુર ઓળખીતા ગ્રાહકોને વોટસએપ કોલ કરી પન્ની કહીને એમડી આપતો હતો. દર મહિને મન્સુર 150 ગ્રામ એમડી શહેરના પોશ વિસ્તારમાં વેચાણ કરતો હતો. લાઈટફીટીંગનું કામ કરતા મન્સુરે શોટકર્ટમાં રૂપિયા કમાવવામાં એમડીનો ધંધો છેલ્લા ઘણા વર્ષોથી કરે છે.

સ્પાસ્મો પ્રોકસીવોન કેપસુલ, આલ્પ્રાઝોલમ સહિત બીજી અનેક નશીલી દવાઓ કેટલાક મેડિકલ સ્ટોર પર ડ્રગ્સ માફીયા લેવા જતા ત્યારે કોડવર્ડમાં ‘બટન’ કહેતા હતા. ડ્રગ્સ માફીયા લિંબાયત, ડિંડોલી, રાંદેર, સચીન જીઆઈડીસી, પાંડેસરા, અમરોલી, ગોડાદરામાં કેટલાક મેડિકલ સ્ટોર પરથી આવી નશાકારક દવાઓ લાવી એમડીમાં નાખી વેચાણ કરતા હતા.

# ગઢડાના રસનાળ ગામે એક શખ્સે 50 વર્ષીય આધેડને છરીના ઘા ઝીંક્યા

બોટાદ | ગઢડા તાલુકાના રસનાળ ગામે વાડી વિસ્તારમાં બે શખ્સો વચ્ચે બોલાચાલી થતા 50 વર્ષિય આધેડને છરીના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ થતાં ભોગ બનનારને તાત્કાલિક સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન આધેડનું મોત થતા બોલાચાલી હત્યામાં પરિણમી હતી. જ્યારે ઘટનાસ્થળે ઢસા પોલીસે પહોંચી તપાસ હાથ ધરી હતી. જમીનના મામલે ઝઘડો થયો હોવાનું પ્રાથમિક માહિતી સામે આવી છે, પરંતુ સાચું કારણ પોલીસ તપાસ બાદ જ બહાર આવશે. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રસનાળ ગામેઆજે બપોરના સમયે રસનાળ ગામના વાડી વિસ્તારમાં ગામના અશોકભાઈ ઘુસાભાઈ સોજીત્રા અને જીતુભાઈ મગનભાઈ પાચાણી વચ્ચે ઝગડો થયો હતો. તે દરમિયાન જીતુભાઈ પાચાણીએ ઉગ્ર બની અશોકભાઈ સોજીત્રાને છરીના ઘા ઝીંકી દેતા અશોકભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્ત અશોકભાઈને તાત્કાલિક સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યા સારવાર દરમિયાન અશોકભાઈનું મૃત્યું નીપજતા ઝઘડો હત્યામાં પરિણમ્યો હતો.

# અમરેલી ફ્રુટ માર્કેટમાં કેસર કેરીનો 20 કિલોનો ભાવ રૂા.2200 રહ્યો

(એજન્સી) અમરેલી | તા.09

અમરેલીમાં ફ્રુટ માર્કેટમાં છેલ્લા એક સપ્તાહમાં કેસર કેરીની આવક ડબલ થઈ છે. અગાઉ દિવસમાં 20 થી 25 ક્વિન્ટલ આવક થતી હતી. પરંતુ અત્યારે પ્રતિ દિન 40 થી 45 ક્વિન્ટલ આવક નોંધાઈ રહી છે. ફ્રુટ માર્કેટમાં કેસર કેરીનો 20 કિલોનો સરેરાશ ભાવ રૂપિયા 2200 રહ્યો હતો. ચાલુ વર્ષે માર્કેટમાં કેસર કેરીની આવક બજારમાં મોડી થઈ હતી. પરંતુ હવે માર્કેટમાં સ્થાનિક કેસર કેરીની આવક વધી રહી છે. ત્યારે અમરેલીમાં ફ્રુટ બજારમાં કેસર એક સપ્તાહ અગાઉ 20 થી 25 ક્વિન્ટલ કેસર કેરીની આવક થતી હતી. અહીં 20 કિલોનો રૂપિયા 1200 થી 2900 સુધી ભાવ મળતો હતો. જેમાં સરેરાશ ખેડૂતોને રૂપિયા 2500નો ભાવ મળતો હતો.આ આવક ડબલ થય છે. અત્યારની સ્થિતિએ ફ્રુટ માર્કેટમાં 40 થી 45 ક્વિન્ટલ કેસર કેરીની આવક થઈ રહી છે. 20 કિલોનો રૂપિયા 1200 થી 2600 સુધી ભાવ મળી રહ્યો છે. જો કે સરેરાશ ખેડૂતોને રૂપિયા 2200 મળી રહ્યા છે. હજુ આગામી દિવસોમાં બજારમાં કેસર કેરીની આવક વધશે.



# ધરમપુરી ગામ નજીક કાર ટ્રકની સાથે અથડાતાં કારમાં સવાર યુવતીનું મોત

(એજન્સી) ડભોઇ | તા.09

ડભોઈની યુવતી કરનાળી કુબેર ભંડારી મંદિરે દર્શન કરી મિત્ર સાથે સ્કોર્પિયો કારમાં ડભોઇ પરત આવી રહી હતી. ત્યારે ડભોઇ ધરમપુરી ગામ નજીક વળાંક પાસે સ્કોર્પિયો કાર ચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતાં રોડની બીજી સાઈડ ઊભેલી હાઈવા ટ્રકમાં ધડાકાભેર અથાડતાં ડભોઈની યુવતીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. તો કાર ચાલકને પગના ભાગે ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે લઈ જવાયો હતો.



ડભોઇ ઝારોલા વાગા વિસ્તારમાં રહેતી યુવતી કેયૂરી રાજુભાઈ ધોબી તેના મિત્ર મયુરધ્વજસિંહ હરેન્દ્રસિંહ માટેડિયા સાથે તાલુકાના કરનાળી ગામે કુબેર ભંડારી ખાતે બુધવારની અમાસ હોઈ દર્શને ગયા હતા. તે સ્કોર્પિયો કારમાં પરત ફરી રહ્યા હતા, ત્યારે ડભોઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ ઉપર ધરમપુરી ગામ નજીક ચાલકે સ્ટિયરિંગ ઉપર કાબૂ ગુમાવતાં કાર રોડની બીજી સાઈડ પર ઉભી રહેલી હાઈવા ટ્રકમાં ધડાકાભેર અથડાઈ હતી. આ ઘટનામાં કેયુરી ધોબીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે ચાલક યુવકને પગના ભાગે ગંભીર ઈજા થતાં તેને વડોદરા સારવાર અર્થે લઈ જવાયો હતો. સમગ્ર ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે આવી કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહના પીએમ અર્થેની કામગીરી હાથ ધરી હતી.

# ડભોઇના 25 ગામના હોજ જાળવણીના અભાવે નકામા

(એજન્સી) ડભોઇ | તા.08



ડભોઈ તાલુકાના 25થી 30 ગામોમાં હોજ બનાવવામાં આવ્યા છે. તેની જાળવણી ના થતાં હાલ કન્ડમ હાલતમાં છે.

સરકારની યોજનાઓ હાલ તો પાણીમાં જાય એવું લાગી રહ્યું છે. ડભોઈ તાલુકામાં ઉનાળામાં પશુઓ પાણી પીવે એ માટે હોજ બનાવવામાં આવ્યા છે. ઉનાળામાં જ્યારે પાણીની કટોકટી હોય તે વખતે પશુઓને પીવા માટે ઓવારા બનાવવામાં આવે છે. હોજમાં કોઈ નળ કનેક્શન પણ આપવામાં આવ્યા નથી. જેની લાખો રૂપિયાની ગ્રાન્ટ વ્યર્થ જઈ રહી છે. ગરમીમાંથી ગોચરમાં આવતા પશુ પાણી વગર રહે છે. ડભોઈ તાલુકાના 20 થી 25 ગામોમાં હોજ બનાવવામાં આવ્યા છે. જેમાં ગંદો કચરો થઈ ગયો છે. હાલ સરકારની યોજનાઓ પાણીમાં જતી હોય એવું લાગી રહ્યું છે. ખેડૂતો પોતાના પશુને પીવાના પાણી મળે અને હોજમાં વહેલી તકે નળ કનેક્શન કરાય તેવી ખેડૂતોની માંગ ઉઠી છે. પંચાયતના અધિકારીઓ ધ્યાન રાખે તો આ રીતે સરકારી યોજનાઓ નિષ્ફળ ના જાય. વહેલી તકે સત્તાધીશો જાગે અને હોજમાં નળ કનેક્શન લગાવે તેમજ કચરો સાફ કરાવે તે જરૂરી બન્યું છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### પુણામાં ઓવરટેક કરવામાં બાઇક સ્લિપ થતાં વેપારી ટ્રક નીચે કચડાયો

સુરત | ગોડાદરા શામળાધામ સોસાયટી ખાતે રહેતા 32 વર્ષીય પ્રહલાદસિંહ સોલંકીની બોમ્બે માર્કેટમાં સાડીની દુકાન હતી.. બુધવારે સવારે તેઓ બાઈક પર તેમના મિત્ર સાથે પુણા એપેક્ષ હોસ્પિટલની સામેથી પસાર થતા હતા. દરમ્યાન ટેમ્પોને ઓવરટેક કરવા જતા બાઈક સ્લીપ થતા બાજુમાંથી પસાર થતા ટ્રકના પાછળના વ્હીલમાં કચડાઈ જતા તેમનું ઘટના સ્થળે જ અરેરાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલા મિત્રને સામાન્ય ઈજા થઈ હતી. બનાવની જાણ થતા પુણા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાલ શરૂ કરી હતી.

### વરાછામાં દીવાલ પડતાં 10 બાઇક દબાઈ, JCBની મદદ લેવી પડી

સુરત | વરાછા સવાણી એસ્ટેટમાં બુધવારે બપોરે દીવાલ નમી પડતાં નજીકમાં પાર્ક કરેલી 10 બાઈક દબાઈ ગઈ હતી. આ ઘટના બાદ સ્થાનિકોએ ફાયરબ્રિગેડની મદદ લેવાની જગ્યાએ ખાનગી જેસીબી મંગાવીને નમી ગયેલી દીવાલ ખસેડી વાહનો બહાર કાઢી લીધાં હતાં. આ કંપાઉન્ડ વોલની નજીક જ રત્નકલાકારોએ ટુ વ્હીલર પાર્ક કર્યાં હતાં. દીવાલ નમી પડતા કેટલાક વાહનોમાં નુકસાન થયું હતું. જો કે, બનાવની જાણ ફાયરને કરાઈ ન હતી અને જેસીબી મંગાવીને દીવાલનો કાટમાળ ખસેડીને વાહનો કાઢી લેવામાં આવ્યા હતા.

### પ્રેમમાં પાગલ પ્રેમીને અભયમે સબક શીખવાડ્યો

# પીડિતાને ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી પીડિતાને માનસિક ત્રાસ આપતો

(એજન્સી) વડોદરા | તા.09

વડોદરામાં મહિલાઓ, યુવતીઓ અને સિનિયર સિટીઝન માટે અભયમ 181 હેલ્પલાઈન હંમેશા કાર્યરત હોય છે ત્યારે અવારનવાર મદદ માટે કોલ મળતા હોય છે. હાલ શહેરના છાણી વિસ્તારમાંથી પીડિત યુવતીનો કોલ મળ્યો હતો. એક વર્ષના પ્રેમ સંબંધ બાદ બ્રેકઅપ થતાં પ્રેમી પોતાના ઘરની આગળ આવી હેરાન કરતો હતો. ફોટો અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપતા આખરે પીડિતાએ અભયમની મદદ લીધી હતી અને પ્રેમીને પાઠ ભણાવ્યો હતો.

વડોદરાના છાણી વિસ્તારમાંથી અભયમને પીડિતાનો કોલ આવ્યો અને જણાવ્યું કે, હું એક વર્ષથી પ્રેમ સંબંધમાં હતી. પ્રેમીને સંબંધ આગળ વધારવા માટેની ના કહી દેતા ફોટો અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી અને રાતે મારા ઘર આગળ આવીને ઉભો રહી જાય છે. જેથી, મારી સોસાયટીના લોકો પણ મને ખરાબ નજરથી જુએ છે. મારી મદદ કરો. અભયમની ટીમ પીડિત યુવતીનું કાઉન્સિલિંગ કરતા જાણવા મળ્યું કે, પીડિતા એક વર્ષથી એક છોકરા જોડે પ્રેમ સંબંધમાં હતી. તેણી કોલેજ જતી તો પણ પ્રેમી તેને કોલ કરીને હેરાન કરતો અને જો કોલ રિસીવ ન કરે તો એવું કહેતો કે, તુ બીજા કોઈ સાથે ગઈ હશે. તુ કોલેજે ભણવા જતી નથી. આવું કહીને તેને માનસિક ત્રાસ આપતો. ફક્ત આટલું જ નહી જો તેણી તેના કોઈ મિત્ર સાથે વાત કરતી તો તેને પણ મારતો અને પીડિતાને પણ મારતો હતો. મારા કોલેજમાં મારી કંઈ પણ ઈજ્જત નથી રાખી અને મને એવું જ કહે છે કે, તારે કોઈ ફ્રેન્ડ રાખવાના નહીં અને એકલું જ રહેવાનું. થોડી-થોડી વાતે મારા પર શંકા કરીને બસ મારપીટ કરે છે.

### ઉપલેટામાં તબેલામાં ઘૂસી વાછરડીનું મારણ કર્યું, દીપડો માનવભક્ષી બને તે પહેલાં પાંજરે પૂરવા ખેડૂતોની માગ

# કેળના ખેતરમાં આરામ ફરમાવતા દીપડાનાં દૃશ્યો

(એજન્સી) રાજકોટ | | તા.09

રાજકોટના ઉપલેટામાં કોબાની ગારી તરીકે ઓળખાતા ભાદર નદીકાંઠે આવેલ ખેતરમાં 7 મેની મંગળવારની રાત્રિએ દીપડાએ વિક્રમભાઈ બારૈયાના ખેતરમાં આવેલ તબેલામાં રહેલ વાછરડીને પોતાનો શિકાર બનાવી મારણ કર્યું હતું. આ બનાવ બન્યા બાદ રાત્રે બાજુમાં વિજયભાઈ ડેરના આવેલ કેળના ખેતરમાં રાત્રે દીપડો આરામ ફરમાવતો હોઈ તેવા દૃશ્યો ખેડૂતોએ કેમેરામાં કેદ કર્યા છે. ત્યારે આ વિસ્તારમાં દીપડાના આતંકથી વિસ્તારના ખેડૂતો, પર પ્રાંતિય મજૂરો સહિતનાઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સાથે જ દીપડાને તાત્કાલિક પાંજરે પૂરવા ખેડૂતોમાં માગ ઉઠી છે.

ખેડૂતોના કહેવા મુજબ, મંગળવારે અહીંયા ખેતરમાં નાની વાછરડાનું મારણ થયું હતું, ત્યારે એ સમયે કોને હુમલો કરીને શિકાર બનાવ્યો તે સ્પષ્ટ ના હતું. પરંતુ આ બનાવની બીજી રાત્રિએ બાજુમાં આવેલ કેળના ખેતરમાં દીપડો



આરામ ફરમાવતો હોઈ તેવા દૃશ્યો દેખાતા કેમેરામાં કેદ કર્યા હતા. ત્યારે આ દીપડાને વહેલી તકે પાંજરે પુરીના ખેડૂતોને ભયમુક્ત કરવામાં આવે તેવી માંગ છે.

બનાવને પગલે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડિયા બનાવના સ્થળે દોડી આવ્યા હતા અને વન વિભાગને તાત્કાલિક ટેલીફોનીક જાણ કરી હતી. આ સાથે આ વિસ્તારના ખેડૂતો, પરપ્રાંતિય ખેત મજૂરોને પણ સતર્ક રહેવા જણાવ્યું છે. કારણ કે, અહીંયા ખેડૂતો અને ખેતમજૂરી કરતા લોકો અને તેમના બાળકો અહીંયા રહે છે. ત્યારે તે લોકો આ દીપડાનો શિકાર ન બને કે દીપડો વધુ આક્રમક અને માનવભક્ષી બને તે પહેલા અહીંયા પાંજરા મુકવાની માગ કરવામાં આવી રહી છે.

ફોરેસ્ટ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, દીપડાની મૂવમેન્ટ બાબતને લઈને ફોરેસ્ટ વિભાગ તરફથી પાંજરૂ મુકવા માટેની તજવીજ શરુ કરી દેવામાં આવી છે. વન વિભાગના જણાવ્યા મુજબ દીપડાએ કોઈ નિશ્ચિત સ્થાન ધરાવતા પ્રાણીમાં નથી હોતું. કારણ કે, તેઓ થોડા સમયની અંદર પોતાની જગ્યા અને સ્થાન બદલી નાખે છે અને આ મામલે તંત્ર પાસે પણ એમનું લોકેશન હોતું નથી. જે માહિતી મળે છે તે લોકોના મધ્યમથી મળતી હોય છે. ત્યારે આ મામલે પાંજરૂ મૂકી આગળની કાર્યવાહી કરવા માટેની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# આંકલાવના કાંઠાગાળામાં ક્ષત્રિય સમાજનો દબદબો, ક્ષત્રિય મતો નિર્ણાયક રહેશે

(એજન્સી) આણંદ | તા.09

આણંદ લોકસભાની બેઠક માટે ગત રોજ યોજાયેલ મતદાન પ્રક્રિયામાં ૬૫.૦૪ ટકા મતદાન નોંધાયું હતું. જેમાં કોંગ્રેસનો ગઢ ગણાતી આંકલાવ વિધાનસભા મત વિસ્તારમાં સૌથી વધુ ૭૦.૭૨ ટકા મતદાન નોંધાયું છે. સાથે સાથે બોરસદ વિધાનસભામાં ૬૪.૪૨, પેટલાદ વિધાનસભામાં ૬૭.૧૬ અને સોજિત્રા વિધાનસભામાં ૬૫.૧૪ ટકા મતદાન નોંધાયું છે.કોંગ્રેસનો ગઢ ગણાતી આણંદ બેઠક ઉપર વર્ષ ૨૦૧૪થી ભાજપનું પલ્લું ભારે રહ્યું છે. વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસના ઉમેદવાર ભરતસિંહ સોલંકી સામે ભાજપના ઉમેદવાર દિલીપભાઈ મણીભાઈ પટેલ ૬૩,૪૨૬ મતોની સરસાઈથી વિજેતા થયા હતા .અને મોદી લહેર દિલીપભાઈને ફળી હતી. તેવી જ રીતે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે મિતેષભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. તેઓની સામે કોંગ્રેસમાંથી પુનઃ એકવાર ભરતભાઈ સોલંકીએ ઝંપલાવ્યું હતું જો કે આશ્ચર્ય વચ્ચે મિતેષભાઈ પટેલને પણ મોદી લહેર ફળતા ૧.૯૭ લાખના મતોની જંગી સરસાઈથી તેઓ આણંદના સાંસદ પદે ચૂંટાયા હતા. ચાલુ વર્ષે ૨૦૨૪માં ભાજપે પુનઃ એકવાર સિટીંગ સાંસદ મિતેષ પટેલ ઉપર પસંદગી ઉતારી હતી તેઓની સામે કોંગ્રેસમાંથી અમિત ચાવડાને ટિકીટ ફાળવવામાં આવી હતી. જો કે પુરષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિષે વિવાદાસ્પદ નિવેદન બાદ આણંદ જિલ્લામાં ઠેર ઠેર ક્ષત્રિય સમાજના લોકો દ્વારા ભાજપનો વિરોધ કરવામાં આવ્યો હતો.

## ન્યુઝ ફ્લેશ

### મારુવાડા ગામે અજાણ્યા વાહનની અડફેટે બાઇક ચાલકનું મોત

લુણાવાડા | મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના મારુવાડા ગામે અજાણ્યા વાહનની અડફેટે મોટરસાયકલ ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું. મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના બેણદા ગામે રહેતા કોયાભાઈ ભલાભાઈ વાઘેલા કડાણા જી.ઈ.બી.માં લાઈનમેન તરીકે નોકરી કરતા હતા. તા.૬/૫/૨૪ ના રોજ તેમની મોટરસાયકલ લઈ કડાણા નોકરી ઉપર આવેલા હતા.તે બાદ તેમના છોકરા માનસિંગભાઈ કોયાભાઈ વાઘેલાને તેમના કાકાના છોકરા પ્રકાશભાઈ લાલસીંગભાઈ વાઘેલાએ ફોન કરીને જણાવ્યું હતું કે તેમના મામાએ તેમને ફોન કરી જણાવ્યું હતું કે કોયાભાઈ કડાણાથી છૂટીને ઘરે આવતા હતા.

### સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવતા ડિવાઇડર અને ટ્રક સાથે અથડાતા મહિલાનું મોત

ડભોઇ | ડભોઇ તાલુકાના ધરમપુરી ગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં મહિલાનું મોત થયું હતું.પતિ-પત્ની અમાસ ભરવા માટે શ્રી કુબેરેશ્વર મંદિરે કરનારી ખાતે દર્શન કરી પરત આવતા અકસ્માત સર્જાયો હતો. ડભોઇ ખાતે ઝારોલવાગા પાસે રહેતા યશ રાજુભાઈ ધોબી અને તેઓની પત્ની અમાસ હોવાથી તાલુકાના કરનાળી ગામે આવેલા કુબેર ભંડારી દાદાના દર્શન કરી પરત ડભોઇ ફરતા દરમિયાન ધરમપુરી વળાંક પાસે પોતાની ગાડીના ચાલકે સ્ટિયરીંગ સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા રોડ વચ્ચે આવેલા ડિવાઈડર સાથે ગાડી અથડઈને ડિવાઈડર કુદાડી સામેની સાઈડ રોડને નીચે પાર્ક કરેલી ટ્રક સાથે અથડાતાં મહિલાને શરીર ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું .

### ડીસાના સરદાર બાગ સર્કલ પર ટ્રાફિકજામ, અડધો કલાક સુધી ચાલકો અકળાયા

ડીસા| ડીસા શહેરના હાર્દ સમા સરદાર બાગ વિસ્તારમાં ટ્રાફિકજામની લગભગ રોજિંદી બની ગયેલી સમસ્યા વાહનચાલકોને અકળાવી રહી છે. બુધવારે પણ સરદારબાગ વિસ્તારમાં સવારે ટ્રાફીકજામ થઈ જતાં સતત અડધો કલાક સુધી ટ્રાફિકમાં ફસાયેલા વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ હતી. બગીચા વિસ્તારમાં ટ્રાફીકજામ થાય ત્યારે પાલનપુર કે પાટણ તરફથી આવતાં વાહનો સાથે ડીસા બહાર જતાં વાહનો પણ અટવાઈ જાય છે અને વાહન ચાલકોને ખરા તાપમાં ગરમીમાં શેકાવું પડે છે. બુધવારે પણ બગીચા વિસ્તારમાં ટ્રાફીકજામ થતાં અડધો કલાક સુધી વાહનો અટવાઈ પડતાં જે તે વાહનમાં બેઠેલાં મુસાફરો રીતસર અકળાઈ ઉઠ્યા હતાં. ખાસ કરીને એસ ટી બસોમાં બેઠેલાં મુસાફરોની હાલત કફોડી બની ગઈ હતી. ઉલ્લેખનીય છે કે ડીસાના સરદાર બાગ વિસ્તારમાં ટ્રાફિકજામની સમસ્યા માત્ર વાહનચાલકો જ નહિ, ફરજ પરના ટીઆરબી જવાનોને પણ પરસેવો પડાવે છે.

### મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરાઈ

# કોળિયાકના દરિયામાં ડૂબેલા યુવાનનો મૃતદેહ મળી આવ્યો

(એજન્સી) ભાવનગર | તા.09



શહેરના ખેડૂતવાસ વિસ્તારના છ મિત્રો મંગળવારે કોળિયાક ફરવા માટે ગયા હતા. તે દરમિયાન બપોરના સમયે ચાર મિત્રો દરિયામાં નહાવા પડતા એકાએક વળતા પાણી સાથે ત્રણ મિત્ર દરિયામાં ડૂબવા લાગતા બે યુવાનોને બહાર ખેંચી લેવાતા આબાદ બચાવ થયો હતો. જ્યારે એક યુવાન દરિયાના પાણીમાં તણાઈ જતાં તેની ભારે શોધખોળ બાદ આજે સવારે મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં ભારે અરેરાટી છવાઈ જવા પામી હતી.

સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં આવેલા બુધ્ધદેવ સર્કલ પાસે, શાકમાર્કેટ વિસ્તારમાં રહેતા છ મિત્રો મંગળવારે બપોરના સમયે કોળિયાક ફરવા માટે ગયા હતા. તે દરમિયાન બપોરના સાડા ત્રણ વાગ્યા આસપાસ ચાર મિત્રો દરિયામાં નહાવા પડયા હતા. ત્યારે વળતા પાણીના પ્રવાહ સાથે ત્રણ મિત્રો ડૂબવા લાગતા સંતોષભાઈ ઉર્ફે ઝુમરુ અને રોહિતભાઈ ઉર્ફે બાવુને અન્ય મિત્રોએ પાણીમાંથી ખેંચી બહાર કાઢી બન્નેનો જીવ બચાવ્યો હતો. જ્યારે અન્ય યુવાન નિતેશભાઈ ઉર્ફે હિતેશભાઈ દિલીપભાઈ રાઠોડ (ઉં.વ.૨૫) ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોડી સાંજ સુધી તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા ભાવનગર મરિન પોલીસનો સ્ટાફ અને ફાયર ટીમ કોળિયાક દોડી ગઈ હતી. તો બીજી તરફ ખેડૂતવાસમાંથી મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા અને યુવાનની ભાળ મેળવા ફાયર ટીમ અને સ્થાનિક તરવૈયાઓએ દરિયોમાં જંપલાવી શોધખોળ હાથ ધરી હતી. પરંતુ મોડી રાત્રિ સુધી યુવાનનો કોઈ પત્તો લાગવા પામ્યો ન હતો.

દરમિયાન આજે સવારથી સ્થાનિક તરવૈયાઓ તેમજ મરિન સ્ટાફ દ્વારા યુવાનની શોધખોળ શરૂ કરાતા આખરે સવારે આઠ વાગ્યા પછી યુવાનનો મૃતદેહ કોળિયાકના દરિયાકાંઠેથી મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવના પગલે ખેડૂતવાસ વિસ્તારમાં ભારે અરેરાટી સાથે આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી.



## નડિયાદ મરીડા રોડથી ડાકોર રોડને જોડતો રસ્તો બિસ્માર

(એજન્સી) નડિયાદ | તા.09

નડિયાદ શહેરમાં મરીડા રોડથી ડાકોર રોડને જોડતો રસ્તો લાંબા સમયથી બિસ્માર હાલતમાં છે. જે અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરાતા જિલ્લા કલેક્ટરે યોગ્ય કાર્યવાહી કરવા તંત્રને સુચના આપી હતી. જેને આઠ મહિના જેટલો સમય વિતવા છતાં પાલિકા દ્વારા કામગીરી ના કરતા રોષે ભરાયેલા સ્થાનિકોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. નડિયાદ મરીડા રોડથી રિંગ રોડ સુધી અનેક સોસાયટીઓ, હોસ્પિટલો, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, શાળાઓ આવેલી છે. મરીડા, હાથજ, વાલ્લા સહિત ગામોના વિદ્યાર્થીઓ, દર્દીઓ આ રસ્તાનો ઉપયોગ કરે છે. આ રસ્તો ડાકોર રોડથી મરીડા રોડ વચ્ચેનો સીધો અને ટૂંકો રસ્તો હોવાથી વાહનોની ભારે અવર-જવર રહે છે.

### સરહદ ડેરી દ્વારા ગર્ભ પ્રત્યારોપણને મળી અભૂતપૂર્વ સફળતા

# કચ્છમાં વૈજ્ઞાનિક પ્રક્રિયાથી તંદુરસ્ત વાછરડી અને વાછરડાનો જન્મ થયો

(એજન્સી) ભુજ | તા.09



કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. 'સરહદ ડેરી 'દ્વારા કચ્છ જિલ્લા માં પ્રથમ વખત એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજીમાં નવો ઈતિહાસ રચવામાં આવ્યો છે. જેમાં માંડવી તાલુકાના કલવાણ વાડી વિસ્તાર દૂધ મંડળી ખાતે સભાસદ જ્યોતિબેન ગોવિંદભાઈ ભુડિયાની ગાયમાં ૧૮-૭-૨૦૨૩ના રોજ એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) કરવામાં આવ્યું હતું. આ વૈજ્ઞાનિક પ્રક્રિયાને અભૂતપૂર્વ સફળતા મળતાં એક તંદુરસ્ત વાછરડીનો જન્મ થયો છે. વાછરડી એકદમ તંદુરસ્ત છે અને ૨૨ કિલો વજન ધરાવે છે. નોંધનીય છે કે, એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) થી જન્મેલ આવી વાછરડીનું સારી રીતે જતન કરવાથી તે વધારે માત્રામાં દૂધ આપે છે.

આ સાથે માંડવી તાલુકાની કલવાણ વાડી વિસ્તાર દૂધ મંડળીના સભાસદ મનીષાબેન શામજીભાઈ કેરાઈની ગાયમાં એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) ૧૮-૦૭-૨૦૨૩ ના રોજ ઈટી કરવામાં આવ્યું જે ૦૨-૦૫-૨૦૨૪ ના રોજ સફળતા મળતાં તંદુરસ્ત વાછરડાનો પણ જન્મ થયો છે. વાછરડો એકદમ તંદુરસ્ત છે અને ૨૨.૫૦ કિલો વજન ધરાવે છે.સરહદ ડેરી દ્વારા ઓલાદ સુધારણા માટે અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે સરહદ ડેરી દ્વારા કચ્છમાં સૌ પ્રથમવાર એનડીડીબીના સહયોગથી શરૂ કરાયેલ એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) ટેકનોલોજીનાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ગાયોમાં ગર્ભ પ્રત્યારોપણ કરવામાં આવ્યું જેમાં આજે તંદુરસ્ત વાછરડી જન્મેલ છે. તેમજ સરહદ ડેરી દ્વારા અત્યાર સુધીમાં ૫૧ ગાયમાં એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) કરવાંમાં આવ્યા છે. જેના ટૂંક સમયમાં સારા પરિણામ મળશે.આ બાબતે અમૂલ ફેડરેશનના વાઇસ ચેરમેન અને સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે એમ્બ્રિયો ટ્રાન્સફર (ઈટી) થી જે વાછરડી જન્મ થયો છે તેથી ઓછા પશુમાં વધુ દૂધ ઉત્પાદન કરવાના સિધ્ધાંત સાથે આગળ વધતા પશુપાલકોને પશુ માવજત પાછળ થતા વધારાના ખર્ચમાંથી મુક્તિ મળશે જેથી પશુપાલકોને વધુ નફો થશે.



## પ્રાંતિજ પંથકમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં, કેરીના રસમાં ભેળસેળની ફરિયાદો

(એજન્સી) પ્રાંતિજ | તા.09

પ્રાંતિજ પથકમાં કેરીના રસમાં ભેળસેળ થતી હોવાની રાવ છે. કેરીના રસના સેવાનથી ગળું બેસી જવાના અને શરદી-ખાંસીની ફરિયાદો થઈ રહી છે. લગ્નમાં પિરસાઈ રહેલા કેરીના રસની પણ તપાસ કરવા માંગ ઉઠી છે

પ્રાંતિજના એક જાગૃત નાગરિકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઉનાળાની ગરમીએ પ્રકોર્પ વરસાવ્યો છે. લોકો અસહ્ય ગરમીની અકડાઈ જાય છે. જયારે બીજી બાજુ ઉનાળામાં ફળોના રજા કેરીની સિઝન ચાલી રહી છે. લોકો કેરી ખરીદીને હોશે હોશે ખાય છે. તેમજ શહેર અને ગામડાઓમાં પણ કેરીના રસનું વેચાણ કરતા અનેક સેન્ટરો ધમ ધમી રહ્યા છે. જ્યાંથી લોકો ગરમીમાં કેરીનો રસ પીવે છે અને લગ્ન પ્રસંગમાં પણ જમણવારમાં પિરસાય છે. કેરીના સેન્ટરો ઉપરથી રસ પીધા પછી ગળું બેસી જવાની અને શરદી ઉધરસના રોગો વધી રહ્યા છે.



## રાજસ્થાનથી કારમાં લઈ જવાતો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

(એજન્સી) બાકોર | તા.09

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર પોલીસ મથકની હદના નારોડા - ખુંટેલાવ ચાર રસ્તા પાસેથી પોલીસે ગઈકાલે રાત્રે એક કારમાં લઈ જવાતો વિદેશી દારૂ અન બીયરનો જથ્થો ઝડપી પાડયો હતો. જ્યારે કારનો ચાલક કાર મૂકીને નાસી ગયો હતો. રાજસ્થાનથી બે ક્રેટા કાર વિદેશી દારૂનો જથ્થો લઈને શામળાજી, મોડાસા, લુણાવાડા થઈને વડોદરા તરફ જવાની હોવાની બાતમીના આધારે બાકોર પોલીસનો સ્ટાફ ગઈકાલે રાત્રે નારોડા - ખુંટેલાવ ચાર રસ્તા પાસે વોચમાં ઊભા હતાં. દરમિયાન બાતમીવાળી કાર આવતી જણાતા તેને ઊભા રહેવાનો ઈશારો કરતાં બંને કારના ચાલકોએ કારને રિવર્સમાં લઈને નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પોલીસે કારનો પીછો કરતાં એક કારનો ચાલક રોડની સાઈડમાં કાર ઊભી કરીને અંધારાનો લાભ લઈને નાસી ગયો હતો. પોલીસે કારને જપ્ત કરી પોલીસ મથકે લાવી તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો.



## નખત્રાણાની બજારમાં વરસાદ વગર પાણી વહ્યાં : આખી રાત પાઈપ લિકેજ

(એજન્સી) ભુજ | તા.09

ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઘણી વખત પાણીની કટોકટી સર્જાતી હોય છે. ત્યારે તંત્ર દ્વારા પાણીનો વેડફાટ ન થાય તેવી સુચનાઓ નાગરીકોને આપતા હોય છે. ત્યારે નખત્રાણાની મુખ્ય બજારમાં વગર વરસાદે પાણી વહી નિકળ્યા હતા. નખત્રાણાના બસ સ્ટેશન પાસે આવેલા છેલામાં વિના વરસાદે પાણી વહી નિકળ્યા હતા.ઉનાળાની કાળઝાળ ગરમીમાં વરસાદનો એક પણ છાંટો પડયા વિના મુખ્ય બજાર પાણી પાણી થઈ જતાં લોકોમાં પણ અચરજ ફેલાયું હતું કે, વગર વરસાદે આટલુ બધું પાણી ક્યાંથી આવ્યું? જોકે આ સિવાય પણ મણીનગર વિસ્તારના મુખ્ય માર્ગ પર કેટલાક દિવસોથી સતત પાણી વહી રહ્યું છે અને પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.સ્થાનિકે જાણવા મળતી વિગતો મુજબ નખત્રાણાના ઘણા વિસ્તારોમાં હજુ પણ પાણી પહોંચતું નથી. અને બીજીબાજુ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે મુખ્ય બજારમાં મેઈન લાઈનમાં ભંગાણ સર્જાવાના કારણે આખી રાત પાણી લીકેજ થયું હતું અને રોડ ઉંચા થઈ જવાના કારણે પાણીનો ભરાવો થયો હતો.



## ભુજના છઠ્ઠીબારી રીંગરોડ પર દુકાનમાં આગ લાગી

(એજન્સી) ભુજ | તા.09

કચ્છમાં એકબાજુ ગરમીનો પારો વધી રહ્યો છે ત્યારે આગ લાગવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ખાસ કરીને ઉનાળાની સીઝન દરમ્યાન શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગતી હોય છે. ત્યારે આજે ભુજ ખાતે આવેલી દુકાનમાં પણ શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સામે આવી છે.ભુજના છઠ્ઠીબારી રીંગરોડ પર આજે સવારે આગ લાગવાની ઘટના સામે આવી હતી.ભીડભાડ વાળા માર્ગ એવા છઠ્ઠીબારી રિંગરોડ પર આવેલી દિપ એન્ટરપ્રાઇઝ નામની ઈલેક્ટ્રોનીકની દુકાનમાં સવારે ૭-૩૦ કલાકે આગ લાગવાની ઘટના બની હતી. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ પાણીની મોટર ગરમ થતા શોર્ટ સર્કિટ થઇ હતી જેના કારણે આગ લાગી હતી.જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યો હતો અને જ્વાળાઓ આખી દુકાનમાં ફેલાઇ ગઇ હતી. જે અંગે ભુજના ફાયર ફાઇટરને જાણ કરવામાં આવતા તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઇ હતી.દોઢ કલાકની લાંબી મથામણ બાદ આ આગ કાબુમાં આવી હતી.

### આગામી તા. 13 જુનથી નવા શૈક્ષણિક સત્રનો વિધીવત પ્રારંભ થશે

# શાળાઓમાં આજથી ઉનાળુ વેકેશનનો પ્રારંભ : 35 દિવસ જલસા

(એજન્સી) ભાવનગર | તા.09

લોકસભાની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા તા. ૯થી તમામ શાળાઓમાં વેકેશન પડશે અને આગામી ૧૨ જુન સુધી શાળાઓ ચુપકીદી સેવી લેશે. જોકે આ વેકેશન ગાળા દરમ્યાન હરવા ફરવાના કે અન્ય એક્ટીવીટીમાં વિદ્યાર્થીઓ જોડાશે.

શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ ઉનાળુ વેકેશન તા. ૬ મે થી જાહેર કર્યું હતું. પરંતુ તા. ૭મીએ ચૂંટણી હોય અને વળતા દિવસની પણ રજા જાહેર કરાય હોય અને ખાસ કરીને ચૂંટણી કામગીરીમાં શિક્ષકોને પણ જોડયા હોય ત્યારે તેમની રજાનો પ્રશ્ન આવતા શિક્ષણ વિભાગ દ્વારા વેકેશનની આ તારીખમાં ફેરફાર કર્યો હતો અને તા. ૯ મે થી ૧૨ જુન સુધી ઉનાળુ વેકેશન જાહેર કર્યું છે. જો કે ગઈકાલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ અને આજના વળતા દિવસે રજાનો માહોલ છે. જ્યારે ઓફીશ્યલ આવતીકાલે તા. ૯ના રોજ ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે જે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકની શાળાઓને લાગુ પડશે. ઉનાળુ વેકેશન લાગુ પડતા સડકો પર સ્કુલ વાહનોની દોડધામ બંધ થશે તો સ્કુલો પણ વિદ્યાર્થી વગર મુંગીમંતર જોવા મળશે. જ્યારે વિદ્યાર્થી હરવા-ફરવા તેમજ અધર એક્ટીવીટી કરવા તરફ દોરાશે. આ ઉનાળુ વેકેશન વિભાગે જાહેર તો કર્યું છે જે ૧૨ તારીખે પૂર્ણ થશે અને ૧૩મીથી નવા સત્રનો પ્રારંભ થશે. પરંતુ કેટલીક ખાનગી સ્કુલો દ્વારા વેકેશનમાં પણ શિક્ષણ કાર્ય શરૂ રાખી રહી છે. જેની સામે જિલ્લા શિક્ષણાધિકારી યોગ્ય કાર્યવાહી કરશે. ભણતરના ભારમાંથી હળવા થવા વેકેશન અપાયુ હોય છે. પરંતુ જો આ દિવસોમાં પણ ભણતર શરૂ રખાય તો ભાર વિનાનું ભણતરનો અર્થ સરતો નથી.

### તલાલાથી 12 અને 13 કિ.મી. દૂર એપી સેન્ટર

# બપોરના સમયે 5 મિનિટમાં બે વખત ગોહિલવાડની ધરા ધ્રુજી

(એજન્સી) ભાવનગર | તા.09



એક તરફ આજે બપોરના સુમારે ગોહિલવાડવાસીઓ અસહ્ય ગરમી અનુભવી રહ્યા હતા ત્યારે માત્ર પાંચ જ મિનિટના સમયગાળામાં બબ્બે વખત ધરા ધ્રુજી હતી. જો કે, ભૂકંપના બન્ને આંચકા હલવા હોવાના કારણે શહેરમાં ખાસ અનુભૂતિ થઈ ન હતી. જિલ્લાને જોડતાં કાંઠાળા ગ્રામ્ય વિસ્તારોમાં સરખામણીએ આ અનુભૂતિ વધુ અનુભવાઈ હોવાનું જાણવા મળેલ છે. આજે બપોરનાં ૩.૧૪ અને ૩.૧૮ કલાકે ભૂકંપના બે હળવાં આંચકા નોંધાયા હતા. ઈન્ડીયન સિસ્મોલોજીકલ રિસર્ચની વેબસાઈટ પર આ બન્ને આંચકાની વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી હતી. ઈન્ડીયન સિસ્મોલોજીકલ રિસર્ચે આ ઘટનાની પુષ્ટી કરતાં ભૂકંપના બન્ને આંચકાની તિવ્રતા અનુક્રમે ૩.૦ અને ૩.૪ હોવાનું અને એપી સેન્ટર તળાળા નજીક અનુક્રમે ૧૨ કિ.મી. અને ૧૩ કિ.મી. નોંધાયું હોવાનું જણાવ્યું હતું. જ્યારે, બન્ને ભૂકંપની જમીનમાં ઉંડાઈ અનુક્રમે ૬.૩ કિ.મી અને ૭.૨ કિ.મી. નોંધાઈ હતી. ભાવનગર શહેરની સરખામણીએ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં આ બન્ને હળવા આંચકાની અનુભૂતિ થઈ હોવાના પ્રાથમિક અહેવાલો છે. જો કે, શહેર કક્ષાએ ભૂકંપના આંચકાની વિશેષ કોઈને અનુભૂતિ થઈ ન હોવાનું જાણવા મળેલ છે. આ બન્ને આંચકાના કારણે ગોહિલવાડ પંથકમાં જાન-માલને નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી.




## ખેડા બેઠકના ઈવીએમ પલાણા આઈટીઆઈ ખાતે ખસેડાયા

(એજન્સી) નડિયાદ | તા.09


ખેડા લોકસભા બેઠક પર તા.૭ના રોજ કુલ ૫૮.૧૨ ટકા મતદાન નોંધાયું હતું. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચુસ્ત પોલીસ સુરક્ષા વચ્ચે તમામ મતદાન મથકો પરથી ઈવીએમને પલાણા આઈટીઆઈ ખાતે આવેલા સ્ટ્રોંગરૂમમાં ખસેડવામાં આવ્યા હતા.ખેડા સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ દસક્રોઈ, ધોળકા, માતર, નડિયાદ, મહેમદાવાદ, મહુધા અને કપડવંજ વિધાનસભા મતવિસ્તારમાં મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઈવીએમને વસોના પલાણા ગામ સ્થિત આઈટીઆઈમાં આવેલા સ્ટ્રોંગરૂમમાં મુકવામાં આવ્યા હતા.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.




**વૃષભ (બ,વ,ઉ)**

ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.




**મિથુન (ક,છ,ઘ)**

ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.



**કર્ક (ડ,હ)**

આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.



**સિંહ (મ,ટ)**

આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.




**કન્યા (પ,ઠ,ણ)**

આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.




**તુલા (ર,ત)**

આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.




**વૃશ્ચિક (ન,ય)**

આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.




**ધન (ભ,ધ,ફ)**

તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.




**મકર (ખ,જ)**

આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.



**કુંભ (ગ,શ,સ)**

ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

## ન્યૂઝ ટ્રેક

### ટાટા પાવરે FY24 માટે રૂ. 4280 કરોડનો સર્વોચ્ચ નફો નોંધાવ્યો, આવક પણ રેકોર્ડ રૂ. 61542 કરોડ થઈ

ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ પાવર કંપનીઓ પૈકી એક ટાટા પાવરે 31 માર્ચ, 2024ના રોજ પૂર્ણ થતાં નાણાકીય વર્ષ માટે સૌથી વધુ રેકોર્ડ રૂ. 4280 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ Q4FY24 માટે રૂ. 1109 કરોડનો ચોખ્ખો નફો નોંધાવી સતત 18માં ત્રિમાસિકમાં મજબૂત ગ્રોથ મોમેન્ટમ જાળવી રાખ્યો છે. કંપનીની માર્કેટ કેપિટાઈઝેશન રૂ. 1.4 લાખ કરોડની સપાટી વટાવી ગઈ છે. FY24માં કંપનીએ સૌથી વધુ રૂ. 61542 કરોડની આવક અને રૂ. 12701 કરોડનો EBITDA નોંધાવ્યો છે. જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન અને રિન્યુએબલ્સના કોર બિઝનેસમાં માર્કેટ હિસ્સામાં મજબૂત વૃદ્ધિ સાથે FY23માં 44%ની સરખામણીએ FY24માં ચોખ્ખો નફામાં 74% ફાળો આપ્યો છે.

### કેપિટલ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડે નાણાંકીય વર્ષ 2024ના પરિણામો જાહેર કર્યા

2016માં કામગીરી શરૂ કરનાર ભારતની પ્રથમ સ્મોલ ફાઈનાન્સ બેંક કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંકે નાણાંકીય વર્ષ 2024ના ચોથા ત્રિમાસિક ગાળા તથા સંપૂર્ણ વર્ષના પરિણામો આજે જાહેર કર્યા હતા. કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંકના એમડી અને સીઈઓ શ્રી સર્વજીત સિંહ સમરાએ જણાવ્યું હતું કે, "ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે, જેણે છેલ્લા એક દાયકા (2015-2024)માં સરેરાશ કુલ 5.9% જીડીપી નોંધાવ્યો છે. નાણાંકીય વર્ષ 2025માં ભારતમાં વૃદ્ધિ 6.9 ટકા પર મજબૂત રહેવાનો અંદાજ છે. ભારત આગામી સમયગાળામાં ઉચ્ચ મધ્યમ આવકના દરજ્જા સુધી પહોંચવાની મહત્વાકાંક્ષા ધરાવે છે.

### ડીસીએમ શ્રીરામે ગુજરાતના ભરૂચમાં કોસ્ટિક સોડા ઉત્પાદનની તેની 850 ટીપીડી વિસ્તરણ પ્રોજેક્ટની કામગીરી પૂરી કરી

ડીસીએમ શ્રીરામ લિમિટેડે ગુજરાતના ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં તેના કેમિકલ કોમ્પ્લેક્સમાં દૈનિક 850 ટન (ટીપીડી)નો ઉમેરો કરીને કોસ્ટિક સોડા વિસ્તરણ પ્રોજેક્ટને તાજેતરમાં પૂરો કર્યો હોવાની ગૌરવભેર જાહેરાત કરી છે. આ સીમાચિહ્ન હાંસલ કરવા સાથે કંપનીની કુલ સ્થાપિત ક્ષમતા એકલા ભરૂચમાં જ નોંધપાત્ર 2225 ટીપીડીની થઈ છે જે બંને સ્થળો એટલે કે ગુજરાતના ભરૂચમાં અને રાજસ્થાનના કોટામાં અમારી વાર્ષિક કોસ્ટિક સોડા ક્ષમતાને વાર્ષિક 1 મિલિયન મેટ્રિક ટન (ટીપીએ) સુધી લઈ જાય છે. આ અત્યાધુનિક પ્રોજેક્ટનું સમાપન કેમિકલ ઉદ્યોગમાં ડીસીએમ શ્રીરામની સ્થિતિને મજબૂત બનાવે છે.પરંતુ સંસ્થાને આગળ જતાં મહત્વપૂર્ણ અર્થવ્યવસ્થાઓ પ્રદાન કરવાનું પણ વચન આપે છે.

### સપ્તાહના ચોથા કારોબારી દિવસે ગુરુવારે શેરબજારનો કારોબાર નબળાઈ સાથે સમાપ્ત

# લોકસભા ચૂંટણીના ફિવરમાં અનિશ્ચિત બે-તરફી અફરાતફરી, શેરબજારમાં ભારે વોલેટિલિટી જોવા મળી

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ગુરુવારે શેરબજારના કામકાજમાં ઘણા ઉતાર-ચઢાવ નોંધાયા છે.ચાલુ સપ્તાહના ચોથા કારોબારી દિવસે ગુરુવારે શેરબજારનો કારોબાર નબળાઈ સાથે સમાપ્ત થયો. બીએસઈ સેન્સેક્સ ૪૬ પોઈન્ટ ઘટીને બંધ થયો છે, જ્યારે નિફ્ટી ફ્યુચર ૧૧ પોઈન્ટ વધીને બંધ થયો છે. જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ૧૨૮ પોઈન્ટ ઘટીને બંધ થયો છે. સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ઉછાળે આંચકા આવી નિફ્ટી નેગેટીવ અને સેન્સેક્સ પોઝિટીવ રહ્યા સામે સ્મોલ, મિડ કેપ શેરોમાં અનેકમાં ફંડો, ખેલંદાઓએ મોટું ઓફલોડિંગ કરતાં માર્કેટબ્રેડથ નેગેટીવ બની હતી. આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે આરંભિક વેચવાલી બાદ ફંડોએ શોર્ટ કવરિંગ સાથે પસંદગીનું વેલ્યુબાઈંગ કર્યું હતું. ખાનગી બેંક શેરોમાં આજે આકર્ષણ રહ્યું હતું. બુધવારે શેરબજારના ટોપ ગેનર્સની યાદીમાં સમાવિષ્ટ શેરો વિશે વાત કરીએ તો,



તેમાંભારત ફોર્જ ૧૬% ઉછાળા સાથે, ઈન્ડીગો ૪% ઉછાળા સાથે,ટીસીએસ, વિપ્રો, આઈસીઆઈસીઆઈ બેન્ક, ઈન્ફોસિસ,ભારત પેટ્રો, ટાટા મોટર્સ, હીરો મોટોકોર્પ, હિન્દાલ્કો, પાવર ગ્રીડ, કોલ ઈન્ડિયા અને લાર્સન, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, લાર્સન, ઓએનજીસી, બીએસઈ લિમિટેડ અને કોટક મહિન્દ્રા બેન્કના શેરનો સમાવેશ થાય છે,જ્યારે ટોપ લૂઝરની શ્રેણીમાં ડૉ. રેડ્ડીઝ, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેક, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચડીએફસી બેંક, અદાણી પોર્ટ્સ,શ્રીરામ ફાઈનાન્સ અને એસબીઆઈ લાઈફના શેર સામેલ હતા. શેરબજારની કામગીરીમાં વધઘટ વચ્ચે પેટીએમ, બર્જર પેઈન્ટ્સ, સિન્જીન ઈન્ટરનેશનલ, દાલમિયા ભારત અને રામકો સિમેન્ટના શેર ૫૨ સપ્તાહના નીચલા સ્તરની નજીક આવી ગયા છે. બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૩૯૨૬ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૬૬૫ અને વધનારની સંખ્યા ૨૧૩૦ રહી હતી, ૧૩૧ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨૫૮ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૨૫૯ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

## ચીનના $51 અબજ સામે ભારતે $111 અબજનું રેમિટન્સ પ્રાપ્ત કરી રેકોર્ડ સ્થાપ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

આર્થિક મોરચે ચીન સહિતના પોતાના પાડોશી અને વિશ્વના અન્ય દેશોને હંફાવતા ભારતે પોતાની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેર્યું છે અને વૈશ્વિક ક્ષેત્રે કીર્તીમાન સ્થાપિત કર્યું છે. ભારતે વર્ષ 2022માં 111 અબજ યુએસ ડોલરનું રેમિટન્સ પ્રાપ્ત કર્યું હતું. ભારત વિશ્વમાં એવો પ્રથમ દેશ બન્યો છે જેણે 100 અબજ અમેરિકી ડોલરની સીમાને ઓળંગી નાંખી છે. સંયુક્ત રાષ્ટ્રોની માઈગ્રેશન એજન્સી દ્વારા આ અંગેના આંકડા બહાર પાડવામાં આવ્યા હતા. જેના આધારે જાણી શકાયું હતું કે, વર્ષ 2010માં પણ 53.48 અબજ યુએસ ડોલર સાથે રેમિટન્સ મામલે ભારતે દુનિયામાં મોખરેનું સ્થાન હાંસલ કર્યું હતું. જો કે વર્ષ 2010થી વર્ષ 2022ના ગાળામાં ભારતે રેમિટન્સ અંગે અસાધારણ વધારો પ્રાપ્ત કર્યો છે. વર્ષ 2022માં આ આંકડો 111.22 અબજ યુએસ ડોલરે પહોંચ્યો છે. એટલે કે, રેમિટન્સ મામલે ભારતે પોતાની આગેકૂચ જાળવી રાખી હતી જ્યારે ચીને પછડાટ ખાધી છે. કેમ કે, વર્ષ 2010માં ચીને 52.46 અબજ યુએસ ડોલરનું રેમિટન્સ પ્રાપ્ત કરી વિશ્વમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારે ભારત ચીન વચ્ચે રેમિટન્સનો તફાવત 1.02 અબજ યુએસ ડોલરનો હતો. પણ વર્ષ 2022 આવતા સુધીમાં આ તફાવત અસાધારણ ઢબે વધ્યો હતો અને ચીનનું રેમિટન્સની વૈશ્વિક યાદીમાં સ્થાન પણ ગગડયું હતું.

વર્ષ 2022માં ચીન 51.00 અબજ યુએસ ડોલરના રેમિટન્સ સાથે ત્રીજા સ્થાને સરકી ગયું હતું. તેમજ ભારતથી ઘણું પાછળ રહી ગયું હતું. વર્ષ 2010માં જ્યાં ભારત ચીનનો રેમિટન્સનો તફાવત નજીવો 1.02 અબજ યુએસ ડોલરનો હતો ત્યાં વર્ષ 2022માં આ અંતર વધીને 60.22 અબજ યુએસ ડોલર થઈ ગયું છે.જે ભારતની પીઠ થાબડવા જેવું મોટું અંતર છે.

# સોનું 71,725 રૂપિયા, ચાંદી 81,663 રૂપિયા પ્રતિ કિલોમાં વેચાઇ રહી છે

(એજન્સી) નવી દિલ્હી | તા 09

અક્ષય તૃતીયા પહેલા આજે એટલે કે 8 મેના રોજ સોના અને ચાંદીના ભાવમાં થોડો વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું રૂ. 57 મોંઘું થઈને રૂ. 71,725 પર પહોંચી ગયું છે. આજે ચાંદીના ભાવમાં માત્ર 2 રૂપિયાનો વધારો થયો છે. હવે એક કિલો ચાંદી 81,663 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. અગાઉ 7 મેના રોજ ચાંદી 81,661 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

4 મેટ્રો અને અમદાવાદમાં સોનાનો ભાવ દિલ્હી: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 66,400 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 72,420 રૂપિયા છે. આ વર્ષે સોના અને



ચાંદીમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે IBJA અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં 8,373 રૂપિયાનો વધારો થયો છે. 1 જાન્યુઆરીએ સોનું 63,352 રૂપિયા પર હતું, જે હવે 71,725 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. તે જ સમયે, એક કિલો ચાંદીની કિંમત 73,395 રૂપિયાથી વધીને 81,663 રૂપિયા થઈ ગઈ છે.

# એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડનો આઇપીઓ 10 મે, 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા 09

મુંબઈ એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડ, જેમેરીટાઇમ ઈન્ડસ્ટ્રીમાં એક જબરજસ્ત દળ છે, તેણે 10 મે, 2024ના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે જાહેરમાં જવાની તેની યોજનાની જાહેરાત કરી છે. કંપની આ આઈપીઓના માધ્યમથી અપર પ્રાઈસ બેન્ડ પર 96.28 કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં શેર એનએસઈ ઈમર્જ પર સૂચિબદ્ધ થવાના છે. ઈશ્યુની સાઈઝ પ્રત્યેક 10ના અંકિત મૂલ્ય પર 65,50,000 ઈક્વિટી શેર સુધીની છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ ઓફ શોર વેસલના સંપાદન, કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરૂં પાડવા માટે કરવામાં આવશે. એન્કર પોર્શન માટે બિડિંગ 09 મે, 2024ના રોજ ખુલશે, ઈશ્યુ સબ્સ્ક્રિપ્શન માટે 10 મે, 2024ના રોજ ખુલશે અને 15 મે, 2024ના રોજ બંધ થશે. ઈશ્યુ માટે બુક રનિંગ લીડ મેનેજર જીવાયઆર કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે. ઈશ્યુના રજિસ્ટ્રાર પૂર્વા શેરજિસ્ટ્રી (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ છે. એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કેપ્ટન પી બી નારાયણને જણાવ્યું, 'અમે અમારી વિકાસ યાત્રામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યા છીએ. આ પગલું અમારી કંપનીની ક્ષમતાઓમાંના અમારો વિશ્વાસ અને અમારી બજારની સ્થિતિને મજબૂત કરવા માટે નવી તકો મેળવવાના અમારા સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

## મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે પ્રતિષ્ઠિત લીગલ એરા - ઈન્ડિયા લીગલ એવોર્ડ મેળવ્યો




(એજન્સી) નવી દિલ્હી | તા 09

વિશ્વમાં 6ઠ્ઠા ક્રમના સૌથી મોટા જ્વેલરી સમૂહ તથા ડેલોઈટના લક્ઝરી પ્રોડક્ટના વૈશ્વિક રેન્કિંગમાં 19મો ક્રમ ધરાવતા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે લીગલ કેટેગરીમાં દેશના પ્રતિષ્ઠિત 13માં એન્યુઅલ લીગલ એરા-ઈન્ડિયન લીગલ એવોર્ડ્સ મેળવ્યો છે. કંપનીનું 'કમ્પ્લાયન્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટ ટીમ ઓફ ધ યર 2023-24' એવોર્ડથી સન્માન કરાયું છે, જે કાનૂની શ્રેષ્ઠતા અને નૈતિક બિઝનેસ પ્રેક્ટિસ પ્રત્યે કંપનીની કટીબદ્ધતા દર્શાવે છે. પ્રતિષ્ઠિત કોર્પોરેટને દર્શાવતા સ્પર્ધાત્મક લેન્ડસ્કેપમાં મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ આદિત્ય બિરલા ગ્રૂપ, હિંદુસ્તાન યુનિલીવર લિમિટેડ, હ્યુન્ડાઇ મોટર્સ ઈન્ડિયા લિમિટેડ, આઈટીસી લિમિટેડ, મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ, ટાટા કેમિકલ્સ, ટાટા સ્ટીલ લિમિટેડ, એલટીઆઈ માઈન્ડ ટ્રી વગેરે વચ્ચે ઉપસ્થિતિ ધરાવે છે. આ સન્માન કમ્પ્લાયન્સ અને રિસ્ક મેનેજમેન્ટમાં કંપનીના ઉદાહરણરૂપ પ્રદર્શનને દર્શાવે છે, જે કોર્પોરેટ ગવર્નન્સના સર્વોચ્ચ ધોરણો જાળવવા પ્રત્યે તેના સમર્પણનો પુરાવો છે. એવોર્ડ સિલેક્શન પ્રક્રિયા ઉપર દેખરેખ રાખનાર પેનલમાં ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ દીપક મિશ્રા, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટીસ બીએન શ્રીક્રિષ્ના, જસ્ટીસ અર્જન સિકરી અને જસ્ટીસ દીપક વર્મા સહિતની પ્રતિષ્ઠિત કાનૂની દિગ્ગજો સામેલ હતાં, જેમણે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના લીગલ ડોમેનમાં બેજોડ યોગદાનની પુષ્ટિ કરી હતી.

## ઈન્ડિયા શેલ્ટર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડે 31 માર્ચ, 2024ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ તથા ત્રિમાસિક ગાળા માટેના પરિણામો જાહેર કર્યાં

ગુરુગ્રામ | તા 09

ઈન્ડિયા શેલ્ટર ફાઈનાન્સ કોર્પોરેશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે મળેલી તેમની બેઠકમાં 31 માર્ચ, 2024ના રોજ પૂરા થતા સંપૂર્ણ નાણાંકીય વર્ષ તથા ત્રિમાસિક ગાળા માટેના ઓડિટેડ નાણાંકીય પરિણામોને મંજૂરી આપી હતી. કંપનીની કામગીરી અંગે ટિપ્પણી કરતા ઈન્ડિયા શેલ્ટર ફાઈનાન્સ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી રૂપિન્દર સિંહે જણાવ્યું હતું કે, ટકાઉ ઉચ્ચ વિકાસ માટે મજબૂત નાણાંકીય કામગીરી અને હાજરી વધારવા માટે ઝડપી વિસ્તરણના લીધે ઈન્ડિયા શેલ્ટર માટે આ સારું વર્ષ રહ્યું છે. આ વર્ષે અમારા આઈપીઓ પૂરા થવા સાથે અને 20 ડિસેમ્બર 2023ના રોજ એનએસઈ અને બીએસઈ પર લિસ્ટિંગ સાથે નોંધપાત્ર સીમાચિહ્ન પણ હાંસલ કર્યું છે. આ યાદગાર પ્રસંગ વર્ષોની પ્રતિબદ્ધતા અને મહેનતની પરાકાષ્ઠા છે. અમે લિસ્ટિંગના સમયે જે બેલ વગાડ્યો તે અવાસ્તવિક અને વિનમ્ર અનુભવ હતો જેણે ઈન્ડિયા શેલ્ટર માટે વિકાસ અને તકોના નવા યુગનો પ્રારંભ કર્યો હતો. ઈન્ડિયા શેલ્ટર હવે 15 રાજ્યોમાં 223 બ્રાન્ચમાં કામગીરી કરે છે.

# TBO ટેક અને આધાર હાઉસિંગ ફાઇનાન્સમાં 10 મે સુધી રોકાણ કરી શકશો જાણો આની સાથે જોડાયેલી ખાસ વાતો

(એજન્સી) મુંબઈ | તા 09

આજથી 2 પ્રારંભિક જાહેર ઓફરો એટલે કે IPO TBO ટેક લિમિટેડ અને આધાર હાઉસિંગ ફાઈનાન્સ ખુલ્લી રહ્યા છે. આમાં 10 મે સુધી રોકાણ કરવાની તક છે. Indengine Limitedના IPOનો આજે છેલ્લો દિવસ છે. આવો જાણીએ આ બંને કંપનીઓના IPO વિશે.

રિટેલ રોકાણકારો આ IPO માટે 8 મે થી 10 મે સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 15 મેના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર લિસ્ટ થશે. રિટેલ રોકાણકારો મહત્તમ 208 શેર માટે બિડ કરી શકે છે

TBO Tech Limited એ આ મુદ્દાની પ્રાઈસ બેન્ડ 875-920 નક્કી કરી છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 16 શેર માટે બિડ કરી શકે છે. જો તમે IPO ના ઉપલા પ્રાઈસ બેન્ડ પર 920 પર 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,720 નું રોકાણ કરવું પડશે. જ્યારે રિટેલ રોકાણકારો મહત્તમ 13 લોટ




એટલે કે 208 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 191,360નું રોકાણ કરવું પડશે. ગ્રે માર્કેટમાં TBO ટેક લિમિટેડ પ્રીમિયમ 56.52% IPO ખુલતા પહેલા, કંપનીના શેર ગ્રે માર્કેટમાં 56.52% એટલે કે 520 પ્રતિ શેરના પ્રીમિયમ પર પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં, 920ના ઉપલા પ્રાઈસ બેન્ડ અનુસાર, તેનું લિસ્ટિંગ 1440 પર થઈ શકે છે. જો કે આ માત્ર એક અંદાજ છે, શેરની લિસ્ટિંગ કિંમત ગ્રે બજાર કિંમતથી તદ્દન અલગ છે.

આધાર હાઉસિંગ ફાયનાન્સ આધાર હાઉસિંગ ફાઈનાન્સ આ IPO દ્વારા 3,000 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે, કંપની 1,000 કરોડના 31,746,032 નવા શેર ઈશ્યૂ કરશે. જ્યારે, કંપનીના હાલના રોકાણકારો ઓફર ફોર સેલ (OFS) દ્વારા 2,000 કરોડના મૂલ્યના 63,492,063 શેર્સનું વેચાણ કરશે. આધાર હાઉસિંગ ફાઈનાન્સે આ ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ 300-315 નક્કી કરી છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 47 શેર માટે બિડ કરી શકે છે. જો તમે 315ના IPOના ઉપલા પ્રાઈસ બેન્ડ પર 1 લોટ માટે અરજી કરો છો.

### જાણો કેવી રીતે કરશો રોકાણ? જ્યોતિષીના અનુસાર, તમે સવારે 9 થી 9.30 વાગ્યા સુધી સોનું ખરીદી શકો

# જો તમે આ દિવસે સોનું ખરીદો છો, તો તમને એક વર્ષમાં 20% રિટર્ન મળી શકે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 09

આ વખતે અખાત્રીજના દિવસે સોનાની ખરીદી ખાસ રહેશે. જ્યોતિષીના જણાવ્યા અનુસાર, તમે સવારે 9 થી 9.30 વાગ્યા સુધી સોનું ખરીદી શકો છો. આ માટે 3 શુભ મુહૂર્ત હશે. સોનાના ભાવમાં વધારો જોઈને બિઝનેસ એક્સપર્ટ્સનું કહેવું છે કે જો તમે આ અખાત્રીજ પર સોનું ખરીદો છો, તો તમને આવતા વર્ષે 20% સુધીનું વળતર મળી શકે છે. છેલ્લા એક વર્ષમાં સોનું 10 હજાર રૂપિયા મોંઘુ થયું છે

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના જણાવ્યા અનુસાર, ગત અખાત્રીજ પર સોનાની કિંમત 60,191 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જે હવે રૂ.71,600 પર પહોંચી ગયો છે. એટલે કે છેલ્લા એક વર્ષમાં સોનું રૂ. 11,409 (20%) મોંઘું થયું છે. જો સોનામાં આ વધારો ચાલુ રહેશે તો આગામી અખાત્રીજ સુધીમાં તે રૂ. 85 હજારને પાર કરી જશે. નિષ્ણાતોના મતે આ ટ્રેન્ડ ચાલુ રહેવાની શક્યતા છે. આ કારણે, એક વર્ષમાં 20% સુધીનું વળતર મળી શકે છે. 2030 સુધીમાં સોનું 1.68 લાખ



રૂપિયા પ્રતિ 10 ગ્રામ રહેવાની શક્યતા છે વિઘ્નહર્તા ગોલ્ડના ચેરમેન મહેન્દ્ર લુનિયાનું કહેવું છે કે 2030 સુધીમાં સોનાની કિંમત 1.68 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી પહોંચી શકે છે. સોનાના ભાવમાં વધારો થવાના કારણોમાં ભૌગોલિક રાજકીય તણાવથી લઈને વૈશ્વિક આર્થિક મંદીનો સમાવેશ થાય છે. સોનામાં રોકાણ લાંબા ગાળા માટે ફાયદાકારક છે. 2020માં સોનું 48,800 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે હવે 71 હજાર રૂપિયાથી વધુ થઈ ગયું છે. જો છેલ્લા 5 વર્ષની વાત કરીએ તો સોનાએ કુલ 50% વળતર આપ્યું છે. જો આને વર્ષ મુજબ ઉમેરવામાં આવે તો વાર્ષિક વળતર 10% છે. તમે ત્રણ રીતે સોનામાં રોકાણ કરીને લાભ મેળવી શકો છો જો તમે આ વખતે અક્ષય તૃતીયા પર સોનામાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો ભૌતિક સોના જેવા કે જ્વેલરી અથવા સોનાના બિસ્કિટ-સિક્કા સિવાય, તમે અન્ય રીતે નાણાંનું રોકાણ કરી શકો છો. આમાં તમારા પૈસા સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. જો તમને પૈસાની જરૂર હોય, તો તમે તેને સરળતાથી વેચી શકશો અને તેના પર લોન પણ લઈ શકશો.

પ્રથમ: ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ આમાં, શેરની જેમ સોનું ખરીદવાની સુવિધા છે. આ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ છે. જે સ્ટોક એક્સચેન્જમાં ખરીદી અને વેચી શકાય છે. આ ફંડની કિંમત ભૌતિક સોના કરતાં થોડી વધુ કે ઓછી હોઈ શકે છે. બીજું: સોવરિન ગોલ્ડ બોન્ડ પણ સારો વિકલ્પ છે| સોવરિન ગોલ્ડ બોન્ડ એ સરકારી બોન્ડ છે. જે સરકાર સમયાંતરે બહાર પાડે છે. તેની કિંમત સોનાના વજન પ્રમાણે છે. જો બોન્ડ 1 ગ્રામ સોનાનું હોય, તો 1 ગ્રામ સોનાની કિંમત બોન્ડની કિંમત જેટલી જ હશે. સોવરિન ગોલ્ડ બોન્ડ દર વર્ષે ઈશ્યૂ કિંમત પર 2.50% નું નિશ્ચિત વ્યાજ ઓફર કરે છે. આમાં રોકાણ કરવા માટે ડીમેટ એકાઉન્ટ જરૂરી છે. ત્રીજું: ભૌતિક સોનું ભૌતિક સોનામાં રોકાણ કરવાનો અર્થ છે સોનાના બિસ્કિટ અથવા સિક્કા ખરીદવા.

# મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસિસ લિમિટેડનું કહેવું છે કે નજીકના સમયગાળામાં ચાંદી સોનાને પાછળ રાખી દે તેવી શક્યતા છે

(એજન્સી) મુંબઈ | તા 09

મોતીલાલ ઓસવાલ ફાઈનાન્સિયલ સર્વિસિસલિમિટેડ (એમ ઓ એફ એસ એલ) અનુસાર, ચાંદી લાંબા ગાળામાં સોનાનેપાછળ રાખી શકે છે. આંકડા મુજબ, અક્ષય તૃતીયાના શુભ અવસરથીશરૂ થતા નવા વર્ષના છેલ્લા ચક્રથી સોના અને ચાંદીમાં અનુક્રમે 13% અને11% નો નોંધપાત્ર વાર્ષિક વધારો જોવા મળ્યો છે. એમઓએફએસએલ સોના અને ચાંદી બંને માટે હકારાત્મક વલણ જાળવી રાખ્યું છે અને સ્થાનિક મોરચે સોના માટે રૂ. 75,000 અને ચાંદી માટે રૂ. 1,00,000 અને કોમેક્સ પર સોના માટે $2450 અને ચાંદી માટે $34ના લક્ષ્ય સાથે ઘટાડાની ભલામણ કરે છે. સોના અને ચાંદી બંનેએ પ્રથમ ત્રિમાસિક 24માં સકારાત્મક ઉછાળો નોંધાવ્યો છે, જે અન્ય નોંધપાત્ર એસેટ વર્ગોની બરાબર અથવા તો તેનાથી વધુ છે. પ્રથમ ત્રિમાસિક '24 માં એમઓએફએસએલ એ સોના માટેનો વાર્ષિક લક્ષ્યાંક હાંસલ કર્યો છે અને ચાંદી પરના વાર્ષિક લક્ષ્યાંકના 85% કરતા થી વધુ હાંસલ કર્યો છે. ભૂતકાળમાં, પુરવઠા અને માંગના મુદ્દાઓએ સોનાના ભાવ પર નોંધપાત્ર અસર કરી નથી,

ખાસ કરીને જ્યારે બજાર ભારે અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે. સોનાના ભાવમાં તાજેતરના જોરદાર ઉછાળાને જોતાં, ભાવમાં થોડી નરમાઈને સંપૂર્ણપણે નકારી શકાય નહીં.આ સમયે સોનાના ભાવ માટે સકારાત્મક અને નકારાત્મક બંને છે, આર્થિક ડેટા પોઈન્ટ્સ અપેક્ષિત કરતાં નીચા, વિકાસ સંબંધિત ચિંતામાં વધારો, આ વર્ષમાં ઊંચા દરમાં કાપની અપેક્ષાઓ, ભૌગોલિક-રાજકીય તણાવ, વધતા દેવા અંગેની ચિંતા, માંગમાં વધારો અને યુએસ આવકમાં ઘટાડો, કિંમતો માટે અનુકૂળ વલણ તરીકે કામ કરી શકે છે. ચૂંટણીના વર્ષમાં હંમેશા સોનામાં અસ્થિરતા વધે છે, આ વર્ષે અમેરિકા અને ભારત સહિત 40થી વધુ દેશોમાં ચૂંટણી યોજાવાની છે. બજારના સહભાગીઓ હંમેશા ભાવિ ઘટનાને અગાઉથી ધ્યાનમાં લે છે, જેમ કે ફેડ દ્વારા પ્રારંભિક દરમાં ઘટાડો, તેથી કોઈપણ અણધારી, ઉચ્ચ-અસરકારક ઘટના ભવિષ્યમાં કિંમતોને વધુ સમર્થન આપી શકે છે.

સોનાની અત્યાર સુધીની વધ-ઘટ આ સુરક્ષિત-સંપત્તિઓનું વર્ષ છે, જેમાં સોના અને ચાંદીમાં ખાસ કરીને વર્ષની શરૂઆતથી જ અદભૂત ઉછાળો જોવા મળ્યો છે. સોના-ચાંદી બઝારમાં અસ્થિરતા ઉત્પન્ન કરનાર બે મુખ્ય પરિબળો: 1) ભૌગોલિક રાજકીય તણાવ - રશિયા/યુક્રેન, ઈઝરાયેલ/હમાસ, ઈઝરાયેલ/ઈરાન અને અન્ય ભૌગોલિક રાજકીય કારણો સુરક્ષિત રોકાણ માટે જોખમ પ્રીમિયમમાં વધારો કરવાનું કારણ બની શકે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-03

## સળગતાં જંગલો

હિમાલયી ક્ષેત્ર સમૃદ્ધ જૈવ વિવિધતા ધરાવે છે. તેનાં જંગલોમાં સતત આગના સમાચારો પરેશાન કરે છે. મેના પહેલા અઠવાડિયામાં જ આગ લાગવાની લગભગ નવસો ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. જેમાં લગભગ બાર હજાર હેક્ટર વન ક્ષેત્રને અગ્નિકાંડથી નુક્સાન થયું. પાંચ લોકોના મરવાના અહેવાલો પણ છે. એમ તો દર વર્ષે ઉત્તરાખંડનાં જંગલોમાં આગ લાગવાના સમાચારો આવે છે. આ સિલસિલો માર્ચના અંતથી શરૂ થઈને મે સુધી ચાલે છે. પરંતુ આ વખતે આ સંકટ વધુ ગંભીર દેખાય છે. રાજ્ય સરકારના સીમિત સંસાધનો અને ભૌગોલિક જટિલતાઓને કારણે જંગલો સળગવાનું ચાલુ છે. કાબૂ મેળવવા માટે વાયુસેના અને એનડીઆરએફની મદદ લેવાઈ રહી છે. એક હકીકત છે કે જંગલોના સળગવામાં માનવીય હસ્તક્ષેપ ક્યાંકને ક્યાંક હોય જ છે. જંગલોમાં ખરતાં સૂકાં પાંદડાં-ઘાસમાં જ્વલનશીલતા તો હોય છે, પરંતુ આગ માનવીય લાપરવાહી કે કાવતરાથી જ લાગે છે. તેની પુષ્ટિ એ વાતે થાય છે કે નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધી લગભગ પોણા ચારસો વન અપરાધોના કેસ નોંધાયા છે. તેમાં સાઈઠ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. આ વાતને ઉત્તરાખંડનું વન વિભાગ પણ સ્વીકારે છે કે ૯૫ ટકા અગ્નિકાંડના કેસોમાં માનવીય દખલ જવાબદાર હોય છે. અગ્નિકાંડો બાદ કાર્યવાહી ફોરેસ્ટ એક્ટ અને વન્ય જીવ સંરક્ષણ કાયદા અંતર્ગત કરાઈ રહી છે. તે ઉપરાંત જાહેર અને ખાનગી સંપત્તિ નુક્સાન ક્ષતિપૂર્તિ કાયદા અંતર્ગત પણ કાર્યવાહી થશે. આ સંકટને જોતાં એનડીઆરએફ અને વાયુસેનાના હેલિકોપ્ટરોની મદદ લેવાઈ રહી છે. જ્યારે આઈઆઈટી રુડકીની મદદથી કૃત્રિમ વરસાદના વિકલ્પ પર પણ વિચાર થઈ રહ્યો છે. નિશ્ચિતપણે દર વર્ષે બળી જતા સેંકડો હેક્ટર જંગલોને આગથી બચાવવા માટે સ્થાયી ઉપાયોની જરૂરિયાત અનુભવાઈ રહી છે. આપણે ૨૦૨૧માં થયેલા અગ્નિકાંડો પરથી બોધપાઠ લેવો જોઈએ, જ્યારે આગ લાગવાની લગભગ ૨૮૧૩ ઘટનાઓમાં અંદાજે ચાર હજાર હેક્ટર વન ક્ષેત્રને નુક્સાન થયું હતું. અગ્નિકાંડોમાં આઠ લોકો માર્યા ગયા હતા. રોચક તથ્ય એ છે કે કોવિડ-૧૯ના દોરમાં માનવીય આવાજાહી ઓછી થવાથી આગ લાગવાની સૌથી ઓછી ઘટનાઓ બની હતી. અસલમાં સરકારોની પ્રાથમિકતામાં પર્યાવરણ અને વન સંરક્ષણ સામેલ જ નથી થઈ શક્યું. વનોના સંરક્ષણ માટે બજેટ બહુ ઓછું છે અને આગ બુઝાવવાના પર્યાપ્ત સંસાધનોનો અભાવ છે. ગત દિવસોમાં અગ્નિકાંડની ઘટનાઓ દરમ્યાન વનકર્મીઓની ડ્યૂટી ચૂંટણી માટે લગાવવા પર પણ સવાલ ઊભા થયા હતા. એ ઉપરાંત ગ્લોબલ વોર્મિંગને કારણે વાતાવરણમાં તાપમાન વધવાથી પણ આગ લાગવાની ઘટનાઓ વધી છે. આપણે વધતા તાપમાનની સાથે પ્રકૃતિ સંરક્ષણના ઉપાયોને ઉત્તેજન આપવું પડશે. સાથે જ ચીડનાં વૃક્ષો વિશે પણ વિચારવું પડશે, જેને અંગ્રેજો બહારથી લાવ્યા હતા અને તેનાં સૂકાં પાંદડાંની આગ ભડકાવવામાં મોટી ભૂમિકા હોય છે. અસલમાં પલાયનનો દંશ વેઠી રહેલા ઉત્તરાખંડમાં કૃષિ અને પશુધન માટે ઘાસ-પાંદડાંનો ઉપયોગ નહિ થવાથી પણ જંગલોમાં જ્વલનશીલ સ્થિતિઓ બની છે. જ્યારે વન કાયદા સખત થવાથી ગ્રામીણોના હિતોની અવગણનાને કારણે તેમની જંગલો પ્રત્યે ઉદાસીનતા વધી છે. જંગલોની આગ વન વિભાગ ગ્રામીણોના સહયોગ વિના નહીં બુઝાવી શકે.

# નર્મદા જિલ્લામાં ધોરણ.૧૨ સામાન્ય પ્રવાહનું ૯૧.૨૭ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૬૯.૯૩ ટકા પરિણામ જાહેર



ભરત શાહ | રાજપીપળા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા થયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન/ સામાન્ય પ્રવાહનું તા. ૦૯/૦૫/ ૨૦૨૪ ના રોજ પરિણામ જાહેર થયું છે. જેમાં નર્મદા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલ મુજબ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નર્મદા જિલ્લાનાં કુલ ૩૩૯૦ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૩૦૯૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જે પૈકી ૨૯૬ વિદ્યાર્થીઓ અનુતીર્ણ થયા છે. જિલ્લાનું પરિણામ ૯૧.૨૭ ટકા આવ્યું છે. વર્ષ ૨૦૨૪ પરીક્ષામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૩૩૯૦ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જેમાં ૦૩-A1, ૧૨૧-A2, ૫૭૫-B1, ૯૩૩-B2, ૯૩૭-C1, ૪૭૫-C2, ૪૯-D, ૦૧-E1 વિદ્યાર્થીઓના ગ્રેડ આધારિત પરિણામ પ્રાપ્ત કર્યુ છે.


જ્યારે જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનાં કુલ ૮૭૬ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૬૧૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જે પૈકી ૨૬૬ વિદ્યાર્થીઓ અનુતીર્ણ થયા છે. જિલ્લાનું પરિણામ ૬૯.૬૩ ટકા આવ્યુ છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૮૭૬ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જેમાં ૦-A1, ૧૫-A2, ૫૬-B1, ૧૩૨-B2, ૧૯૯-C1, ૧૬૯-C2, ૩૯-D, ૦-E1 વિદ્યાર્થીઓના ગ્રેડ આધારિત પરિણામ પ્રાપ્ત કર્યુ છે. તે તમામને જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણાધિકારીની કચેરી દ્વારા હાર્દિક શુભેચ્છા સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## નદીમાં સ્નાન કરવા ગયેલા સાબરકાંઠાના પરિવારની પોઇચા ભાઠામાં મૂકેલી ગાડીમાંથી 90,500ના સામાનની ચોરી થઇ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં અનેક પ્રવાસન સ્થળો આવેલાં છે જ્યાં હજારો ની સંખ્યા માં લોકો આવતા હોય છે પરંતુ પોઇચા નદી કિનારે અવાર નવાર પ્રવાસીઓ ના સામાન ની ચોરી ની ઘટના બને છે અને હાલમાં પણ એક પ્રવાસી ના સામાન ની ચોરી થતાં ફરિયાદ થઈ છે.

મળતી માહિતી અનુસાર મીહીરકુમાર અતુલભાઇ પટેલ રહે. મોઢુકા તા.તલોદ જી. સાબરકાંઠા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ તા.૦૮/૦૫/૨૦૨૪ ના દિવસે પોઈચા ભાઠામાં તેમની ફોર વ્હીલ ગાડી નંબર જી.જે. ૦૯.બી. કે.૧૨૪૭ માં મુકેલ મારો મોબાઇલ વન પલ્સ ૭ પ્રો કી.રૂ.૧૫,૦૦૦/ તથા તેમના પત્ની ભુમીકાબેન નો મોબાઈલ વન પ્લસ ૧૦ ટી કી.રૂ. ૨૦,૦૦૦/- તથા નોકીયા કંપનીની સાદો મોબાઇલ કી.રૂ.૫૦૦/- તથા રોકડા રૂપીયા ૧૦,૦૦૦/તથા તેમના સાળા ચિરાગકુમારનો મોબાઈલ નોટ ટેન પ્લસ કી. રૂ.૧૫,૦૦૦/- નો તથા રોકડા રૂપીયા ૧૫,૦૦૦/ તથા ત્રણ એ. ટી.એમ તથા બે ક્રીડીટ કાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ,તેમજ કાળા કલરની બેગમાં મુકેલ જરૂરી દસ્તાવેજો તથા સાળાની પત્ની ભાર્ગવીબેન નો કાળા કલરનો આઈફોન એક્સ. આર. કી.રૂ.૧૫,૦૦૦/- મળી કુલ કી.રૂ. ૯૦, ૫૦૦/- ના મતાની કોઇ ચોરી કરી લઇ જઈ ગુનો કરતા રાજપીપળા પોલીસે અજાણ્યા ચોર વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ઉલ્લેખનીય છે કે ભૂતકાળ માં આ જગ્યા પર તેમજ કેવડીયા તરફ કેટલાક પ્રવાસીઓ નો ફોર વ્હીલ ગાડી માંથી સામાન ચોરી થયા ની ઘટના બની છે ત્યારે અમુક ચોક્કસ દિવસે ત્યાં પોલીસ બંદોબસ્ત મુકાઇ તો પ્રવાસીઓ લૂંટાતા બંધ થઇ શકે.

## ચૈત્રી અમાસ સુલપાણેશ્વરનો મેળો તંત્રએ બંધ રખાવ્યો છતાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું




ભરત શાહ | રાજપીપળા

નર્મદા નદી કિનારે આવેલ સુલપાણેશ્વર દાદાના મંદિરે ભરાતા ચૈત્ર અમાસના મેળાને સુલપણ ની યાત્રા ગણવામાં આવે છે આ દિને નર્મદા સ્નાન કરી શિવજીની પૂજા આરાધના ભક્તો કરતા હોય છે પરંતુ આ વર્ષે ચૂંટણી હોય લાખોની સંખ્યામાં આવનારા ભક્તો ની સુરક્ષા માટે અવ્યવસ્થા સર્જાય એ માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુલપાણેશ્વર મંદિર નો ભાતીગળ મેળો આ વર્ષે મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો હતો અને મંદિર દ્વારા પૂજા વિધિ કરવાની અને પાલખી યાત્રા કાઢવા ની મંજૂરી આપવામાં આવી હતી. જોકે જાહેરાતના અભાવે મેળો યોજાયો અને ભક્તો પણ મોટી સંખ્યામાં આવ્યા હતા.

**સુલપાણેશ્વર મંદિર ટ્રસ્ટ દ્વારા મહાદેવની પૂજા મહાઆરતી અને પાલખી યાત્રા પણ નિયમ મુજબ નીકળી**

ચૈત્રી ચૌદસ અમાસ નો મેળો એકતાનગર સ્થિત ગોરા ગામ ખાતે યોજાયો. જેમાં મહારાષ્ટ્રં ના વેપારીઓ અને ભક્તો મોટી સંખ્યામાં આ મેળા માટે દુકાનો લાગી, સ્થાનિક વેપારીઓ ને પણ મેળો ચાલુ હોવાની જાણ થતા અન્ય સ્થાનિક વેપારીઓ પણ આવ્યા અને જોત જોતા માં મેળો જામ્યો, સ્થાનિક ભક્તો પણ સુલપાણેશ્વર મહાદેવ ના મંદિરે દર્શન કરવા પહોંચ્યા સોના ચાંદીના ઘરેણાંથી સજ્જ ભગવાન સુલપાણેશ્વર મહાદેવ પાલખી માં બિરાજમાન થઇ ને નગરયાત્રા એ નીકળ્યા હતા. ભક્તો એ મોટી સંખ્યામાં મેળાનો અને દર્શનનો લાભ લીધો હતો.

## ગરુડેશ્વરના નર્મદા બ્રિજ ઉપરથી અસ્થિર મગજના યુવાનની મોતની છલાંગ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે આવેલ નર્મદા બ્રિજ ઉપરથી એક અસ્થિર મગજના યુવાને કૂદકો મારતા તેનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ભોગબનનાર અરૂણભાઈ જેન્તીભાઈ જોગી ઉ.વ.૩૦ રહે. વાંસલા તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓનુ મગજ થોડા સમયથી અસ્થિર થઇ ગયેલ હતુ અને ગાંડા માણસ જેવુ વર્તન કર્યા કરતા હતા. જેઓ નર્મદા બ્રીજ ઉપરથી કુદકો મારી જતા સરકારી દવાખાના ગરૂડેશ્વર ખાતે સારવાર અર્થે લઇ જતા ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કરતા ગરુડેશ્વર પોલીસે અકસ્માત મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચાણસ્માના કોમર્શિયલ બેક સામેના રોડ પર ગટર ઉભરાતા ગટરનું પાણી રોડ પર ફેલાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પાલિકાના વહીવટી કર્મચારીઓના અણઘડ વહીવટના કારણે છેલ્લા કેટલાય સમયથી ચાણસ્માના નગરજનો ને અનેક સમસ્યાઓ નો સામનો કરવો પડી રહ્યો છે.

ત્યારે છેલ્લા ૧ સપ્તાહથી ચાણસ્મા કોમર્શિયલ બેંક રોડ પર અને રૂપાણી પુરા જવાના નાકે ગટરો ચોકપ થઈ જવાના કારણે ગટર ઉભરાઈ જતાં ગટરનું પાણી રોડ ઉપર ફેલાઈ જતાં જાણે ચોમાસા નું વરસાદી પાણી ફેલાયું હોય તેવું જેવા મળી રહ્યું છે. જ્યાં ગટર ઉભરાય છે તેની સામે જ પીવાના પાણીની પાઈપલાઈન જતી હોવાથી ગટરના ગંદા પાણી અને પીવાના પાણીની પાઈપલાઇનનું પાણી ભળી જતાં આજુબાજુ ના વિસ્તારના લોકોએ કોલેરા જેવા રોગ થવાની દહેશત વ્યક્ત કરી હતી જ્યારે આજ કોમર્શિયલ બેંકવાળા રોડ ની સ્થિતી પણ મગરના પીઢ સમાન બની જવા પામી છે. પાલિકા દ્વારા આ ઉભરાતી ગટરનું તાકિદે રીપેરીંગ કામ કરાવાય તેવી માંગ ઉઠવા પામી છે.



**મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના**

## ભલાડા ગામના ઇસમે મતદાન કરતો વિડિયો બનાવીને ઈન્સ્ટાગ્રામ પર મૂક્યો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ભલાડા ગામે એક વ્યક્તિ દ્વારા મતદાન મથકમાં જ પોતે મતદાન કરતો હોવાનો વિડીયો ઉતારીને તે વીડિયોને instagram ઉપર મૂકીને મતદાનની ગુપ્તતા ન જાળવતો તેની સામે કાયદેસરની પોલીસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગાંધારી ગામના રહીશ ડાયાભાઈ રાયજીભાઈ પટેલને લોકસભા સામાન્ય ચૂંટણી 2024 અનુસંધાને ચૂંટણી પંચે તેમની ફરજ પ્રેસાઈડિંગ અધિકારી તરીકે ભલાડા-૧. (પૂર્વ ભાગ) પ્રાથમિક શાળા મતદાન મથક નંબર 244 ઉપર સોપવામાં આવી હતી. મતદાનના દિવસે બપોર પછી તેમની જાણવા મળ્યું કે લુણાવાડા તાલુકાના ભલાડા ગામના રહીશ સંજયભાઈ કિરીટભાઈ ભોઈ એ પોતે મતદાન કરતી વખતે ગુપ્ત મતદાન નો વિડીયો મતદાન મથકમાંથી જ ઉતારીને તેને instagram પર મૂકવામાં આવ્યો છે જે બાબતે તેઓએ સંપૂર્ણ ખાતરી કરી હતી.

મતદાન મથક ની અંદર કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં પણ ઉપરોક્ત ઈસામી પોતે મતદાન કરતું હોવાનું વિડીયો ઉતારીને તેને instagram પર જાહેર કરવામાં આવતા પ્રિસાઈડિંગ અધિકારી ડાયાભાઈ રાવજીભાઈ પટેલે કોઠંબા પોલીસ સ્ટેશનની ફરિયાદ નોંધાવતો કોઠંબા પોલીસી સંજયભાઈ કિરીટભાઈ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજપીપળા નગરપાલિકા દ્વારા ખાડાના પુરાણના અભાવના કારણે થતા અકસ્માત



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા નગરપાલિકામાં યોગ્ય વહીવટ નહિ થતા અનેક સમસ્યાઓ સામે આવી રહી છે જેમાં ખાસ કરીને શહેર માં પાણી કે ગટર માટે ખાડા તો ખોદવામાં આવે છે પરંતુ કામ પૂરું થયા બાદ મહિનાઓ સુધી ખાડા નું પુરાણ નહિ થતા વારંવાર અકસ્માત થતાં જોવા મળે છે.

**શહેરમાં અનેક ઠેકાણે પાણી કે ગટર ની લાઈનો માટે ખોદેલા ખાડાનું પુરાણ મહિનાઓ સુધી કરાતું નથી**

જેમાં ખાસ કરી ને રાજપીપળા જુના પોલીસ સ્ટેશન પાસે અંબિકા પ્રિન્ટિંગ પ્રેસની સામે ગટર નો ખુલ્લો ખાડો છેલ્લા ત્રણ મહિનાથી ખોદાયેલો ખુલ્લો રહેવા દીધેલો છે જેના કારણે આ જગ્યા પર દરરોજ અકસ્માતો થાય છે છતાં પાલિકા ના પેટનું પાણી હાલતું નથી આજે પણ એક ફોર વ્હીલ ગાડી નું એક તરફની વ્હીલ આ ખાડા માં પડતાં ઘણી જહેમત બાદ તેને બહાર કાઢી હતી.સદનસીબે કોઈને કંઈ ઈજા થઇ નથી પરંતુ વાહનો ને નુકશાન જરૂર થઈ રહ્યું છે માટે પાલિકા શહેર માં આવા ખુલ્લા મુકેલા ખાડા નું વહેલીતકે પુરાણ કરે તેવી માંગ છે.

# તિલકવાડા તાલુકાના વંઢ વિસ્તારમાં દીપડાને પકડવા 10 પાંજરા મૂકાયાં

### 3 દિવસ પહેલાં દીપડાએ યુવાનને ફાડી ખાધા બાદ વન વિભાગ જાગ્યું



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વંઢ ગામે તબેલા પાસે સુતેલા યુવાનને દીપડાએ ફાડી ખાધા બાદ આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. દીપડો નરભક્ષી બની ગયો હોય બે દિવસ પહેલાં દીપડાએ એક યુવાનને ફાડી ખાધો હતો,લોકો બહાર નીકળતા ગભરાતા હતા ત્યારબાદ વન વિભાગે વંઢ વિસ્તારમાં 10 થી વધુ પાંજરા મૂક્યા હતા. તિલકવાડાના વંઢ ગામે તબેલા પાસે સુતેલા યુવાનને દીપડાએ ફાડી ખાધા બાદ વન વિભાગે દીપડાને ઝડપી પાડવા માટે પાંજરાની સાથે સાથે કેમેરાઓ મુકયાં છે. મૂળ રાજસ્થાનથી રોજીરોટી માટે આવેલા અપ્પુસિંગ રાજપૂત પોતાના મિત્રો સાથે દેવલિયા નજીક તબેલા પાસે સુતા હતા ત્યારે રાત્રિ દરમિયાન દીપડાએ તેના ઉપર હુમલો કરી ગળા ના ભાગે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે વન વિભાગ પણ સફાળુ જાગ્યું હતું અને તાત્કાલિક આ તરફના વિસ્તારમાં દીપડાને પકડવા દસ જેટલા પાંજરા મૂકવામાં આવ્યા હતા. તે ઉપરાંત વિવિધ વિસ્તારોમાં કેમેરા પર લગાડવામાં આવ્યા છે.જોકે તિલકવાડા તાલુકાના અનેક ગામોમાં લાંબા સમયથી દીપડાનો આતંક વધતા લોકો ઘરોની બહાર નીકળતાં ગભરાઈ રહયાં હતાં પરંતુ અત્યારસુધી દીપડા પશુઓ ને શિકાર બનાવતા હતા અને હાલમાં એક યુવાન પર હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા બાદ વન વિભાગ કુંભકર્ણ ની નિંદ્રા માંથી જાગ્યું અને પાંજરા મૂક્યા જો વન વિભાગે સત્વરે પાંજરા મૂકી દીપડા ને પકડ્યો હોત તો કદાચ એક યુવાનનો જીવ બચી જાત. તિલકવાડા તાલુકાના લોકો દીપડો પાંજરે પુરાય તેવી રાહ જોઈ રહ્યા છે.

## પતિના ફોનમાં અન્ય મહિલાના અશ્લીલ ફોટા જોઈ પત્ની અભયમ્ ભરૂચની મદદે

ભરત શાહ | રાજપીપળા




ભરૂચના વાલિયા તાલુકાના એક ગામમાંથી મહિલાનો કોલ આવેલ તેમણે જણાવેલ કે મારા પતિના અન્ય મહિલા સાથે સંબંધ છે, જેના સબૂત છે, તેમના ફોનમાં બીજી મહિલાના અસ્લિલ ફોટા છે, મે તે મહિલા સાથે વાત પણ કરી તે પણ મને ધમકાવે છે, હું મારા પતિને કંઈક પૂછું તો મને ધમકી આપે છે, માર મારે છે, મને કંઈ સમજ નહીં પડતાં મેં પતિને સમજાવવા અભયમ 181 ભરૂચની મદદ માંગી ત્યારબાદ 181 અભયમ ભરૂચ ટીમ સ્થળ પર પહોંચી કાઉન્સિલગ કરતાં જાણવા મળેલ કે મહિલાના પતિ છેલ્લા છ મહિનાથી બાજુમાં બીજા ગામમાં રહે છે, ત્યાં રહી બીજા કોઈની ખેતી સંભાળે છે, ઘરે આવતાં નથી, તેહવાર માં આવે, તો પણ ઘરે જમતાં નથી ઘર માં રહેતા નથી, રાત્રે મોડા ફોન આવે છે, તેથી મેં મોબાઈલ ચેક કરતા અન્ય મહિલા સાથે કરેલી ચેટ જોઈ ખરાબ ફોટા જોયા મારા પતિને તે મહિલા વિશે પૂછપરછ કરતાં ગુસ્સો કરી મને માર મારેલ અને છુટાછેડા આપી દેવાની ધમકી આપી હતી. મહિલા હેલ્પ લાઇન ટીમે પતિને સમજાવી કાયદાકીય માહિતી આપેલ, પરતું મહિલાના પતિ પોતાની ભૂલ કબૂલ કરવા તૈયાર ના હતાં, અને ભૂલ ના પકડાય તે માટે મોબાઈલ કે સીમ કાર્ડ તોડી નાખેલ. તેથી મહિલા સાબિત ન કરી શક્યાં, મહિલાને ત્યાં જીવ નું જોખમ લાગતાં પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા માંગતા હતા, તેથી 181 હેલ્પ લાઇન ટીમ મહિલાને નજીકના પોલીસ સ્ટેશનમાં પોહચાડી પોલિસ ફરીયાદ લખાવવામાં મદદરૂપ બની હતી.

## ગોધરા ખાતે NEETની પરીક્ષામાં વિધાર્થીઓને 10લાખ રૂપિયા લઈ ચોરી કરાવવાનું મોટું કૌભાંડ ઝડપાયું

અશેષ વ્યાસ | ખેડા




વિદ્યાર્થીઓને 10લાખ રૂપિયા લઈ ચોરી કરાવવાનું મસ્ત મોટું કૌભાંડ ઝડપાયુ. જિલ્લા કલેકટર ને મળેલી અંગત માહિતીના આધારે સમગ્ર કૌભાંડ આવ્યું સામે જિલ્લા કલેકટરને મળેલી બાતમીના આધારે નીટની પરીક્ષા કેન્દ્ર ઉપર જિલ્લા અધિક કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીની તપાસ ટીમો દ્વારા તપાસ કરાતા પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેન્ડેન્ટની ગાડીમાંથી 7,00,000 રોકડા મળી આવ્યા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેનમેન્ટ ના મોબાઈલમાંથી whatsapp ચેટમાં કુલ છ વિદ્યાર્થીઓને ચોરી કરાવી એક વિદ્યાર્થી દીઠ દસ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ત્રણ ઈસમો વિરૂદ્ધ નોંધાવાઈ પોલીસફરિયાદ જય જલારામ સ્કૂલ ગોધરાના શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાના રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા નામના ઈસમ સામે નોંધાઈ પોલીસ ફરિયાદવિશ્વાસઘાત ,છેતરપિંડી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ની વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધાઈ.

**નર્મદા જિલ્લાના જિતનગર ખાતે**

## ટ્રાફિક નિયમન તથા રોડ સેફ્ટીને લગતો સેમીનાર યોજાયો

ભરત શાહ | રાજપીપળા

પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ.નર્મદા જીલ્લામાં રાજપીપલા એન.સી.સી. કેમ્પ જીતનગર ખાતે 9-Guj.Naval N.C.C. નવસારી ચિખલીના-૧૫૦ જેટલા કેડેટ્સ તાલિમાર્થીઓ માટે ટ્રાફિક નિયમન તથા રોડ સેફટી ને લગતો સેમીનાર રાખવામાં આવેલ, જેમા 9-Guj.Naval N.C.C. નવસારી ચિખલીના લેફ્ટીનન્ટ કમાન્ડર સ્વપ્નીલ.આર.શીંગા, ચીફ ઈન્સ્ટ્રક્ટર (Trg)મુનીષ શર્મા, તથા રજ્જાક મોગલ પેટી ઓફિસર તેમજ એન.સી.સી. સ્ટાફના જવાનો અને જીલ્લા ટ્રાફિક પોલીસ સ્ટાફના જવાનો હાજર રહ્યા, જેમાં જીલ્લા ટ્રાફિક પો.સ.ઇ. એસ.એસ.મિશ્રા નાઓએ એન.સી.સી. કેડેટ્સના જવાનોને ટ્રાફિક નિયમન તેમજ મોટર સાયકલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ નહી કરવો તેમજ કાર કે અન્ય કોઈ ફોર વ્હીલર વાહન ચલાવતી વખતે શીટ બેલ્ટ અવશ્ય બાંધવો અને રોંગ સાઇડમાં વાહન ચલાવવું નહી તેમજ ઓવર સ્પીડમાં ડ્રાઈવીંગ નહી કરવા, ડ્રાઈવીંગ લાયસન્સની જરૂરીયાત અને ડ્રાઈવીંગ લાયસન્સ કેવી રીતે મેળવી શકાય? તે બાબતેનું જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી અને એન.સી.સી. કેડેટ્સ સાથે ટ્રાફિકના નિયમો તેમજ પોલીસ તપાસ બાબતે ચર્ચા વિચારણા કરી પોતાની અમૂલ્ય જીદંગી બચાવવા અપીલ કરી, આમ નર્મદા જીલ્લા ટ્રાફિક પોલીસ જાહેર જનતા પાસે ટ્રાફિકના નિયમોનું સુચારૂ સ્વરૂપે પાલન કરાવવા માટે હંમેશા પ્રયત્નશીલ છે.

# ઈ. સ.1434 વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજનો દિવસ એટલે લુણાવાડા નગરનો ગૌરવવંતો ઈતિહાસ










જગદીશ ત્રિવેદી | ખારોલ

લુણાવાડા નગર નો આજે તારીખ ૧૦/૦૫/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ 591 મો નગર સ્થાપના દિન ઉજવવામાં આવી રહ્યો છે. માનવ હૃદયમાં જો કોઈ પહેલું સ્થાન હોય તો તે માતાનું છે અને પછી આવે 'માતૃભૂમિ' કે જેના સાનિધ્યમાં જન્મ થયો હોય જેના ખોળામાં ઉછર્યા હોઈએ તેવી મા ભોમ નું સ્થાન આવે છે. અત્યારે હાલમાં જો લુણાવાડા નગર વસેલું છે ત્યાં પહેલા ગીચ ગાઢ જંગલ આવેલું હતું ત્યાં વનમાં મહર્ષિ લુણનાથ એકાંતમાં યોગ સાધના કરતા હતા ત્યારે સ્વીકારે નીકળેલા ભીમસિંહ એકવાર તેમની પર્ણ કુટીરમાં આવી પહોંચ્યા હતા યોગીશ્વરે તેમના મનની મૂંઝવણ જાણી અને તે સ્થળે નગર વસાવવાનો આદેશ આપ્યો હતો.

ઈસવીસન ૧૪૩૪ ના વૈશાખી ૩ (અખાત્રીજ) અક્ષય તૃતીયા ના નામે ઉજવાય છે તે દિવસે રાજા ભીમસિંહ એ નાથ સંપ્રદાયના સિદ્ધપુરુષ લુણનાથના નામથી લુણાવાડા નગરની સ્થાપના કરી હતી આ દિવસ એ લુણાવાડા



નગરનો જન્મદિન ગણવામાં આવે છે સાહિત્યકારોએ તેને લાવણ્યપુર તરીકે ઓળખાવી છે અને હાલ તે લુણાવાડા તરીકે પ્રચલિત છે લુણાવાડા નો ઈતિહાસ અંદાજે 500 વર્ષ જૂનો હોવાનું મનાય છે.

મહર્ષિ એ પોતાની પાસેનું પવિત્ર શિવલિંગ તેમ સ્થાપિત કર્યું અને નગર દેવતા લુણેશ્વરનું પવિત્ર મંદિર બનાવ્યું અને હાલ દરબારગઢમાં ભુવનેશ્વરી માતાનું મંદિર આવેલું છે ત્યાં પણ ધજારો પણ કર્યું હતું. મહારાજા ભીમસીહે લુણાવાડા નગર વસાવતા પહેલા દેવ પટ્ટન ની સ્થાપના કરી હતી મહારાજા ભીમસિંહના સમયની ગગનચુંબી મહેલાતો, શિવાલયો, વાવ, કુવા અને પ્રજાના અસંખ્ય મકાનો વગેરે નગરની સમૃદ્ધિ ક્યાં જઈને સંતાઈ ગઈ તેનો આજે પણ અંદાજો આવતો નથી.

લુણાવાડા રાજ્યનો પ્રદેશ નૈસર્ગિક પહાડી મુલક છે આ પહાડ અરવલ્લી પર્વતની શાખાઓ છે પર્વતો,, નદી અને નાના નાના ઝરણાઓથી આ મુલક કુદરતી સૌંદર્યથી ભરપૂર જોવા મળે છે. લુણાવાડા ગિરિમાળા ની તળેટીમાં કિલ્લામાં વસેલું નગર છે મધ્યયુગમાં ગુજરાતના ઈતિહાસમાં જેમ અણહિલપુર પાટણ પ્રસિદ્ધ હતું આજે સોલંકી વંશમાં લુણાવાડા ભારત વર્ષમાં પ્રચલિત છે લુણાવાડા નગર ને 'છોટે કાશી'તરીકે પણ ઓળખવામાં આવે છે. મહારાણા ભીમસિંહ પછી મહારાણા નારસિંહજીએ શાસન કર્યું હતું તેમના સમયમાં લુણાવાડા ને ફરતો કિલ્લો ઈ.સ ૧૭૧૮ માં બન્યો હતો .કિલ્લા ને તે સમયે પાંચ દરવાજા હતા જેમાંથી આજે ત્રણ દરવાજા જેમાં દરવાજા અને એક શહેરા દરવાજો મોજુદ છે. લુણાવાડામાં તોપખાનું પણ ઘણું જ વિશાળ પ્રમાણમાં હતું અંદાજે વિવિધ નામો ધરાવતી 23 તોપો લુણાવાડાના કિલ્લાઓના બુરજ ઉપર મૂકવામાં આવેલી હતી. બરકોલી દરવાજા દખણાદા બુરજ પર મુકેલ તોપ નું નામ 'મંગલા'હતું અને દેવળ માતાના બુરજ પર મુકેલ તોપ નું નામ 'નાગણી'હતું.

ઈસવીસન ૧૮૧૭ 17 મો હોલકર અને સિંધિયા દિવાન પાટનકરે લુણાવાડા પર હુમલો કર્યો હતો યુદ્ધમાં સરદાર મેઘરાજ અને મહેતા રૂપા વ્રજદાસ શહીદ થયા હતા તેમની યાદમાં કાલિકા માતાના ડુંગર ઉપર સ્મારક છત્રી બાંધવામાં આવી હતી જે આજે પણ કાલિકા માતાના ડુંગર ઉપર જોવા મળે છે તેને 'રૂપા છત્રી'ના નામે પણ ઓળખવામાં આવે છે. મહારાણા દલેલ સિંહજી એ લુણેશ્વર મંદિર ની પાછળ વાવ બંધાવી હતી કિશનસાગર અને વસંત સાગર તળાવ પણ તેઓએ બંધાવ્યા હતા તેમના સમયમાં ઈ.સ.૧૯૦૨ મ લુણાવાડામાં રેલવે આવી હતી પરંતુ આજે આ રેલવે સેવા નેતાઓની સેવાતી ગોર ઉદાસીનતાના કારણે બંધ થઈ જવા પામી છે લુણાવાડાના માંડવી બજાર નો ટાવર નાથ સંપ્રદાયના હાથમાં ગીરીએ બંધાવ્યું હતું.

ઈ.સ.૧૯૧૬ માં મહારાણા વખતસિંહજીના વરદ હસ્તે હાલના બિલ્ડીંગ સજ્જન કુંવરબા હાઈસ્કૂલનું ખાદમુરત કરવામાં આવ્યું હતું ગાંધી કુટીરનું શિલારો પણ ઈસવીસન ૨૦૦૪( વર્ષ ૧૯૪૮) રામ નવમી ના દિવસે કર્નલ હીજ હાઈનેસ મહારાણા વીરભદ્રસિંહજી સંસ્થાન લુણાવાડાના હસ્તે કરવામાં આવ્યું હતું આપણા દેશમાં સૌપ્રથમવાર મહાત્મા ગાંધીજીના પુનિત સ્મરણાર્થે તે જમાનામાં છેલ્લા શાસન કરતા રાજવી મહારાણા વીરભદ્રસિંહજીએ ગાંધી કુટીર માટે આશરે 30000 ચોરસ ફિટ જમીન ધોરી માર્ગને અડીને ફાળવી આપી હતી તથા તે સમયગાળાના રૂપિયા ૧૫ હજારનું દાન પણ કરેલું હતું. મહારાણા વખતસિંહજીના અવસાન પછી રણજીતસિંહના પુત્ર વીરભદ્રસિંહજી 1930 માં ગાદીએ આવ્યા મહારાણા વીરભદ્રસિંહ અંગ્રેજી શિક્ષણ આપતી માધ્યમિક સંસ્થા શરૂ કરી અને ૧૯૪૫ માં લુણેશ્વર મંદિરના 507 વર્ષ પૂર્ણ થતો જીર્ણોદ્ધાર વિક્રમ સંવત ૧૯૮૧ માં કરવામાં આવ્યો હતો અને તે શુભ દિવસે ચોદીનો કળશ મંદિર પર ચઢાવવામાં આવ્યો હતો.

મહારાણી શ્રી સ્વરૂપ કુંવરબા જેવો મહારાણા વખતસિંહજીના ધર્મપત્ની હતા તેમના નામ પરથી ઈ.સ.૧૮૯૯ માં (છપ્પનિયા કાળ ) વરધરી નજીક ૯૯૯ વીઘા માં પથરાયેલા તળાવ જે આજે પણ સ્વરૂપ સાગર તળાવ તરીકે ઓળખવામાં આવે છે. ઈ સ.૧૯૧૧ સંસ્કૃત પાઠશાળા ની સ્થાપના અને ઉચ્ચ




શિક્ષણ માટે હાઈસ્કૂલની સ્થાપના કરેલી હતી. ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકાર સ્વર્ગસ્થ નંદશંકર તુલજાશંકર મહેતાએ 'કરણ ઘેલો'નવલકથાની રચના લુણાવાડામાં કરી હતી તેઓએ લુણાવાડા સ્ટેટમાં એડમીની સ્ટેટર તરીકે સુંદર સેવાઓ પણ આપી હતી'કરણ ઘેલો'નવલકથા ઈ સ.૧૮૬૬ મ પ્રકાશિત થઈ એની લખવામાં લેખક નંદશંકર તુલજાશંકર મહેતા ની ત્રણ વર્ષ લાગ્યા હતા શરૂઆતના પ્રકરણ લુણાવાડામાં લખાયા હતા. પોતાની અતિ વ્યસ્તતા અને રાજદ્વારી નોકરીના કારણે લેખકને સંદેહ હતો કે એમનો આ પ્રયાસ પૂરો નહીં થાય અને એટલે એમણે મહાદેવજીનું સ્મરણ કર્યું અને માનતા લીધી હતી કે જો આ નવલકથા પૂરી થશે તો હું આપનું એક નાનકડું મંદિર બનાવીશ.

ત્યારબાદ આ લેખક કચ્છના દીવાન થયા હતા પરંતુ આ બધાની વચ્ચે ગુજરાતી ભાષાની આ પ્રથમ નોવેલ શિવ કૃપાથી પૂરી તો થઈ જ ગઈ અને લેખકે તેની ખુશીમાં લુણાવાડા ખાતે વાસીયા તળાવના રમણીય કિનારે મંદિર બનાવ્યું હતું જેનું નામ'નંદકેશ્વર મહાદેવ'આપવામાં આવ્યું હતું પુસ્તક માટેની આવી રસપ્રદ કથા કદાચ વિશ્વ સાહિત્યમાં પણ નહીં હોય.'કરણ ઘેલો'સોળ વિસ્તૃત પ્રકરણોમાં આલેખાયેલી ઐતિહાસિક નવલકથા છે ગુજરાત ના છેલ્લા રાજપૂત રાજા કર્ણદેવ એના નાયક છે જે એમની વિલાસિતતા માટે ઈતિહાસમાં જાણીતા છે એટલે જ એને કરણઘેલો કહેવાય છે નંદશંકર નું ભાષા વૈભવ પોતીકો છે તે સમયે આવી અનુપમ કલાત્મક નવલકથાના શ્રી ગણેશ કરવા એ નાની સુની વાત ન હતી. મહારાણા વીરભદ્રસિંહજી ના મોટાભાઈ યુવરાજ લાલસિંહજીના નામ પરથી'શ્રી લાલસિંહજી સાર્વજનિક લાઈબ્રેરી'ની સ્થાપના કરવામાં આવી જે હાલમાં લુણાવાડા નગરના શહેરા દરવાજા પાસે મોજુદ છે જિલ્લાની 10 લાઈબ્રેરી ઓ માની એક છે.

લુણાવાડા નગરના ઉત્તર -પશ્ચિમ ખૂણાના છેડે ગ્રામ દેવી દેવળ માતાનું મંદિર આવેલું છે દેવળ માતાએ નાગરોની કુળદેવી માનવામાં આવે છે લુણાવાડા નગરની મધ્યમાં રાજમાતા શ્રી કુશલ કુવરબાએ સંવત ૧૮૦૪ ના અખાત્રીજના દિવસે શ્રી રામચંદ્રજીનું મંદિર બંધાવ્યું હતું અને આજુબાજુની જમીન દાનમાં પણ આપી હતી અને મહારાણા કુંભાજી મધવાસ ગામે ઈ સ.૧૫૮૬ મા અખાત્રીજના દિવસે મધવેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી. બાકોર નજીક આવેલ કલેશ્વરી માતાજીના મંદિરનો જીર્ણોધ્ધાર ઈ.સ.૧૫૪૬ મ મહારાણા માલાજીએ કર્યો હતો અને ત્યારબાદ ઈ.સ.૧૮૭૦ મા મહારાણા વખતસિંહજી એ કુંડ, સ્તંભ અને ઘુમ્મટવાળું મંદિર બનાવ્યું હતું.

લુણાવા નગરમાં ડેરાફળીમાં વાસુ પૂજ્ય સ્વામીનું પ્રાચીન દેરાસર આવેલું




છે જેમાં મહારાણા વખતસિંહજીએ કીમતી આભૂષણો અને પૂજાપાની અન્ય સામગ્રી પણ ભેટ આપી હતી. કુદરતી સૌંદર્યની લાહણી પામેલું આપણું લાવણ્યમય નગર લુણાવાડા ખરેખર કાલિકા માતાના ડુંગરથી ખૂબ જ રમણીય અને અહલાદક લાગે છે ડુંગર પરથી ગામનું દ્રશ્ય અને મહી, પાનમ અને વેરી નો ત્રિવેણી સંગમ થણુ દર્શન ખૂબ જ અહલાદક , મનમોહન અને પ્રેરક બની રહેવા પામ્યું છે

રાજ મહેલથી પહાડમાં થઈ કાલિકા માતાના મંદિરે જતો પહાડીમાર્ગ માંડવગઢના કિલ્લાની યાદ આપે છે લુણાવાડા શહેરમાં ગામે ગામ રાજપુત, બ્રાહ્મણ, સુથાર, લુહાર, પાટીદાર, કુંભાર, કોળી, ખરાદી, માછી, ભોઈ, વાદી, નટ, મુસલમાન, વોહરા, ઘાંચી અને દલિતની વસ્તી છે લુણાવાડા ના કેટલાય નર રત્નો દેશના બીજા ભાગોમાં અને પરદેશમાં વસવાટ કરી રહ્યા છે.

લુણાવાડા રાજ્ય કોઠંબા, ખાનપુર, વરધરી, નોંદરવા અને બાકોર પાન્ડરવાડા ના મહાલોથી વહે ચાલુ છે અંતે મહાલોમાં જુના પુરાણા ભરચક મકાનો પણ છે ખાનપુર મહાલ ના લીંબડીયા ગામમાં સુંદર કારીગરી વાળો મહારાજા સાહેબ નો મહેલ પણ આવેલો છે શામળા ગામમાં તળાવના કિનારે મહારાણી સાહેબનો સુંદર અને દેદીપ્યમાન મહેલ છે આ સિવાય મહારાજા હરિશ્ચંદ્રસિંહજી નો ખારોલ મહારાજનો અને ગોરાણા મહારાજના બંગલાઓના અવશેષો તાલુકા ગામોની મહત્તા વધારતા જોવા મળી રહ્યા છે.




લુણાવાડાના હસ્તપ્રત ભંડારમાં વિવિધ વિષયોને લગતી હસ્તપ્રતો મોજુદ છે લુણાવાડામાં શત્રુંજય મહાતમ્ય નો હસ્તપ્રત સંવત ૧૯૫૯ મ સ્તંભ તીર્થમાં લખેલ છે તેમાં શત્રુંજય મહાતીર્થનું વર્ણન પણ કરવામાં આવેલ છે. લુણાવાડા, દેવગઢ બારીયા અને અન્ય રાજ્યો ચલણમાં કોપરના સિક્કા પોતાના રાજ્યમાં જ ચાલે તે રીતે દાખલ કર્યા. લુણાવાડા નગરની જુની પોસ્ટ ઓફિસ નજીક આવેલ ગેલી માતાના મંદિરમાં જીવમૃતની સ્થાપના કરવામાં આવેલી છે તે મૂર્તિ તેની બાજુમાં આવેલા કુવામાંથી મળી આવી હતી તેથી તે કુવાની ગેલી માતાનું કુવો કહેવામાં આવે છે..

લુણાવાડા થી અંદાજે 20 કિલોમીટર દૂર લવાણા ગામ નજીક કલેશ્વરી ની નાળમાં પ્રાચીન મૂર્તિઓના અવશેષો ખંડિત હાલતમાં જોવા મળી રહ્યા છે કુંડ તથા સાસુ વહુની વાવ જોવાલાયક છે. મુખ્ય દેવી કલેશ્વરી માતાનું ખંડેર મંદિર આવેલું છે . કુંડમાં નવદુર્ગા, નવગ્રહ, ચામુંડા, સૂર્ય વિગેરે આકૃતિઓ જોવા મળે છે આ બાંધકામ 10 મી સદીમાં બનાવવામાં આવેલ હોય તેવું માનવામાં આવી રહ્યું છે લુણાવાડામાં બે જગ્યાએ હાથીઓ રાખવાની સગવડ હતી તે હાથી ખાના તરીકે ઓળખાય છે (૧) હાથી ખાના દર્કોલી દરવાજા પાસે હતું જેમાં ૮ થી ૧૦ હાથી હતા (૨) જુના દરબાર ગઢમાં હાલમાં ઔદિચ્ય ની વાડી ના પશ્ચિમ ભાગે મેલમાં મોટું હાથીનું ખાણ હતું ત્યાં પણ સાતથી આઠ જેટલા હાથી હતા હાથીઓને શણગારી ને સવારી કાઢવામાં આવતી હતી અને શ્રી વખતસિંહજી મહારાજ સાહેબ સોનાની અંબાણી માં હાથી ઉપર સવારીમાં નીકળતા હતા.

નગર સ્થાપના દિન ઉત્સવ દ્વારા નવી પેઢીની સભાન કરવાનો અને ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવવાનો ખૂબ જ ઉમદા પ્રયાસ છે. લુણાવાડા નગર ને હજી પણ વધુને વધુ સ્વચ્છ અને રળિયામણું બનાવવા માટે આ સ્થાપના દિનની ઉજવણી નિમિત બની રહે એવી શુભ ભાવના છે.

# પ્રાચીન યુગમાં સ્ત્રીઓ ઉંમરલાયક થવા છતાં યુવાન દેખાતી હતી



**દાદી માંના નુસ્ખા**

**- રુપાલી દવે**

ધમધોખતાં તડકામાં નિયમિત નીકળવાનું થતું હોવાથી એની સૌથી વધારે અસર ચહેરા ને થાય છે. અતિશય ગરમીના લીધે ચહેરા ની ત્વચા ડલ અને રુક્ષ થઈ જાય છે.શરીર માં અતિશય ગરમી ના લીધે અળાઈ, ગડ ગુમન્ડ,ધાધર, ખીલ વગેરે જેવા ત્વચાના રોગ થતાં હોય છે.પ્રાચીન સમયમાં સ્ત્રીઓની ઉમર ઉમરલાયક થવા છતાં યુવાન લાગતી હતી એનું કારણ દાદીમાંના નુસ્ખા ની અજમાઈશ વધારે થતી હતી. વિદેશી પ્રજા ભારત માં પ્રવેશતા જ ભારતીય સ્ત્રીઓના સૌંદર્ય ને નિહાળતા અચંબા માં પડી ગયા હતા.એશી નેવું વર્ષ ની સ્ત્રીનું સૌંદર્ય એ વીસ પચીસ જેટલું લાગતું હતું.શરીર માં ચહેરાની ત્વચા વધારે સંવેદન શિલ હોય છે ને ચહેરાની ત્વચા એ શરીરના અન્ય અંગો કરતા વધારે પ્રોજેક્ટ થતી હોય છે એટલે ચહેરાની સુંદરતા નું વિશેષ ધ્યાન રાખવું પડે છે. ચહેરો એક જ શરીર નું એવું અંગ છે કે વિના બોલ્યે પણ શરીર ની પીડા વ્યક્ત કરી દે છે.પ્રાચીન કાળમાં સ્ત્રીઓના વાળ પગ સુધી લાંબા હતા ને ખુલ્લા પગે ચાલતી હતી છતાંય પગની પાની ગુલાબી દેખાતી હતી.આંખ નાની હોય કે મોટી જે કદ ની હોય છતાંય આંખ ભાવવાહી બોલતી હસતી વાતો કરતી લાગતી હતી સ્ત્રીઓની આંખ બોલ્યા વગર સામેની વ્યક્તિ સમજી જતી હતી. એનું કારણ નિયમિત સ્ત્રીઓ પુરુષો ને કાજલ લગાવવાની આદત હતી.

વર્તમાન સમયમાં યુવક યુવતીઓનું ફોકસ વધારે વિદેશી મોંઘી બ્રાન્ડ માં વધારે હોવાથી ૩૫-૪૫ ની ઉમરે ત્વચા ડલ અને ડાઘા ડુંઘી વાળી થઈ જતી હોય છે.એનું મુખ્ય વિદેશી કે સ્વદેશીએ બ્રાન્ડ એ પ્રાદેશિક લોકોના સ્કિન ટોન આધારિત બનતી હોય છે.પ્રત્યેક બ્યુટી બ્રાન્ડ બધાના ચહેરા પર અનુકૂળ નથી આવતી હોતી.આ ઉપરાંત વિદેશી બ્રાન્ડ માં કુદરતી પદાર્થો સાથે કેમિકલ યુક્ત હોય છે એટલે શરૂઆતમાં સ્કિન ને નિખારે છે પરંતુ એનો નિયમિત ઉપયોગ કરવાથી ત્વચા ને નુકશાન કરે છે.

બેત્રણ દિવસ પહેલાની વાત કરું તો નજીક ના સબંધી ની દીકરી ના લગન હતા એટલે મળવા ગઈ હતી.મે વાત વાતમાં કીધું કે બેટા,પાર્લર વગેરે માં તૈયાર થવા કરતાં ઘરે સાદા મેકઅપ અને હેર સ્ટાઈલ કરીશ તો વધારે સુંદર લાગીશ. આમપણ તારા ચહેરા ની નમણાશ અને ત્વચાનો કલર પરફેક્ટ છે.વાત પૂરી કરું ત્યાં દીકરી ના મમ્મી બોલ્યા કે મારે મારી દીકરીના લગન માં એકપણ કચાશ છોડવી નથી.પાર્લર માં રેડી થવા માટે ૫૦,૦૦૦ એડવાન્સ ભરી દીધા છે.લગ્ન માં રેડી થવા માટે ૧લાખ ની ઈટાલીની બ્રાન્ડેડ મેક અપ કીટ પસંદ કરી છે.આમ તો ચીલા ચાલુ ભારતીય બ્રાન્ડ ની મેકઅપ કીટ વીસ પચીસ હજારની અવેલેબ્લ છે પણ ખર્ચવા જ બેઠા છીએ તો પાછું વળીને જોવાનું નહિ.બેન,મારા જેઠ ની દીકરી એ ૭૫૦૦૦ ની કીટ વાપરી હતી તો એનાથી ઉપર તો ઉઠવું પડે ને.આધુનિક મેકઅપ,હેર સ્ટાઈલ,કિંમતી ઘરેણાં કપડા વગર લગ્ન ની મજા જ નથી.લગ્ન પ્રસંગ માં ઘરમેળે તૈયાર થવામાં સ્ટેટ્સ.સ્ટેટ્સ નું ધ્યાન રાખવું પડે છે સમજો. મારી દીકરી તો રેગ્યુલર સનસ્ક્રીન ક્રીમ વાપરે છે ને એની કિંમત પણ પાંચ હજાર છે..

૬૦ -૭૦ વર્ષે પણ કરચલી, ડાઘ દાગ વગરનો સ્વચ્છ તાજગી થી ભરપુર ચહેરાની ત્વચામાં યુવાની જેવો રાખવો હોય તો વિવિધ દાદી માં ના નૂસખા અજમાવવા જોઈએ. આ નુસખા માં વપરાતા બધાજ પદાર્થો કુદરતી ને તમારા રસોડા માંથી જ મળી જશે.તમને ખબર છે પ્રાચીન કાળ મા એ સમયની સૌથી સુંદર સ્ત્રી શાસક કલીઓપેટ્રા એ એની સુંદરતા અકબંધ રહે એટલે ગધેડી ના દૂધ થી સ્નાન કરતી હતી. કુદરતી ફૂલો માંથી બનાવેલ ઔષધિઓ અને લેપ એના માટે નિયમિત તાજા તૈયાર થતા હતા. ભારતનું પ્રાચીન કાળ નું આયુર્વેદ વિજ્ઞાન મડ થેરેપી છે.પ્રાચીન કાળમાં સાબુ વગેરે નહતા એટલે લોકો મડ એટલે માટી પલાળી સ્નાન કરતા હતા. આ થેરપી થી ત્વચા મજબૂત ને ખીલે છે. બ્યુટી ટ્રીટમેન્ટ માં મડ થેરપી એ વિદેશ માં લોકોને મનપસંદ બની ગયું છે.શરીર ને પલાળેલા મડ એટલે ગારા માં ડૂબકી લગાવીને સૂકવવામાં આવે છે..

### દાદી ના નુસ્ખા :

૧. મુલતાની માટીમાં ગુલાબ જળ નાખી ને મિક્સ કર્યા બાદ પીછી થી હળવા હાથે ચહેરા પર લગાડી દેવાની. અથવા તો મુલતાની માટી પલાળી ને એમાં લીંબુ રસ ના બેત્રણ ટીપાં નાખી હલાવી ને લગાવવાથી ત્વચા મજબૂત અને ચમકદાર બની જાય છે.ત્વચા ચહેરા ની ટાઈટ નેસ ના લીધે ચહેરા ની નસ માં બ્લડ સરક્યુલેશન વધી જતું હોય છે. મુલતાની માટી એ ત્વચા માટે ખૂબ જ ઉપયોગી અને ફાયદાકારક નીવડે છે.

૨. મુલતાની માટી ની સાથે કાકડી ખીરા,લીંબુ નો રસ ભેળવીને લેપ બનાવી ને કમ સે કમ પાચ દસ મિનિટ ચહેરા પર લગાવશો તો ઉનાળા માં ગરમી પરસેવા ના લીધે ફોડકી,ખીલ વગેરે માંથી અચૂક મુક્તિ મેળવી શકાશે. મુલતાની માટી નો બીજો ઉપયોગ વાળ ને ચમકીલા અને મુજબૂત બનાવવા માં પણ થાય છે. મુલતાની માટી માં કેલ્સિયમ નું પ્રમાણ વધારે હોવાના લીધે પ્રાચીન સમયમાં કેલ્શિયમની ખામી માટે વૈદ્ય મુલતાની માટી ખવાની સલાહ આપતા હતા.ઘાવ કે ગડ ગુમાડ માં પણ મુલતાની માટી લગાડવાથી ફટાફટ રુઝાઈ જતું હતું. મુલતાની માટી નું ફેસ પેક ગરમી માં ત્વચા ને રીફ્રેશ કરી નાખે છે.



ધાર્મિક ગ્રંથો કે પ્રાચીન નાટકો વગેરે માં ચંદન લેપ નો ઉલ્લેખ આવ્યા કરે છે. ચંદન એ ભગવાન વિષ્ણુ નું અતિપ્રિય છે.ચંદન હલ્દી વગર વિષ્ણુ પૂજા અધૂરી માનવા મા આવે છે. તિરૂપતિ બાલાજી મંદિર મા ભગવાન ના બારેય અંગોમાં નિયમિત ચંદન લગાવવા માં આવે છે.

૩. ત્વચા તૈલી હોય તો શું કરવું? તૈલી ત્વચા ચિપ ચિપી ત્વચા માંથી મુક્ત થવા શું કરવું? લ્યો ત્યારે દાદી માં ના ભંડાર માંથી નુસખો હાજર છે. તૈલી ત્વચા મ ા ટે



અકસીર ઉપાય "ચંદન" ચંદન ને ગુલાબ જળ માં મિક્સ કરીને લેપ લગાવવા થી અથવા તો ચંદન અને હળદર માં ગુલાબ જળ મિક્સ કરીને લગાવવા થી તૈલી ત્વચા માંથી મહદઅંશે છુટકારો મેળવી શકાય છે.

૪. ચહેરા ની રુક્ષ ખબચડી ત્વચા ને સુંદર મુલાયમ બનાવવી હોય તો ચણા ના લોટ માં દહી નાખીને લેપ તૈયાર કરો.આ લેપ કમ સે કમ દસ મિનિટ એકદમ સુકાઈ ત્યાં સુધી રાખો. દસ મિનિટ બાદ બહાળા પાણી થી ચહેરો ધોઈ નાખો.આ ઉપાય મહિના ના માં બે વાર કરવાથી સ્કિન મજબૂત,મુલાયમ અને ચમકીલી બનશે..

આમ તો પ્રાચીન કાળ માં દાદીમા ના નુસ્ખા રસોડા માંથી નીકળી ને દેશ વિદેશ માં પોહચી ગયા.દેશ વિદેશ માં આ નુસખા નો સ્પા માં ભરપુર ઉપયોગ થાય છે ને અધધધ રૂપિયા ખર્ચી ને કરાવીએ છીએ. "દાદી માં" એટલે પ્રાચીન કાળનું હારતું ફરતું સ્ત્રીઓ અને પુરુષોના સૌંદર્ય ને નીખરતું બ્યુટી પાર્લર.. પ્રાચીન સમય નું આ બ્યુટી પાર્લર બીજે ક્યાંય નહતું "રસોડા" માંથી નીકળી ને બધેય એની ફોરમ ફેલાવતું હતું.

# ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી હોવા છતાં સ્થાન બનાવવું સરળ નહોતું

## અલ્લુ અર્જુને કહ્યું, 'પહેલી ફિલ્મ હિટ હોવા છતાં મેકર્સ દેખાવને કારણે રિજેક્ટ કરતા હતા...'



(એજન્સી) મુંબઇ | ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી હોવા છતાં અલ્લુ અર્જુન માટે ફિલ્મી દુનિયામાં સ્થાન બનાવવું સરળ નહોતું. તાજેતરમાં જ એક ઈવેન્ટમાં તેણે ખુલાસો કર્યો હતો કે તેની કારકિર્દીના શરૂઆતના તબક્કામાં તેને કામ મેળવવામાં ઘણી તકલીફ પડી હતી કારણ કે ફિલ્મ નિર્માતાઓ અનુસાર તે દેખાવમાં સારો ન હતો.
અલ્લુએ 2003માં ફિલ્મ 'ગંગોત્રી'થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી તેને પહેલી સફળતા ડાયરેક્ટર સુકુમારની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'આર્યા'થી મળી. તાજેતરમાં આ ફિલ્મના 20 વર્ષ પૂરા થવા પર હૈદરાબાદમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અલ્લુ પણ ઈવેન્ટમાં પહોંચ્યો અને તેણે પોતાની ફિલ્મી જર્ની વિશે કહ્યું, 'મારી પહેલી ફિલ્મ 'ગંગોત્રી'એ સારી કમાણી કરી હતી પરંતુ એક કલાકાર તરીકે મારી નિષ્ફળતા એ હતી કે હું મારી ઓળખ બનાવી શક્યો નહીં. હું કંઈ ન હતો. પરંતુ અભિનેતા નીતિનની ફિલ્મ 'દિલ'ની સ્ક્રીનિંગમાં હાજરી આપ્યા બાદ બધું બદલાઈ ગયું. સુકુમારે 'આર્યા' ફિલ્મ માટે મારો સંપર્ક કર્યો. તે નવા દિગ્દર્શક હતા અને મને તેમના દ્વારા લખાયેલી વાર્તા ગમી. ચિરંજીવીજીએ પણ ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળી અને મેં ફિલ્મ કરી. આ ફિલ્મે થિયેટરમાં 125 દિવસ પૂરા કર્યા હતા અને ત્યારે જ મને વિશ્વાસ હતો કે હું પણ મારી જાતને સાબિત કરી શકીશ અને આગળ વધી શકીશ.
સુકુમારે આ ઈવેન્ટમાં જણાવ્યું હતું કે 'આર્યા'ની વાર્તા પહેલા પ્રભાસ અને રવિ તેજાને સંભળાવી હતી પરંતુ બંનેના ઈન્કાર બાદ અલ્લુ અર્જુનને સાઈન કરવામાં આવ્યો હતો. અલ્લુએ ઈવેન્ટમાં એ પણ કહ્યું કે તેની પહેલી ફિલ્મ 'ગંગોત્રી'એ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું હોવા છતાં તેને કામ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો કારણ કે તે જ્યાં પણ જતો હતો, લોકો તેને તેના લૂકના કારણે રિજેક્ટ કરતા હતા.
અલ્લુનો જન્મ 8 એપ્રિલ 1983ના રોજ ચેન્નાઈ, તમિલનાડુમાં થયો હતો. તેના પિતા અલ્લુ અરવિંદ ફિલ્મ નિર્માતા હતા, દાદા અલ્લુ રામલિંગ્યા પદ્મ વિભૂષણથી સન્માનિત કોમેડિયન હતા. સાઉથના સુપરસ્ટાર ચિરંજીવી અલ્લુ અર્જુનના ફુઆ છે અને પવન કલ્યાણ તેના અંકલ છે.
અલ્લુ આ વર્ષે ફિલ્મ 'પુષ્પા 2'માં જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે 15 ઓગસ્ટે રિલીઝ થશે. સુકુમાર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ડિસેમ્બર 2021માં રિલીઝ થયેલી ફિલ્મ 'પુષ્પાઃ ધ રાઈઝ'નો બીજો ભાગ છે.

# કપિલે સોનાક્ષીને લગ્ન વિશે સવાલ કર્યો...!

## અભિનેત્રીએ કહ્યું, 'ઘા પર મીઠું ના છાંટ, તું જાણે છે કે હું લગ્ન કરવા માટે કેટલી આતુર છું'

(એજન્સી) મુંબઇ | કપિલ શર્માનો શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' આ દિવસોમાં નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહ્યો છે. હાલમાં જ શોના નવા એપિસોડનો પ્રોમો સામે આવ્યો છે જેમાં વેબ સિરીઝ 'હીરામંડી'ની ટીમ પહોંચી હતી. આ વખતે સોનાક્ષી સિન્હા, રિચા ચઢ્ઢા, મનીષા કોઈરાલા, સંજીદા શેખ, શર્મિન સહગલ અને અદિતિ રાવ હૈદરી કપિલના શોમાં ગેસ્ટ તરીકે જોવા મળી હતી. આ બધાએ પર્સનલ લાઈફથી લઈને પ્રોફેશનલ મોરચે અનેક ખુલાસા કર્યા છે.



રિચાએ એક સીન માટે 99 ટેક આપ્યા હતા
પ્રોમોમાં કપિલે તમામ અભિનેત્રીઓને પૂછ્યું કે શું તેઓ ભણસાલી સાથે શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે નર્વસ હતા? તો મનીષા કોઈરાલાએ કહ્યું કે તે લગભગ દરેક શોટ પહેલા નર્વસ હતી. આ પછી રિચાએ બધાને પૂછ્યું કે તમે બધાએ હીરામંડીના શૂટિંગ દરમિયાન કેટલા રિટેક આપ્યા? તેના જવાબમાં સોનાક્ષીએ કહ્યું- મેં ક્યારેય 12 થી વધુ ટેક આપ્યા નથી. આના જવાબમાં રિચાએ ખુલાસો કર્યો કે તેણે એક સીન માટે 99 ટેક આપ્યા હતા. બાદમાં શોમાં કપિલે સોનાક્ષી સિન્હા સાથે તેના લગ્ન વિશે વાત કરી હતી. કપિલે અભિનેત્રીને પૂછ્યું કે હવે જ્યારે આલિયા ભટ્ટ અને કિયારા અડવાણી બંનેના લગ્ન થઈ ગયા છે, તો તેઓ ક્યારે લગ્ન કરવાનું વિચારે છે? જેના પર સોનાક્ષીએ જવાબ આપ્યો- 'તમે ઘા પર મીઠું લગાવો છો.' અભિનેત્રીએ વધુમાં કહ્યું હતું કે તે લગ્ન કરવા માટે આતુર છે.

### 'હીરામંડી' 1 મેના નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે

સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી' 1 મેથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ છે. આ 6 અભિનેત્રીઓ ઉપરાંત, ફરદીન ખાન અને શેખર સુમન જેવા કલાકારો પણ સિરીઝમાં જોવા મળે છે. ભણસાલીએ આ સીરિઝ દ્વારા ઓટીટી ડેબ્યૂ કર્યું છે.



# સલમાન ખાનની ફિલ્મ સિકંદરમાં નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાની એન્ટ્રી

(એજન્સી) મુંબઇ | સલમાન ખાનની ફિલ્મ સિકંદરની જ્યારથી જાહેરાત થઈ છે ત્યારથી લોકો તેની રિલીઝ ડેટની રાહ જોઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે, સિકંદર 2025ની ઈદ પર રિલીઝ થવા જઈ રહી છે. સિકંદર સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હાઉસ હેઠળ બની રહી છે અને તેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે.
નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ ડેટ અંગે પણ સત્તાવાર જાહેરાત કરી છે. આ ફિલ્મમાં સલમાન ખાનની સામે કોણ હશે તેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી.
સિકંદરમાં એક અનોખી જોડી જોવા મળશે. આ અભિનેત્રી બીજું કોઈ નહીં પણ રશ્મિકા મંદન્ના છે. પુષ્પા અને એનિમલની સફળતા બાદ રશ્મિકા હવે પહેલીવાર સલમાન ખાન સાથે કામ કરવા જઈ રહી છે.
સાજિદ નડિયાદવાલાએ રશ્મિકા મંદન્નાને આ ફિલ્મની સ્ટોરી સંભળાવી ત્યારે એક્ટ્રેસ આ રોલને લઈને ખૂબ જ ઉત્સાહિત થઈ ગઈ. તેણે તરત જ ફિલ્મ કરવા માટે હા પાડી દીધી હતી.




સૂત્રોનું માનીએ તો સિકંદર માત્ર એક એક્શન ફિલ્મ નથી. આ એક ખૂબ જ મજબૂત સ્ટોરી છે જે ડ્રામા અને લાગણીઓથી ભરેલી છે. આ એવી બાબતો છે જેના માટે સલમાન અને રશ્મિકા બંને ફિલ્મ કરવા માટે ઉત્સાહિત છે. સિકંદર માટે સલમાન અને સાજિદ ફરી એકવાર સાથે આવી રહ્યા છે. આ પહેલા બંનેએ કિકમાં સાથે કામ કર્યું હતું. હવે પ્રી-પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. રિપોર્ટ્સનું માનીએ તો રશ્મિકા અને સલમાન જૂનથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે.
વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, રશ્મિકા એનિમલની સફળતાનો આનંદ માણી રહી છે. તેની ફિલ્મ પુષ્પા 2ની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મમાંથી રશ્મિકાના લુક પણ સામે આવ્યા છે. આ ફિલ્મ 15 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### વાયરલ ચર્ચા અંગે રણવીરની ટીમનો જવાબ...

# રણવીરે ફોટા ડિલીટ નહિ પણ માત્ર આર્કાઈવ જ કર્યા છે...

(એજન્સી) મુંબઇ | રણવીર સિંહે દીપિકા પાદુકોણ સાથેનાં લગ્નના ફોટા સહિત કેટલીય તસવીરો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી હટાવી દેતા ચાહકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. હવે રણવીરની ટીમે સ્પષ્ટતા કરી છે કે આ ફોટા ડિલીટ નથી કરાયા પરંતુ માત્ર આર્કાઈવ જ કરાયા છે.



ટીમે કન્ફર્મ કર્યું હતું કે રણવીર અને દીપિકા હાલ બેબી મૂન મનાવી રહ્યાં છે. બંને આવનારાં સંતાનના કારણે બહુ જ ખુશ છે અને તેમના લગ્નજીવનમાં હાલ કોઈ સમસ્યા નથી. રણવીરે આ ફોટા ડિલીટ કર્યાની ચર્ચાથી ચાહકો ચિંતિત બન્યા હતા. અગાઉ પણ રણવીર અને દીપિકા વચ્ચે ખટરાગની અફવાઓ આવી ચૂકી છે તેથી ચાહકોને વિશેષ ચિંતા હતી. જોકે, આ ચર્ચા શરુ થઈ તે જ અરસામાં દીપિકા એક પ્લેનની સીડી ચઢતી હોય તેવા ફોટા પણ વાયરલ થયા હતા. તેના પગલે બંને હાલ બેબી મૂન પર હોવાનું પણ સ્પષ્ટ થયું હતું. રણવીર અને દીપિકાએ ૨૦૧૮માં લગ્ન કર્યાં હતાં. ગયા ફેબ્રુઆરીમાં દીપિકાએ પોતે માતા બની રહી હોવાની જાહેરાત કરી હતી.

### સની દેઓલે કહ્યું, બાળપણમાં બધા મારા પર હાથ સાફ કરતા...

# બોબીએ કહ્યું, ભાઈએ બહુ માર ખાધો છે, આજે 100-200 લોકો સાથે એકલા હાથે લડી શકે છે...


(એજન્સી) મુંબઇ | સની દેઓલે કહ્યું કે તેને બાળપણમાં ખૂબ માર મારવામાં આવતો હતો. જ્યારે પિતા ધર્મેન્દ્ર ઘરે ન હતા ત્યારે તેમના સંબંધીઓ તેમને માર મારતા હતા. દેખીતી રીતે સની તોફાન પણ કરતો હશે. સનીએ કહ્યું કે તેઓ એક સંયુક્ત પરિવાર ધરાવતા હતા, બધા સાથે રહેતા હતા. સનીએ કહ્યું કે, જે પણ મને જોતું તે મારા પર હાથ સાફ કરતું હતું.
સનીના આ નિવેદન પર નાના ભાઈ બોબી દેઓલે કહ્યું કે ભાઈએ બાળપણથી માર ખાતો હતો, તેથી આજે તે એકલો 100-200 લોકો પર ભારે છે.
સની દેઓલ અને બોબી દેઓલ તાજેતરમાં કપિલ શર્માના નવા શો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ' શોમાં પહોંચ્યા હતા. બંને ભાઈઓએ તેમના અંગત જીવન વિશે વાત કરી. બોબીએ કહ્યું, 'મને લાગે છે કે ભાઈ મારા કરતાં વધુ કડક માતા-પિતા છે. ત્યારે સનીએ કહ્યું- મને નથી લાગતું કે હું આવો છું. પાપા (ધર્મેન્દ્ર) ખૂબ કડક હતા. જોકે તેઓ ખૂબ જ વ્યસ્ત હતા. અમે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. કાકાનો પરિવાર સાથે રહેતો હતો. સનીની વાત પર બોબી દેઓલે કહ્યું- ભાઈએ બાળપણમાં ખૂબ માર ખાધો છે, તેથી આજે તે 100-200 લોકોને એકલા હાથે હેન્ડલ કરી શકે છે. ગયા વર્ષે રિલીઝ થયેલી બોબી



દેઓલની ફિલ્મ 'એનિમલ' 917 કરોડ રૂપિયાની કમાણી કરીને વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની હતી. આ પછી, સની દેઓલની 'ગદર 2' 691 કરોડના કલેક્શન સાથે વર્ષની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. ધર્મેન્દ્ર સ્ટારર 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'એ બોક્સ ઓફિસ પર 355 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર 7મી ફિલ્મ હતી.

# બ્રેક અપ પછી અનન્યાએ 'બેડ ન્યૂઝ' ફિલ્મ માટે શૂટિંગ કર્યું...

મુંબઇ | વિક્કી કૌશલ અને તૃપ્તિ ડિમરીની ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં અનન્યા પાંડે કેમિયો કરી રહી છે. તેણે પોતાના ભાગના કેટલાંક દૃશ્યોનું શૂટિંગ પણ કરી લીધું છે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. આનંદ તિવારી તેના દિગ્દર્શક છે. કરણ જોહર અનન્યાની કેરિયરનો મેન્ટર પણ છે. તેણે જ અનન્યાને આ મહેમાન કલાકાર તરીકેની ભૂમિકા માટે વિનંતી કરી હતી. અનન્યા આ ફિલ્મમાં એક ફેમસ સ્ટાર તરીકે દેખાશે. તે પોતાના ચાહકો તથા ફોટોગ્રાફર્સથી ઘેરાયેલી હોય તેવાં દૃશ્યોનું શૂટિંગ તાજેતરમાં મુંબઈમાં કરવામાં આવ્યું હતું.



અનન્યા આ પહેલાં કરણ જોહરે બનાવેલી 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં પણ કેમિયો કરી ચૂકી છે.
આજકાલ અનન્યા આદિત્ય રોય કપૂર સાથેનાં તેનાં બ્રેક અપના કારણે ચર્ચામાં છે. તેમના નજીકના મિત્રો એ સ્વીકાર્ય અનુસાર બંને થોડા સમય જ છૂટાં પડી ચૂક્યાં છે.

# ફિલ્મ નિર્દેશક સંગીત સિવાનનું નિધન...!

## 'યમલા પગલા દિવાના-2', 'અપના સપના મની-મની'નું નિર્દેશન કર્યું હતું, રિતેશ દેશમુખે લખ્યું, 'મને તક આપવા બદલ આભાર'



(એજન્સી) મુંબઇ | ફિલ્મ નિર્દેશક અને પટકથા લેખક સંગીત સિવાનનું નિધન થયું છે. તેઓ 65 વર્ષના હતા. તેમણે 'અપના સપના મની-મની', 'ક્યા કૂલ હૈ હમ' અને 'યમલા પગલા દીવાના-2' જેવી પ્રખ્યાત હિન્દી ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું. આ સિવાય તેનણે મોહનલાલ સાથે ત્રણ ફિલ્મોમાં ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. આ ત્રણ ફિલ્મો હતી - 'યોદ્ધા','ગંધર્વમ' અને 'પ્રશનમ'. આ ત્રણેય ફિલ્મો બ્લોકબસ્ટર પણ રહી હતી.
સંગીત સિવાનની 'ક્યા કૂલ હૈ હમ' અને 'અપના સપના મની-મની' જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર રિતેશ દેશમુખે લખ્યું - આ ખૂબ જ દુઃખની વાત છે કે સંગીત સિવાન સર હવે અમારી વચ્ચે નથી. એક નવોદિત તરીકે તેમને મારામાં વિશ્વાસ હતો અને તેમણે મને તક આપી. મારું સપનું પૂરું કરવાની તક આપવા બદલ હું તેમનો પૂરતો આભાર માની શકું તેમ નથી. તેમના નિધનના સમાચારથી મારું હૃદય તૂટી ગયું છે. તેમની પત્ની, ભાઈ અને બાળકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે.



# કેન્સરથી બચવાનો માત્ર 30% ચાન્સ હતો!

## બિમારીની જાણ થતાં જ મારા પતિ ગોલ્ડી બહલના ચહેરાનો રંગ ઊતરી ગયો હતો, હું આઘાતમાં સરી પડી હતી : સોનાલી

(એજન્સી) મુંબઇ | 90ના દાયકાની લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક સોનાલી બેન્દ્રેએ પોતાની કેન્સરની જર્ની વિશે વાત કરી છે. તેણે જણાવ્યું કે કેવી રીતે કેન્સરે તેને અને તેના પરિવારને હચમચાવી નાખ્યો હતો.
તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સોનાલીએ કહ્યું, 'તે ખૂબ જ ચોંકાવનારું હતું. તે સમયે મને આશ્ચર્ય થયું કે મને કેન્સર કેવી રીતે થઈ શકે. જ્યારે મને કેન્સરની ખબર પડી ત્યારે હું રિયાલિટી શો કરી રહી હતી. હું દર અઠવાડિયે શૂટિંગ કરતી હતી, અચાનક આ બધું થયું અને હું અચાનક ગાયબ થઈ ગઈ. જ્યારે તમે સાર્વજનિક વ્યક્તિ હોવ અને અચાનક ગાયબ થઈ જાઓ અને કોઈ તમારું સ્થાન લે, ત્યારે ઘણી વસ્તુઓ થાય છે. જ્યારે સોનાલીને એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે તેને કેવી રીતે ખબર પડી કે તેને કેન્સર છે તો તેણે કહ્યું, 'મને લાગ્યું કે મારી સાથે કંઈક ખોટું છે. પછી હું ડૉક્ટર પાસે ગઈ અને ખબર પડી. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે ગાંઠ બહુ મોટી નહીં હોય પરંતુ જ્યારે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે મામલો ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. કેન્સર વિશે સાંભળીને મારા પતિ ગોલ્ડી બહેલનો ચહેરો સફેદ થઈ ગયો. મેં પરિવારના દરેક સભ્યના ચહેરા પરથી રંગ ઊતરતો જોયો. ગોલ્ડીએ બે દિવસમાં નિર્ણય લીધો અને અમે સારવાર માટે દેશની બહાર ગયા. મેં ગોલ્ડીને કહ્યું કે ઉતાવળ ન કરો પણ તેણે મને માત્ર સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ટકી રહેવાનું કહ્યું.
સોનાલીએ ઈન્ટરવ્યુમાં એ પણ જણાવ્યું કે કેન્સર સામે લડતી વખતે ડોક્ટરે તેને કહ્યું હતું કે તેની બચવાનો માત્ર 30% ચાન્સ છે. સોનાલીએ કહ્યું, 'જ્યારે ડોક્ટરે મને આ કહ્યું ત્યારે મેં તેમને પૂછ્યું કે તમે આ કેવી રીતે કહી શકો. આજે મને લાગે છે કે તે ફક્ત તેમનું કામ કરી રહ્યા હતા અને મને સત્ય કહી રહ્યા હતા જે હું માનવા માંગતી નહોતી.

**સોનાલીને 2018માં કેન્સર હોવાનું નિદાન થયું હતું :** સોનાલીને જુલાઈ 2018માં કેન્સર હોવાનું નિદાન થયું હતું અને તે સારવાર માટે ન્યૂયોર્ક ગઈ હતી. તે લગભગ 6 મહિના સુધી ત્યાં રહી. સોનાલી સારવાર બાદ કેન્સર મુક્ત થઈ. સોનાલીએ પોતાના કરિયરની શરૂઆત 1994માં ફિલ્મ 'નારાઝ'થી કરી હતી.

# સેમસનને મેચ ફીના 30% દંડ: IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 09



રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને મેચ ફીના 30 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. મંગળવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ સેમસન પર આ દંડ લગાવવામાં આવ્યો છે. સેમસનને આચાર સંહિતાની કલમ 2.8 હેઠળ લેવલ 1 ના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો, જે અમ્પાયરના નિર્ણયથી અસંમતિ સાથે સંબંધિત છે. તેણે દોષ કબૂલ્યો અને મેચ રેફરીની સજા સ્વીકારી છે. હોપના વિવાદાસ્પદ કેચને કારણે સેમસન આઉટ

રાજસ્થાનનો કેપ્ટન સંજુ સેમસન શાઈ હોપની બાઉન્ડરી પર શાનદાર કેચ લઈને આઉટ થયો હતો. મુકેશ કુમારે 16મી ઓવરનો ચોથો બોલ ગુડ લેન્થ પર ફેંક્યો, સેમસને લોંગ ઓન તરફ શોટ રમ્યો. અહીં હોપે કેચ લીધો પરંતુ આ દરમિયાન તેનો પગ બાઉન્ડરીની ખૂબ નજીક દેખાયો. ત્રીજા અમ્પાયરે રિપ્લે જોયો પરંતુ કેચને ક્લીન માનતા સેમસનને આઉટ જાહેર કર્યો. કેચ ક્લીન જાહેર થયા બાદ સેમસન અમ્પાયર સાથે દલીલ કરતો જોવા મળ્યો કે ફિલ્ડરનો પગ બાઉન્ડરીને સ્પર્શી રહ્યો છે. જોકે, અમ્પાયરે તેનો નિર્ણય માન્ય રાખ્યો અને સેમસનને પેવેલિયન પરત ફરવું પડ્યું. તેણે 46 બોલમાં 86 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ ટીમે શાઈ હોપના આ કેચ સામે વાંધો ઉઠાવ્યો હતો. રાજસ્થાન રોયલ્સ ટીમે શાઈ હોપના આ કેચ સામે વાંધો ઉઠાવ્યો હતો. દિલ્હીએ રાજસ્થાનને 28 રને હરાવ્યું હોમ ગ્રાઉન્ડ પર ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરતા દિલ્હીએ 20 ઓવરમાં 7 વિકેટે 221 રન બનાવી શક્યું હતું. ખલીલ અહેમદ, મુકેશ કુમાર અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી. RR તરફથી સંજુ સેમસને 46 બોલમાં 86 રનની ઈનિંગ રમી હતી. રિયાન પરાગે 27 રન અને શિવમ દુબેએ 25 રન બનાવ્યા હતા.


# 20 વર્ષના ખેલાડીએ બાઉન્ડ્રી લાઇન પર પકડ્યો જગલિંગ કેચ

## બેટરને આઉટ કરી ચાહકોનું દિલ જીતી લીધું, કૃણાલે ફટકારી સિઝનની 1000મી સિક્સ; મેચ મોમેન્ટ્સ

(એજન્સી) હૈદરાબાદ | તા 09

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં બુધવારે સનરાઈઝર્સ હૈદરાબાદે લખનૌ સુપર જાયન્ટ્સને 10 વિકેટથી હરાવ્યું હતું. SRH તરફથી નીતિશ કુમાર રેડ્ડી અને સનવીર સિંહે શાનદાર કેચ કર્યા હતા, જ્યારે કૃણાલ પંડ્યા પેટ કમિન્સના ડાયરેક્ટ હિટથી રનઆઉટ થયો હતો. નીતિશ કુમાર રેડ્ડીનો બેસ્ટ જગલિંગ કેચ

મેચની ત્રીજી ઓવરમાં, SRHના નીતિશ કુમાર રેડ્ડીએ બાઉન્ડ્રી પર એક શાનદાર જગલિંગ કેચ કર્યો હતો. ભુવનેશ્વર કુમારે ઓવર શોર્ટ પિચનો પ્રથમ બોલ ફેંક્યો, ક્વિન્ટન ડી કોકે પુલ શોટ રમ્યો પરંતુ બોલ ડીપ સ્ક્વેર લેગ તરફ ગયો. નીતિશ રેડ્ડીએ કેચ ઝડપ્યો પણ મોમેન્ટમના કારણે તે બાઉન્ડ્રીની બહાર જઈ રહેલા બોલને બાઉન્ડ્રીની અંદર ફેંક્યો, પછી બાઉન્ડ્રીની અંદર કૂદીને કેચ પકડ્યો. ડી કોક 5 બોલમાં 2 રન બનાવીને આઉટ થયો હતો. પાવરપ્લેમાં SRH તરફથી શાનદાર ફિલ્ડિંગ જોવા મળી હતી, સનવીર સિંહે પાંચમી ઓવરમાં શાનદાર ડાઈવિંગ કેચ લીધો હતો. ભુવનેશ્વરે ઓવરનો બીજો બોલ ગુડ લેન્થ પર ફેંક્યો, માર્ક્સ સ્ટોઈનિસે શોટ રમ્યો પણ બોલ મિડ-ઓન તરફ ગયો. અહીં સનવીરે તેની જમણી તરફ ડાઈવ કરીને એક



શાનદાર કેચ કરી લીધો હતો. સ્ટોઈનિસ 5 બોલમાં માત્ર 3 રન બનાવી શક્યો હતો, આઉટ થયા બાદ તે અમ્પાયર સાથે દલીલ કરતો પણ જોવા મળ્યો હતો. જો કે, અમ્પાયરે તેનો નિર્ણય માન્ય રાખ્યો હતો અને સ્ટોઈનિસને પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. LSG નો કેપ્ટન કેએલ રહ્યો હતો. શાહબાઝ અહેમદે ઓવરનો પાંચમો બોલ ગુડ લેન્થ પર ફેંક્યો હતો, રાહુલ સ્વિપ શોટ રમ્યો હતો પરંતુ બોલ તેને વાગતા અટકી ગયો હતો. SRH એ LBW માટે અપીલ કરી અને અમ્પાયરે આઉટનો નિર્ણય આપ્યો. LSGના કૃણાલ પંડ્યાએ 8મી ઓવરમાં જયદેવ ઉનડકટ સામે સતત 2 સિક્સર ફટકારી હતી. ઓવરના પાંચમા બોલ પર તેણે આગળની દિશામાં સિક્સર ફટકારી, આ સિક્સ ટુર્નામેન્ટની 1000મી સિક્સર હતી. કૃણાલ પંડ્યાએ 17મી આઈપીએલ સિઝનની 1000મી સિક્સર જયદેવ ઉનડકટ સામે ફટકારી હતી.

# વિન્ડીઝનો થોમસ ફિક્સિંગના મામલે પાંચ વર્ષ માટે સસ્પેન્ડ

(એજન્સી) નવી દિલ્હી | તા 09



34 વર્ષીય ડેવોને આરોપોની કબૂલાત કરતાં તેની સજા 18 મહિનાની ઓછી કરવામાં આવી ઈન્ટરનેશનલ તથા ફ્રેન્ચાઇઝી ક્રિકેટ રમી ચૂકેલો થોમસ ઘણા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલો છે: એલેક્સ  બોર્ડે આ નિર્ણય બીજી મેએ લીધો હતો  ટી20 વર્લ્ડ કપ 2024 પહેલાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે આકરાં પગલાં લઈને વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન ડેવોન થોમસને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધો છે.

બોર્ડે આ નિર્ણય બીજી મેએ લીધો હતો. આઈસીસીએ થોમસ ઉપર શ્રીલંકા ક્રિકેટ, યુએઇ અને કેરેબિયન પ્રીમિયર લીગના ભ્રષ્ટાચાર વિરોધી આચારસંહિતાના સાત મામલાના ઉલ્લંઘનનો સ્વીકાર કર્યા બાદ તેને 2028ની 22મી મે સુધી ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિ ક્રિકેટમાંથી સસ્પેન્ડ કરી દીધો છે. 34 વર્ષીય ડેવોને આરોપોની કબૂલાત કરતાં તેની સજા 18 મહિનાની ઓછી કરવામાં આવી છે. આઈસીસીની ઈન્ટિગ્રિટી યુનિટના જનરલ મેનેજર એલેક્સ હાલેસે જણાવ્યું હતું કે પ્રોફેશનલ રીતે ઈન્ટરનેશનલ તથા ડોમેસ્ટિક તથા ફ્રેન્ચાઇઝી ક્રિકેટ રમી ચૂકેલો થોમસ ઘણા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલો છે. તેને ભ્રષ્ટાચાર વિરોધી તમામ આચાસસંહિતાની માહિતી છે. પરંતુ તે પોતાની ભૂમિકા અદા કરવામાં નિષ્ફળ રહ્યો છે. પ્રતિબંધ યોગ્ય છે અને આ સજાથી અન્ય ખેલાડીઓને પણ સ્પષ્ટ સંકેત મળશે કે ફિક્સિંગમાં સંડોવાયેલા સામે આકરાં પગલાં લેવાશે.તેની સજા 18 મહિનાની ઓછી કરવામાં આવી છે. આઈસીસીની ઈન્ટિગ્રિટી યુનિટના જનરલ મેનેજર એલેક્સ હાલેસે જણાવ્યું હતું કે પ્રોફેશનલ રીતે ઈન્ટરનેશનલ તથા ડોમેસ્ટિક તથા ફ્રેન્ચાઇઝી ક્રિકેટ રમી ચૂકેલો થોમસ ઘણા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલો છે.

# વર્લ્ડ કપની જર્સી જોતાં જ લોકો ઘાંઘા થયા

(એજન્સી) નવી દિલ્હી | તા 09

સોશિયલ મીડિયા પર લોકો પોતાની ફીલિંગ વ્યક્ત કરવામાં એકપણ મિનિટ મોડું નથી કરતા. એવામાં જ્યારે T20 વર્લ્ડ કપ આવતો હોય અને ટીમ ઈન્ડિયા માટે નવી જર્સી લોન્ચ કરવામાં આવે તો કેવું થાય?. બે દિવસ પહેલાં T20 વર્લ્ડ કપ 2024 માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરવામાં આવી હતી. બ્લૂ અને ઓરેન્જના કોમ્બિનેશન સાથે કોલર પર તિરંગાનો રંગ પણ જોવા મળે છે. જર્સી લોન્ચ થઈ નથી કે સોશિયલ મીડિયા પર મીમ્સ ગેમ શરૂ થઈ નથી. કેટલાક યુઝર્સને જર્સી ખૂબ પસંદ આવી હતી, જ્યારે કેટલાક યુઝર્સ તો એટલા ક્રિએટિવ છે કે જર્સીને લઈને અતરંગી મીમ્સ બનાવવાનું શરૂ કરી દીધું. કોઈએ જર્સીને તારક મહેતા કા ઉલટા ચશ્મા સિરિયલમાં રમાયેલી GPL મેચમાં બ્લાસ્ટર બબીતાની ટીમનાં કપડાં સાથે સરખાવી, જ્યારે કોઈએ તો ઈન્ડિયન ઓઈલ અને સર્ફ-એક્સલ સાથે સરખાવીને હદ જ પાર કરી. તો ચાલો...

જોઈએ આવા જ કેટલાંક વાઈરલ મીમ્સની ભરમાર... મોહમ્મદ મસાદિક નામના યુઝરે ટ્વીટ શેર કર્યું છે, જેમાં ડાબી





તરફ ટીમ ઈન્ડિયાની જર્સી રાખી છે અને જમણી તરફ સર્ફ એક્સલ વોશિંગ પાઉડરનો ફોટો દેખાય છે. તે કેપ્શનમાં લખે છે- 'ઓહ વાહ, પર્ફેક્ટ સરખામણી. મજાક બાદ કરતાં ભારતીય ક્રિકેટ ટીમ માટેની આ અત્યારસુધીની સૌથી ખરાબ જર્સી છે.' ડેડ મેન નામના યુઝરે ટ્વીટ કરીને લખ્યું- 'ભારતીય ક્રિકેટની જર્સી પ્રેરિત છે' અને આટલું લખતાં જ નીચે તારક મહેતા કા ઉલટા ચશ્માના કેરેક્ટર જેઠાલાલ અને બબીતાનો ફોટો છે. આ ફોટો સિરિયલમાં રમાયેલી GPL મેચ દરમિયાનનો છે, જેમાં બ્લાસ્ટર બબીતા નામની ટીમની જર્સી પણ વર્લ્ડ કપની જર્સીની સમાન દેખાઈ રહી છે.

JD નામના યુઝરે લખ્યું- 'ભાઈ, એક લિટર પેટ્રોલ આપી દે'. કેપ્શન નીચે એક ફોટો છે, જેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ઈન્ડિયાની નવી જર્સી પહેરી છે અને પાછળ ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પમ્પ દેખાઈ રહ્યું છે. સીધી વાત છે કે યુઝર પેટ્રોલ પમ્પનાં કપડાં સાથે જર્સીને સરખાવી રહ્યો છે.

# 6 6 6 6 6...ટ્રેવિસ હેડના તોફાનમાં ઉડી લખનૌ

IPL 2024ની 57મી મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટસ વચ્ચે રમાઈ રહી છે. આ મેચમાં લખનૌએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. કેએલ રાહુલનો આ નિર્ણય ખોટો સાબિત થઈ રહ્યો હોય એવું લાગી રહ્યું છે. કારણ કે લખનૌએ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 4 વિકેટના નુકસાને 165 રન જ બનાવી શકી હતી. હેડની તોફાની ફિફ્ટી

જવાબમાં લક્ષ્યોનો પીછો કરવા ઉતરેલી સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી અભિષેક શર્મા અને ટ્રેવિડ હેડે તોફાની શરૂઆત કરી હતી. હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં ટ્રેવિસ હેડે માત્ર 16 બોલમાં 4 ફોર અને 5 સિક્સની મદદથી ફિફ્ટી પૂરી કરી હતી. તેણે આ ફિફ્ટી સાથે અભિષેક શર્માના જ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. હેડે SRH માટે ત્રીજી વખત સૌથી ઝડપી ફિફ્ટી ફટાકારી છે.

# શરમજનક હાર બાદ રાહુલ પર ભડક્યા ટીમના ઓનર: સંજીવ ગોયન્કા સામે માથુ નમાવી ઊભો રહ્યો કેપ્ટન

## મેદાનમાં જ ક્લાસ લેતો વીડિયો વાઇરલ; ફેન્સ નારાજ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

IPL 2024માં બુધવારે મેદાનની અંદર અને મેચ ખતમ થયા બાદ કંઈક એવું જોવા મળ્યું જે પહેલા ભાગ્યે જ જોવા મળ્યું હતું. સનરાઈઝર્સ હૈદરાબાદની ઓપનિંગ જોડી- અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડ જ્યારે લખનૌ સામે 166 રનના ટાર્ગેટને ચેઝ કરવા લાગ્યા ત્યારે તેમણે જોરદાર પરફોર્મ કર્યું હતું. આ બંને બેટરોએ માત્ર 9.4 ઓવરમાં 167 રન બનાવ્યા હતા. મેચ બાદ કંઈક એવું થયું જેની કદાચ જ કોઈએ કલ્પના કરી નહોતી. લખનૌ સપુર જાયન્ટ્સના માલિક સંજીવ ગોયન્કા મેચ બાદ મેદાન પર કેએલ રાહુલ પર ગુસ્સે થઈ ગયા હતા. લખનૌની શરમજનક હાર બાદ તેમણે કેએલ રાહુલ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. 33 બોલમાં 29 રન વિરુદ્ધ 36 બોલમાં 107 રન....આ આંકડો જ



લખનૌ સુપર જાયન્ટ્સની સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની હારની આખી વાર્તા કહે છે. કેએલ રાહુલે કાચબા જેવી બેટિંગ કરી અને 33 બોલમાં 29 રન બનાવ્યા. જ્યારે SRHના ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ પાવરપ્લેમાં માત્ર 36 બોલમાં 107 રન બનાવ્યા અને 10 વિકેટથી શાનદાર જીત નોંધાવી. IPLની જોડી 'ટ્રાવિષેક' (ટ્રેવિસ હેડ અને અભિષેક શર્મા) એ 8 મેના રોજ 58 બોલમાં (લગભગ 10 ઓવર)માં 166 રનનો ટાર્ગેટ પ્રાપ્ત કર્યો હતો. જે પુરુષોની T20 ક્રિકેટમાં અત્યાર સુધીનો સૌથી વધુ દસ ઓવરનો સ્કોર છે. તેનો અર્થ એ કે લખનૌની હારની વાર્તા 10-10 (10 ઓવર અને 10 વિકેટ)ના આંકડા સુધી મર્યાદિત હતી. લખનૌના કેપ્ટન કેએલ રાહુલે ખૂબ જ ધીમી ગતિએ બેટિંગ કરી, એવું લાગતું ન હતું.

# જેવલિન થ્રોઅર નીરજ ચોપરા ત્રણ વર્ષમાં પ્રથમ વખત ડોમેસ્ટિક ઇવેન્ટમાં ભાગ લેશે

લંડન | તા 09

10મીએ દોહા ડાયમંડ લીગમાં ભાગ લઈ ભારત પરત ફરશે  નીરજ અને કિશોર જેના 12મીથી શરૂ થનારી ઈવેન્ટમાં ભાગ લેશે. ઈન્ડિયન એથ્લેટિક ફેડરેશનનીરજ  ચોપરાનું વ્યક્તિગત પ્રદર્શન 89.94 મીટરનું છે જે નેશનલ રેકોર્ડ પણ છે ઓલિમ્પિક તથા વર્લ્ડ ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપરા 12મીથી 15મી મે સુધી ભુવનેશ્વર ખાતે યોજાનારા નેશનલ ફેડરેશન કપમાં ભાગ લેશે. તે ત્રણ વર્ષમાં પ્રથમ વખત કોઈ ડોમેસ્ટિક ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યો છે. 26 વર્ષીય નીરજ 10મી મેએ દોહા ખાતેની ડાયમંડ લીગ સિરીઝના પ્રથમ તબક્કામાં ભાગ લઈને ભારત પરત આવે તેવી સંભાવના છે. ઈન્ડિયન એથ્લેટિક ફેડરેશને જણાવ્યું હતું કે નીરજ અને કિશોર જેના 12મીથી શરૂ થનારી ઈવેન્ટમાં ભાગ લેશે. ચોપરાના કોચ ક્લાઉસ બાર્ટોનિટ્ઝે પણ આ બાબતને સમર્થન આપ્યું છે. કિશોર જેના પણ દોહા ડાયમંડ લીગમાં ભાગ લેવાનો




છે. ચોપરાએ આ પહેલાં છેલ્લે 2021ની 17મી માર્ચે ઘરઆંગણાની ઈવેન્ટમાં ભાગ લીધો હતો અને તેણે 87.80 મીટરનો થ્રો કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ચોપરાએ ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક ગોલ્ડ જીત્યો હતો અને ત્યારબાદ 2022માં ડાયમંડ લીગ તથા 2023માં વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો. ચોપરાનું વ્યક્તિગત પ્રદર્શન 89.94 મીટરનું છે જે નેશનલ રેકોર્ડ પણ છે.

# SGને હરાવી બોરુસિયા ડોર્ટમન્ડ 11 વર્ષ બાદ ચેમ્પિયન્સ લીગની ફાઇનલમાં પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા 09

પરાજય સાથે કિલિયન મબાપેએ પેરિસ સેન્ટ જર્મેન સાથેનો કરાર પૂરો કર્યો  આ મેચ સાથે મબાપેનો પીએસજી સાથેનો કરાર પૂરો થયો  બોરુસિયાએ કુલ એગ્રિગેટ 2-0ના સ્કોર સાથે વિજય હાંસલ કર્યો હતો મેટ હમેલ્સના એકમાત્ર ગોલની મદદથી બોરુસિયા ડોર્ટમન્ડે ચેમ્પિયન્સ લીગની સેમિફાઈનલના બીજા લેગમાં કિલિયન મબાપે અને પેરિસ સેન્ટ જર્મેનને હરાવીને 11 વર્ષ બાદ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ સાથે મબાપે પોતાની પીએસજી માટે છેલ્લી મેચ પણ રમ્યો હતો. મબાપેનો પીએસજી સાથેનો કરાર પૂરો થયો છે અને તે સંભવિત રિયલ મેડ્રિડ સાથે જોડાશે. બોરુસિયાએ કુલ એગ્રિગેટ 2-0ના સ્કોર સાથે વિજય હાંસલ કર્યો હતો. મેટ હમેલ્સે બીજા હાફની પાંચમી મિનિટે આક્રમક અભિગમ સાથે ગોલ કર્યો હતો જેનો પીએસજીના ડિફેન્ડર્સ પાસે કોઈ જવાબ નહોતો. પીએસજીએ પણ ચાર વખત ગોલ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તે તમામ નિષ્ફળ રહ્યા હતા. બોરુસિયા ડોર્ટમન્ડ છેલ્લે 2013માં ફાઈનલ રમ્યું હતું અને વેમ્બલીમાં રમાયેલી મેચમાં જુર્ગેન ક્લોપની ડોર્ટમન્ડ બાયર્ન સામે પરાજય થયો હતો. હમેલ્સ તે ફાઈનલમાં પણ રમ્યો હતો. મબાપેએ સાતમી મિનિટે પીએસજીને લીડ અપાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ડોર્ટમન્ડના ગોલકીપર ગ્રેગોર કોબેલે તેનો અદ્ભુત બચાવ કર્યો હતો. કોબેલે મેચની 86મી મિનિટે ગોલ કર્યો હતો જે ગોલપોસ્ટને અથડાઈને બહાર જતો રહ્યો હતો.



# સેન્ટ્રલ ઝોન બાસ્કેટબોલમાં અમદાવાદ સિટી ટીમે ટ્રિપલ ટાઇટલ જીત્યા



ઓપન, અંડર-14 અને અંડર-17 કેટેગરીમાં ચેમ્પિયન બની  હિંમતનગર ખાતે યોજાયેલી સેન્ટ્રલ ઝોન ખેલ મહાકુંભની ઓપન, અંડર-14 તથા અંડર-17 બાસ્કેટબોલ ઓપન કેટેગરીમાં અમદાવાદ સિટી ટીમે મહેસાણાને 54-30ના સ્કોરથી પરાજય આપ્યો  ઈવેન્ટમાં કોચ ડેવિડ કોલાકો અને લકી દેસાઈના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સિટી બાસ્કેટબોલ ટીમે ટ્રિપલ ટાઇટલ જીત્યા  તા. ઓપન કેટેગરીમાં અમદાવાદ સિટી ટીમે મહેસાણાને 54-30ના સ્કોરથી પરાજય આપ્યો હતો. ફાઈનલમાં અમદાવાદ માટે કવિશ સોનીએ 13, મિશા બજાજે 15 તથા વેદાંગી પુરોહિતે 12 પોઈન્ટ કર્યા હતા. અંડર-17ની ફાઈનલમાં અમદાવાદ સિટીએ મહેસાણાની ટીમને 75-30ના સ્કોરથી હરાવી હતી. અમદાવાદ માટે પ્રિયાંશી ચુંદાવતે 24, અક્ષાએ 18 તથા જિનેસિસ ક્રિશ્વને 16 પોઈન્ટ કર્યા હતા. મહેસાણા માટે જાનવીએ નવ પોઈન્ટ કર્યા હતા. અંડર-14માં અમદાવાદ સિટીનો અમદાવાદ રૂરલ સામે 57-22ના સ્કોરથી વિજય થયો હતો. હાવિશા બજાજે 30 તથા આર્નાએ 17 પોઈન્ટ કર્યા હતા. વિજેતા ટીમની સુકાનીમાં વિશ્વા પંચાલ, ભૂમિકા ટાક (અંડર-17) તથા કાંશા શાર્દાનો (અંડર-14)નો સમાવેશ થાય છે.

# શું હૈદરાબાદે તોડ્યું મુંબઇનું સપનું? પ્લેઓફમાંથી MI થયું બહાર!

(એજન્સી) મુંબઇ | લખનઉ સુપર જાયન્ટ્સ સામે રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. સનરાઈઝર્સે 166 રનનો ટાર્ગેટ માત્ર 9.4 ઓવરમાં 10 વિકેટે મેળવી લીધો હતો. સનરાઈઝર્સની આ ઐતિહાસિક જીત બાદ મુંબઈ ઈન્ડિયન્સનું પ્લેઓફમાં પહોંચવાનું સપનું ચકનાચૂર થઈ શકે છે. મુંબઈ ઈન્ડિયન્સ સત્તાવાર રીતે બહાર!  મુંબઈ ઈન્ડિયન્સ ટીમ સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે કારણ કે દિલ્હી




કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાતી મેચ જીતીને ટીમોમાંથી એક 14 પોઈન્ટ મેળવશે. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ તેમની આગામી મેચોમાં મહત્તમ 12 પોઈન્ટ જ બનાવી શકે છે. આ રીતે મુંબઇ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે.

# વીરેન્દ્ર સેહવાગે જણાવી ટીમ ઈન્ડિયાની સૌથી મોટી નબળાઇ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

જૂનમાં યોજાનાર T20 વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ટીમના ખેલાડીઓ આ દિવસોમાં IPL રમી રહ્યા છે. જેમાં તે વિસ્ફોટક બેટિંગ કરતો જોવા મળી રહ્યો છે. તેના પ્રદર્શનને જોઈને ભારતીય ચાહકો ટીમ ઈન્ડિયા વર્લ્ડકપ જીતવાની આશા રાખી રહ્યા છે. ગત વર્ષે ભારતીય ટીમને વનડે વર્લ્ડકપની ફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ જોઈને ઘણા દિગ્ગજોએ કહ્યું છે કે જો ટીમ ઈન્ડિયા વર્લ્ડકપ જીતવા ઈચ્છે છે તો તેણે પોતાની ભૂતકાળમાં જે ભૂલો કરી છે તે સુધારવાની જરૂર છે. દિગ્ગજ ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગે ટીમ ઈન્ડિયા



માટે સૂચનો આપ્યા છે. નિર્ભય ક્રિકેટ નથી રમી સેહવાગે એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું- ગયા વર્ષના વર્લ્ડકપમાં જે જોઈતું હતું તે ટીમ ઈન્ડિયામાં દેખાતું નહોતું. ખાસ કરીને 11 ઓવરથી 40 ઓવરની વચ્ચે કોઈએ નીડર ક્રિકેટ રમ્યું નથી. અમે તે સમયગાળા દરમિયાન માત્ર એક કે બે ફોર ફટકારી હતી.  દરેક મેચ નોકઆઉટની જેમ રમાવાની જરૂર  સેહવાગે વધુમાં કહ્યું કે જ્યારે હું ટીમનો ભાગ હતો ત્યારે 2007 થી 2011 વર્લ્ડકપ સુધી અમે દરેક મેચને એવી રીતે જોતા હતા કે જાણે કોઈ નોકઆઉટ મેચ હોય. દરેક મેચ વર્લ્ડકપની સેમી ફાઈનલ જેવી લાગતી હતી. જો આપણે આ ગુમાવીએ છીએ, તો આપણે બહાર થઈ જઈશું. આ જ કારણ હતું કે અમે 2007-08થી ઘણી ટુર્નામેન્ટ જીતી છે. અમે તે મુજબ વર્લ્ડ કપ માટે તૈયારી કરી હતી. સેહવાગે કહ્યું કે કદાચ ભારતીય ટીમ ફરીથી આ જ કામ કરી શકે છે. ટીમ ઈન્ડિયાએ દરેક મેચ નોકઆઉટ મેચની જેમ રમવી પડશે.

# પંજાબ કિંગ્સે RCBની ઉડાવી મજાક

IPL 2024નો લીગ સ્ટેજ હવે તેના અંતિમ તબક્કામાં છે. ટુર્નામેન્ટની પ્લે-ઓફ બે અઠવાડિયા પછી રમાશે. હાલમાં પ્લે ઓફની રેસ ઘણી રસપ્રદ બની રહી છે. અત્યાર સુધી એક પણ ટીમ સત્તાવાર રીતે લીગમાંથી બહાર થઈ નથી કે કોઈ પ્લે-ઓફ માટે ક્વોલિફાય થઈ શક્યું નથી. આવી સ્થિતિમાં, બાકીની મેચો તમામ ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ છે. IPLની 58મી મેચ પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ધર્મશાળામાં રમાશે. પરંતુ પંજાબે મેચમાં RCBની મજાક ઉડાવીને ધર્મશાળામાં ગરમી વધારી દીધી છે.  પ્લે ઓફ વિશે RCBની મજાક પંજાબની ટીમ 9 મેના રોજ ધર્મશાળામાં બેંગલુરુની યજમાની કરશે. જો કે તેમના માટે પ્લે-ઓફ માટે ક્વોલિફાય થવું મુશ્કેલ લાગે છે, પરંતુ ફેન્સ હાર સ્વીકારવા તૈયાર નથી. તે પ્લે ઓફનું ગણિત પતાવવામાં વ્યસ્ત છે. RBCની મજાક ઉડાવી છે. વાસ્તવમાં, કોમેડિયન અને એક્ટર જસમીત એક વીડિયો શેર કર્યો છે, જેમાં પંજાબ કિંગ્સના પ્રશંસક તરીકે રજૂ કરીને તે બે સાયન્ટિફિક કેલ્ક્યુલેટર માંગે છે.

# રોહિત આગામી સિઝનમાં આ ટીમ તરફથી રમશે... વસીમ અકરમે આપ્યું મોટું નિવેદન



(એજન્સી) નવી દિલ્હી | IPL 2024 હવે ધીમે ધીમે પ્લેઓફ તરફ આગળ વધી રહ્યું છે. ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી 56 મેચ રમાઈ છે. જો કે હજુ અંતિમ 4 ટીમો નક્કી કરવામાં આવી નથી. IPLની 17મી સિઝનમાં 5 વખતની વિજેતા મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન અપેક્ષા મુજબ રહ્યું નથી. ફ્રેન્ચાઇઝી અત્યાર સુધી 12માંથી માત્ર 4 મેચ જીતી શકી છે. ટીમ પોઈન્ટ ટેબલમાં 8 પોઈન્ટ સાથે નવમા સ્થાને છે. મુંબઈ ઈન્ડિયન્સે બદલ્યો કેપ્ટન 17મી સિઝનની શરૂઆત પહેલા મુંબઈ ઈન્ડિયન્સમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો હતો. MIએ હાર્દિક પંડ્યાને ગુજરાત ટાઈટન્સમાંથી ટ્રેડ કર્યો હતો. આ પછી રોહિત શર્માની જગ્યાએ હાર્દિક પંડ્યાને મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટન્સી સોંપવામાં આવી હતી. પાકિસ્તાનના દિગ્ગજ ક્રિકેટર વસીમ અકરમે MIના આ નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી હતી. હવે અકરમે કહ્યું કે રોહિત શર્મા આગામી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ નહીં હોય. આ સિવાય તેણે રોહિતને બે વખતની ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સમાં જોડાવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે.વસીમ અકરમે કહ્યું, 'મને લાગે છે કે તે આગામી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સમાં નહીં હોય. મને તેને કોલકાતા નાઈટ રાઈડર્સમાં જોવાનું ગમશે. કલ્પના કરો કે ગૌતમ ગંભીર મેન્ટર હશે, શ્રેયસ ઐયર કેપ્ટન હશે. રોહિત શર્મા ત્યાં ઓપનિંગ કરશે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા, હરિયાણાના 2 યુવક અરેસ્ટ

(એજન્સી) ઓસ્ટ્રેલિયા | તા 09

ઓસ્ટ્રેલિયામાં બે ભારતીય યુવકોની ધરપકડ કરવામાં આવી છે. તેમના પર એમટેકનો અભ્યાસ કરતા 22 વર્ષીય ભારતીય વિદ્યાર્થી નવજીત સંધુની હત્યા કરવાનો આરોપ છે. આરોપી ભાઈઓ અભિજીત અને રોબિન ગાર્ટન છે અને તેઓ હરિયાણાના કરનાલના રહેવાસી છે. તેમની અમેરિકાના ન્યૂ સાઉથ વેલ્સમાંથી ધરપકડ કરવામાં આવી હતી. નવજીતના સંબંધીએ જણાવ્યું કે 4 દિવસ પહેલા રવિવારે (5 મે) તે ઘરના ભાડાને લઈને કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચેની થયેલાં ઝઘડાનું સમાધાન કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

દરમિયાન એક વિદ્યાર્થીએ તેને છાતીમાં ત્રણ વાર ચાકુ




માર્યું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ દરમિયાન નવજીતનો મિત્ર શ્રવણ કુમાર પણ ઘાયલ થયો હતો. આ તસવીર હરિયાણાના રહેવાસી આરોપી અભિજીત અને રોબિનની છે. તેમના પર એક ભારતીય વિદ્યાર્થીની હત્યાનો આરોપ છે. આ તસવીર હરિયાણાના રહેવાસી આરોપી અભિજીત અને રોબિનની છે. તેમના પર એક ભારતીય વિદ્યાર્થીની હત્યાનો આરોપ છે.10 માર્ચઃ લગભગ બે મહિના પહેલા ઓસ્ટ્રેલિયામાં એક ભારતીય મહિલાની હત્યા કરવામાં આવી હતી. વિક્ટોરિયા રાજ્યના બકલે વિસ્તારમાંથી ચૈતન્ય સ્વેથા મધગનીનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના પતિનું નામ અશોક રાજ વારિકુપલા છે. તે તેના પાંચ વર્ષના પુત્ર સાથે થોડા કલાકો પહેલા ભારતીય શહેર હૈદરાબાદ જવા રવાના થયો હતો. 'ઓસ્ટ્રેલિયા ટુડે'ના અહેવાલમાં પોલીસે કહ્યું હતું કે અમને શંકા છે કે સ્વેતા હત્યારાને ઓળખતી હતી. ફાધર્સ ડે 2022 સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયા પર પોતાના પિતા માટે સ્પેશિયલ પોસ્ટ શેર કરી રહ્યા છે. એક્ટ્રેસ સારા અલી ખાને પણ ફાધર્સ જે પર પિતા સૈફ અલી ખાન અને ભાઈ ઈબ્રાહિમ અલી ખાન સાથે શાનદાર ફોટો શેર કર્યો છે. ત્રણેયની આ તસવીર તેમના ફેમિલી લન્ચ ડેટ આઉટિંગની છે. સારાએ પોતાના પિતાને ફાધર્સ ડે વિશ કરતા લખ્યું કે, હેપ્પી ફાધર્સ ડે અબ્બા જાન. ભાઈ અને પિતા સાથે સારાની આ તસવીર ફેન્સને ખૂબ જ પસંદ આવી રહી છે. આ તસવીરને કલાકની અંદર જ લાખો લાઈક્સ મળી ચૂકી છે. સારાની આ તસવીર પહેલા તેની લંચ આઉટિંગની બીજી તસવીરો અને વીડિયો વાયરલ થયા છે.

## ન્યૂઝ ફ્લેશ

## અમેરિકામાં રૂપેશ ચંદ્રા નામનો ભારતીય વિદ્યાર્થી ગુમ, પરિવાર ચિંતિત

શિકાગો | ભારતીય વિદ્યાર્થીઓ માટે અમેરિકામાં ભણવા જવું એક સપનું રહ્યું છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી આ સપનું ખરાબ સપનામાં બદલાઈ ચુક્યું છે. અમેરિકામાં સતત ભારતીય વિદ્યાર્થીઓ ગાયબ અથવા હત્યા થવાની ઘટનાઓ સામે આવી રહી છે. હવે ફરી એકવાર અમેરિકાના શિકાગોમાંથી એક ભારતીય વિદ્યાર્થી ગુમ થયો છે. વિદ્યાર્થીની ઓળખ રૂપેશ ચંદ્રા ચિંતાકિંદીના રૂપમાં થઈ. જે ગત બે મહિનાથી ગુમ છે. શિકાગોમાં આવેલા ભારતીય હાઈ કમિશન દૂતાવાસે જણાવ્યું કે તે પોલીસ અને અમેરિકામાં રહેતા ભારતીય સમુદાયના સંપર્કમાં છે. સોશિયલ મીડિયા પર જાહેર એક પોસ્ટમાં લખ્યું કે દૂતાવાસ ભારતીય વિદ્યાર્થી રૂપેશ ચંદ્રાના ગુમ થવાની ખબર મળી છે. આ અંગેની જાણ થતા દૂતાવાસ ચિંતિત છે. દૂતાવાસ સતત ભારતીય સમુદાય અને પોલીસના સંપર્કમાં છે અને આશા છે કે જલ્દી જ રૂપેશની જાણ થાય. શિકાગો પોલીસે લોકોને અપીલ કરી છે કે જો રૂપેશ અંગે કોઈપણ જાણકારી મળે તે તેને પોલીસ સાથે શેર કરવી. રૂપેશ છેલ્લા બે મહિનાથી શિકાગોના શેરિડોન રોડથી ગુમ થે. મહત્ત્વનું છે કે, આની પહેલા માર્ચમાં પણ એક ભારતીય વિદ્યાર્થી ગુમ થયો હતો. જેનો એપ્રિલમાં મૃતદેહ મળી આવ્યો હતો. હૈદ્રાબાદમાં રહેતા મોહમ્મદ અબ્દુલ અરફાતનો મૃતદેહ ઓહાયો ક્લિવલેન્ડ યુનિવર્સિટીમાંથી આઈટી માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરવા ગયો હતો. તાજેતરના દિવસોમાં અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના મોતના કિસ્સાઓ વધ્યા છે. ગત એપ્રિલ મહિનામાં એક ભારતીય વિદ્યાર્થી ઉમા સત્ય ગંગેનું મોત થયું હતું. જેની તપાસ ચાલી રહી છે.

## નીરવ મોદીની જામીન અરજી 5મી વખત ફગાવાઈ

PNB કૌભાંડ કેસના મુખ્ય આરોપી ભાગેડુ નીરવ મોદીની વધુ એક જામીન અરજી ફગાવી દેવામાં આવી છે. તેણે 16 એપ્રિલ 2024ના રોજ લંડનની વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટમાં 5 વખત અરજી દાખલ કરી હતી. નીરવ છેલ્લા પાંચ વર્ષથી જેલમાં જોકે, તેમનો પુત્ર અને બે પુત્રીઓ ગેલેરીમાં હાજર હતા. નીરવ મોદી પર PNB પાસેથી લોન લઈને લગભગ 14 હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તે જાન્યુઆરી 2018માં દેશ છોડીને ભાગી ગયો હતો. નીરવની 19 માર્ચ 2019ના રોજ દક્ષિણ-પશ્ચિમ લંડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી. છે. લાંબી જેલની સજાને ટાંકીને તેણે પાંચમી વખત અરજી કરી હતી.

તેમની અગાઉની અરજી સાડા ત્રણ વર્ષ પહેલા ફગાવી દેવામાં આવી હતી. સુનાવણી દરમિયાન જિલ્લા ન્યાયાધીશ જ્હોન જાનીએ કહ્યું કે જામીન સામે પૂરતા કારણો છે. જો તેને જામીન મળે તો તે તપાસ અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે.

જજે કહ્યું કે નીરવ સામે છેતરપિંડીનો મોટો આરોપ છે. આ મામૂલી કેસ નથી જેમાં જામીન આપી શકાય.

કોર્ટમાં સુનાવણી દરમિયાન નીરવ પોતે હાજર થયો ન હતો. જોકે, તેમનો પુત્ર અને બે પુત્રીઓ ગેલેરીમાં હાજર હતા. નીરવ મોદી પર PNB પાસેથી લોન લઈને લગભગ 14 હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ તે જાન્યુઆરી 2018માં દેશ છોડીને ભાગી ગયો હતો. નીરવની 19 માર્ચ 2019ના રોજ દક્ષિણ-પશ્ચિમ લંડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

# અમેરિકા પાયાવિહોણા આરોપો લગાવીને ભારતનું અપમાન કરી રહ્યું છે

## રશિયાએ કહ્યું- અમેરિકા ભારતની ચૂંટણીમાં અવરોધ ઊભા કરી રહ્યું છે: પન્નુ કેસમાં ભારત પર લગાવાયેલા આરોપો વાહિયાત

(એજન્સી) મોસ્કો | તા 09

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં રશિયાએ ભારતનું સમર્થન કર્યું છે. રશિયાના વિદેશ મંત્રાલયે ભારત વિરુદ્ધ અમેરિકાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. રશિયાએ કહ્યું છે કે અમેરિકા ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરી રહ્યું છે અને સામાન્ય ચૂંટણીમાં અડચણ ઊભી કરવાના પ્રયાસ કરી રહ્યું છે.

અમેરિકા પાયાવિહોણા આરોપો લગાવીને ભારતનું અપમાન કરી રહ્યું છે. રશિયાના વિદેશ મંત્રાલયે પન્નુની હત્યાના કાવતરાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. રશિયાના વિદેશ મંત્રાલયે પન્નુની હત્યાના કાવતરાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. અમેરિકાએ કોઈ પુરાવા રજૂ કર્યા નથી

રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાને પન્નુની હત્યાના કાવતરાના આરોપો અંગે પ્રેસ બ્રીફિંગ દરમિયાન પૂછપરછ કરવામાં આવી હતી. આના જવાબમાં ઝખારોવાએ કહ્યું, 'અમારી જાણકારી મુજબ, અમેરિકાએ હજુ સુધી એવો કોઈ પુરાવો રજૂ કર્યા નથી, જે સાબિત કરી શકે કે પન્નુની હત્યામાં ભારતનો હાથ હતો. અમેરિકાની ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનની વાત ભારત મામલે તેની ગેરસમજણ દર્શાવે છે. અમેરિકા આવું કરીને એક સાર્વભૌમ દેશ તરીકે ભારતનું અપમાન કરી રહ્યું છે.



### અમેરિકાએ ભારત પર આરોપ લગાવ્યા હતા

અમેરિકાની સરકારે આરોપ લગાવ્યા હતા કે ન્યૂયોર્કમાં પન્નુ પર ઘાતક હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આમાં ભારતનો હાથ હતો. જો કે આ ષડ્યંત્રને અમેરિકાએ નિષ્ફળ બનાવ્યું હતું. આ પછી 29 નવેમ્બરે હત્યાના કાવતરાના કેસમાં ન્યૂયોર્ક પોલીસની ચાર્જશીટ સામે આવી હતી. જેમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પર પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ હતો. તેમાં લખ્યું છે - ભારતના એક પૂર્વ CRPF ઓફિસરે તેને પન્નુની હત્યાનો પ્લાન ઘડવા કહ્યું હતું. અમેરિકાના ઈશારે પન્નુની હત્યાનું કાવતરું ઘડનાર નિખિલ ગુપ્તાની ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી.અમેરિકા છેલ્લા કેટલાક સમયથી નિખિલના પ્રત્યાર્પણમાં વ્યસ્ત હતું, પરંતુ ચેક રિપબ્લિકની સુપ્રીમ કોર્ટે નિખિલ ગુપ્તાના પ્રત્યાર્પણના નિર્ણય પર રોક લગાવી દીધી છે. ન્યૂયોર્ક પોલીસે કોર્ટમાં રજૂ કરેલી ચાર્જશીટમાં આ તસવીર સામેલ હતી. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે આ રકમ હત્યા માટે એડવાન્સ તરીકે આપવામાં આવી હતી.

### પન્નુ કેસમાં ક્યારે અને શું થયું, ચાર્જશીટ મુજબ પૂર્ણ ટાઈમલાઈન

યુએસ પ્રોસિક્યુટરના જણાવ્યા અનુસાર, આ સમયે એક ભારતીય અધિકારીએ નિખિલ ગુપ્તાને નોકરી પર રાખ્યો હતો. 29 મે: નિખિલ ગુપ્તાએ પન્નુને મારી શકે તેવી વ્યક્તિની શોધ શરૂ કરી. જો કે, પન્નુની હત્યા કરવા માટે રાખવામાં આવેલ વ્યક્તિ અમેરિકાનો અંડર કવર એજન્ટ હોવાનું બહાર આવ્યું છે. થોડા અઠવાડિયા સુધી, નિખિલ ગુપ્તાએ આ અંડર કવર એજન્ટ સાથે પન્નુની હત્યાની પદ્ધતિ અને કિંમત વિશે ચર્ચા કરી. જૂન 9: ગુપ્તાએ પન્નુની હત્યા કરવા માટે રાખવામાં આવેલા હીટમેનને એક વ્યક્તિ દ્વારા 15 હજાર ડોલર એટલે કે 12 લાખ 49 હજાર રૂપિયા રોકડા મોકલ્યા. આ હત્યા માટે એડવાન્સ પેમેન્ટ હતું. જૂન 11: ભારતીય અધિકારીઓએ ગુપ્તાને કહ્યું કે પન્નુને હજુ મારી શકાયો નથી. ખરેખરમાં જૂન મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે ગયા હતા. તે દરમિયાન બંને દેશો વચ્ચે રાજદ્વારી બેઠકો થઈ રહી હતી.

### અમેરિકાએ ભારત પર તેમની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે

રિપોર્ટ- પન્નુની હત્યાના કાવતરામાં RAWનો હાથ હતો હાલમાં અમેરિકન મીડિયા હાઉસ વોશિંગ્ટન પોસ્ટે એવો દાવો કર્યો હતો ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરામાં ભારતીય તપાસ એજન્સી RAW (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ)નો હાથ હતો. રિપોર્ટ અનુસાર પન્નુની હત્યાનું સમગ્ર પ્લાનિંગ RAWના વરિષ્ઠ અધિકારી વિક્રમ યાદવે કર્યું હતું.વિક્રમે પન્નુને મારવા માટે એક હિટ ટીમ હાયર કરી. યાદવે પન્નુ વિશેની માહિતી ભારતીય એજન્ટ નિખિલ ગુપ્તાને મોકલી હતી, જેમાં તે ન્યૂયોર્કમાં હોવાનો ખુલાસો થયો હતો. આ પછી નિખિલ ગુપ્તાએ પન્નુને મારવા માટે એક એજન્ટનો સંપર્ક કર્યો. જો કે, પ્લાનિંગ સફળ થાય તે પહેલાં જ નિખિલ ગુપ્તાની ધરપકડ કરવામાં આવી હતી. 18 જૂન: કેનેડામાં કેટલાક લોકોએ આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરી. થોડા મહિનાઓ પછી કેનેડાએ આ હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યા. 24 જૂનથી 29 જૂન: ગુપ્તાએ પન્નુને મારવાનો પ્લાન આગળ ધપાવ્યો. તેની દેખરેખ શરૂ થઈ.

## બ્લેક હોલમાં પડશો તો શું થશે?:NASAએ બનાવ્યો 360 ડિગ્રી વીડિયો

(એજન્સી) ન્યૂયોર્ક | તા 09

અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ એક સિમ્યુલેશન તૈયાર કર્યું છે જેના દ્વારા લોકો બ્લેક હોલમાં પડવાનો અનુભવ કરી શકશે. સિમ્યુલેશન એટલે વાસ્તવિક દુનિયામાં અસ્તિત્વમાં રહેલી કોઈપણ પ્રક્રિયાની નકલ કરવી. નાસા દ્વારા આ સિમ્યુલેશનની મદદથી તમે બ્લેક હોલના તે બિંદુ સુધી પહોંચી શકો છો, જ્યાં કોઈ વસ્તુ એકવાર પહોંચ્યા પછી પાછી આવી શકતી નથી. આ જગ્યાએથી પ્રકાશ પણ ક્યારેય પાછો આવતો નથી. આ બિંદુને ઈવેન્ટ હોરિઝન કહેવામાં આવે છે.

નાસાએ 'ડિસ્કવર' નામના સુપર કોમ્પ્યુટર દ્વારા આ સિમ્યુલેશન તૈયાર કર્યું છે. સ્પેસ એજન્સીએ આને લગતો 360 ડિગ્રી વીડિયો પણ YouTube પર પોસ્ટ કર્યો છે. આ પ્રોજેક્ટ નાસાના એસ્ટ્રોફિઝિસ્ટ જેરેમી સ્નિટમેન અને વૈજ્ઞાનિક બ્રાયન પોવેલની ટીમે તૈયાર કર્યો છે. આ ટીમનો ધ્યેય એક વિશાળ બ્લેક હોલની પ્રતિકૃતિ બનાવવાનો હતો, જે આપણી ગેલેક્સી મિલ્કી વેની મધ્યમાં હોય અને તે સૂર્ય કરતાં અનેક મિલિયન ગણો મોટો હોય. દૂરથી જોનારાઓ મૂંઝવણ અનુભવે છે

વીડિયો સમજાવે છે કે જેમ જેમ આપણે 400 મિલિયન માઈલના અંતરેથી બ્લેક હોલની નજીક જઈએ છીએ તેમ અવકાશ-સમયમાં ફેરફાર જોવા મળે છે. સ્પેસમાં ગરમ ગેસની ગોળ ડિસ્ક અને તારાઓનો આકાર બદલાવા લાગે છે. આ પછી, જ્યારે કેમેરો ઝૂમ કરે છે, ત્યારે ગરમ ગેસના ગોળામાંથી નીકળતો પ્રકાશ વધુ તેજસ્વી બને છે. આનાથી એવો અવાજ આવે છે કે જાણે કોઈ રેસિંગ કાર નજીકથી પસાર થઈ હોય. કૅમેરાને ઈવેન્ટ હોરિઝન પોઈન્ટ છે. ઉદાહરણ તરીકે, અવકાશયાત્રીઓ માટે સામાન્ય રીતે સમય પસાર થાય છે, પરંતુ દૂરથી જોનારાઓ માટે તે ધીમો પડી જાય છે. આ કારણે, જ્યારે અવકાશયાત્રીઓ પાછા ફરે છે, ત્યારે તેઓ તેમનાથી દૂર રહેતા લોકો કરતા નાના હોય છે.

## અમેરિકાએ ઈઝરાયલ મોકલવામાં આવતા બોમ્બના કન્સાઈનમેન્ટને રોક્યું

ન્યૂયોર્ક | અમેરિકાએ ઈઝરાયલમાં મોકલવામાં આવતા શક્તિશાળી બોમ્બના મોટા કન્સાઈનમેન્ટને રોકી દીધું છે. ઈઝરાયલ આ બોમ્બનો ઉપયોગ રાફામાં ચાલી રહેલા સૈન્ય ઓપરેશનમાં કરી શકે છે. બીબીસીએ એક વરિષ્ઠ અમેરિકન અધિકારીને ટાંકીને આ માહિતી આપી છે. આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓની હિલચાલ સતત વધી રહી છે.અધિકારીએ કહ્યું, 'એપ્રિલની શરૂઆતથી યુએસ એ હથિયારોની સમીક્ષા કરી રહ્યું છે જેનો ઉપયોગ ઈઝરાયલ રાફા પર હુમલો કરવા માટે કરી શકે છે. આ સમીક્ષા પછી જ અમે ગયા અઠવાડિયે હથિયારોની શિપમેન્ટ બંધ કરી દીધી હતી.' છેલ્લા 8 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે અમેરિકાએ ઈઝરાયલને હથિયારો મોકલવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ માહિતી એવા સમયે સામે આવી છે જ્યારે ઈઝરાયલે રાફા પર સૈન્ય કાર્યવાહી શરૂ કરી છે. મંગળવારે, 7 એપ્રિલના રોજ, ઈઝરાયલની સેના દક્ષિણ ગાઝાના રાફા વિસ્તારમાં ટેન્ક સાથે પ્રવેશી હતી. તેમણે ઈજિપ્ત સાથેની ગાઝાની સરહદ કબજે કરી લીધી છે. જો કે ઈઝરાયલની સેનાએ એમ પણ કહ્યું છે કે તે રાફામાંથી 1 લાખથી વધુ લોકોને બહાર કાઢશે. અમેરિકા દ્વારા બોમ્બ શિપમેન્ટ અટકાવવા પર, ઈઝરાયલના સંરક્ષણ દળોના પ્રવક્તા રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ કહ્યું, 'સાથી પક્ષો પડદા પાછળના કોઈપણ મતભેદોનું નિરાકરણ કરે છે. અમેરિકા શરૂઆતથી જ અમારું સાથી રહ્યું છે.

## ઈમરાન ખાન જેલમાં હોવા છતાં રાજકારણના કેન્દ્રમાં

(એજન્સી) લાહોર | તા 09

પાકિસ્તાનમાં પહેલીવાર જનતા દ્વારા સૈન્ય ઠેકાણાઓ પર થયેલા હુમલાએ રાજકારણને બદલી નાખ્યું. આ હુમલાના એક વર્ષ પછી પણ જેલમાં રહેલા ઈમરાન દેશની રાજનીતિનું કેન્દ્રબિંદુ બનેલા છે. સેના અને શરીફ સરકાર ત્યારે નિષ્ફળ ગઈ હતી અને અત્યારે પણ નિષ્ફળ રહી છે. વરિષ્ઠ પત્રકાર આમિર ખાનનું કહેવું છે કે સેનાએ પહેલા ઈમરાનને ભ્રષ્ટ સાબિત કરવાનો પ્રયાસ કર્યો હતો. પછી તેણે શરિયા સિવાયના લગ્નનો કેસ દાખલ કરીને ધાર્મિક કાર્ડ રમ્યું, પરંતુ બંને વખત નિષ્ફળ ગઈ.

વિશ્લેષક અને વરિષ્ઠ પત્રકાર મુહમ્મદ ઈલ્યાસ કહે છે કે ઈમરાનની લોકપ્રિયતા ઘટાડવા માટે સેનાએ છાવણી પર હુમલાને મુદ્દો બનાવ્યો અને પીટીઆઈ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી. સેનાને લાગ્યું કે ઈમરાનની લોકપ્રિયતા ઘટશે. પરંતુ, 8 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ કરી દીધું કે ઈમરાનની લોકપ્રિયતા યથાવત્ છે. શાહબાઝ સરકારઃ ખાનની ધરપકડ દેશ અને બહાર એક સમસ્યા બની ગઈ ઈમરાને જેલમાંથી જ પોતાની સજાને આંતરરાષ્ટ્રીય મીડિયામાં મુદ્દો બનાવ્યો છે. તેણે ધ ઈકોનોમિસ્ટ અને ડેઈલી ટેલિગ્રાફમાં લખ્યું છે કે લશ્કરી નેતૃત્વ માટે તેમની 'હત્યા' જ એકમાત્ર વિકલ્પ બચ્યો હતો. વરિષ્ઠ પત્રકાર ઈમ્તિયાઝનું કહેવું છે કે ઈમરાન ખાન અને પાકિસ્તાની સેના વચ્ચેની મડાગાંઠ લાંબા સમય સુધી ચાલુ રહી શકે નહીં. પાછલા બારણે વાટાઘાટો ચાલી રહી છે.

# ફ્રેન્ચ મહિલાએ કહ્યું- બીજા વિશ્વ યુદ્ધમાં માતા પર બળાત્કાર થયો હતો

(એજન્સી) ન્યૂયોર્ક | તા 09

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ફ્રાન્સમાં રહેતી એક મહિલા એમી ડુપ્રેએ 1944માં તેની માતા પર થયેલા બળાત્કાર વિશે પહેલીવાર વાત કરી હતી. AFP સાથે વાત કરતી વખતે 99 વર્ષની એમીએ તેની માતાનો એક પત્ર બતાવ્યો. જેમાં તેમણે અમેરિકન સૈનિકોના બળાત્કાર સાથે જોડાયેલી તમામ બાબતો જણાવી છે, જેથી વર્ષો પછી પણ ફ્રેન્ચ મહિલાઓ પર થયેલા અત્યાચારને ભૂલી ન શકાય.જૂન 1944માં અમેરિકા, બ્રિટન, કેનેડા અને ફ્રાન્સ જેવા દેશોએ સાથે મળીને નાઝી જર્મનીના કબજામાંથી યુરોપને મુક્ત કરવાનું શરૂ કર્યું. આ માટે તેઓ ફ્રાન્સના નોર્મેન્ડી પહોંચી ગયા હતા. તેને ઓપરેશન ઓવરલોડ નામ આપવામાં આવ્યું હતું. નોર્મેન્ડીમાં સૈનિકો પહોંચ્યા તે દિવસને ડી-ડે કહેવામાં આવે છે. રિપોર્ટ અનુસાર, એ સમયે એમીની ઉંમર 19 વર્ષની હતી.બીજા બધાની જેમ તે પણ અમેરિકન સૈનિકોને જોઈને ખુશ થઈ ગઈ. જોકે, આ ખુશી થોડા સમય માટે જ રહી. 10 ઓગસ્ટ, 1944ના રોજ 2 અમેરિકન સૈનિકો એમીના પરિવારના ખેતરમાં પહોંચ્યા. તે નશામાં હતા અને તેને એક સ્ત્રી જોઈતી હતી. ફ્રાન્સમાં ઓપરેશન ડી-ડે પહેલા અમેરિકન સૈનિકો સાથે વાત કરતા તત્કાલિન યુએસ રાષ્ટ્રપતિ ડ્વાઈટ આઈઝનહોવર.

ફ્રાન્સમાં ઓપરેશન ડી-ડે પહેલા અમેરિકન સૈનિકોતેની માતાનો પત્ર વાંચતા એમીએ કહ્યું, 'સૈનિકોએ મારા (એમી) પિતા તરફ ગોળીઓ ચલાવી. આ પછી તેઓ મારી તરફ આગળ વધવા લાગ્યા. મને બચાવવા માટે, મારી માતા સૈનિકો સાથે જવા માટે રાજી થઈ ગઈ. અમેરિકન સૈનિકો તેમને એક મેદાનમાં લઈ ગયા. જ્યાં તેઓએ તેના પર લગભગ 8 વખત બળાત્કાર કર્યો, અમે અમારા ઘરે રાહ જોતા હતા, તે જાણતા ન હતા કે સૈનિકો તેને જીવતી છોડી દેશે કે મારી નાખશે.

## કેનેડાના વિદેશ મંત્રી મેલની જોલીએ કહ્યું છે કે કેનેડા હજુ પણ ભારત પર લાગેલા આરોપો પર અડગ

# ભારત પર કરેલા આરોપોને લઈને કેનેડા અડગ:નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ

(એજન્સી) ટોરેન્ટો | તા 09

કેનેડાએ ફરી એકવાર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલામાં ભારત પર લગાવેલા આરોપોને પુનરાવર્તિત કર્યા છે. કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ કહ્યું, 'અમે માનીએ છીએ કે ભારતીય એજન્ટોએ કેનેડાની ધરતી પર અમારા નાગરિકની હત્યા કરી છે.' બીજી તરફ, કેનેડામાં ભારતના હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ જણાવ્યું હતું કે, 'ભારતની પ્રાદેશિક અખંડિતતા પર ખરાબ નજર રાખવી એ લક્ષ્મણ રેખાને પાર કરવા જેવું છે. ભારતનું ભવિષ્ય હવે વિદેશીઓ નહીં, પરંતુ ભારતીયો પોતે નક્કી કરશે.' મીડિયા સાથે વાત કરતા કેનેડાના વિદેશ મંત્રી જોલીએ કહ્યું કે નિજ્જરની હત્યાની તપાસ રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) દ્વારા કરવામાં આવી રહી છે. જોલીએ કહ્યું, 'કેનેડાની પ્રાથમિકતા દેશના નાગરિકોની સુરક્ષા કરવાની છે,'

જોલીએ વધુમાં કહ્યું કે, 'અમે એ આરોપો પર પણ ઊભા છીએ કે કેનેડાની ધરતી પર ભારતીય એજન્ટોએ એક વ્યક્તિની હત્યા કરી છે. હું આ મામલે વધુ ટિપ્પણી કરવા માંગતી નથી. કેનેડા સરકાર તરફથી કોઈ પણ આ મામલે વધુ કંઈ કહેશે નહીં. ભારત સાથેના સંબંધો અંગે જોલીએ કહ્યું, 'પડદા પાછળ રાજદ્વારી વધુ સારી રીતે કામ કરે છે. કેનેડા તેના નાગરિકોની સુરક્ષા, તેની સાર્વભૌમત્વ જાળવી રાખવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબદ્ધ છે.'

કેનેડાની ધરતી પર વધી રહ્યા છે ભારત વિરોધી ભારતના હાઈ કમિશનર સંજય વર્મા મંગળવારે મોન્ટ્રીયલ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેનેડા પહોંચ્યા હતા. અહીં તેમણે ભારત-કેનેડા સંબંધોને લગતા પ્રશ્નોના જવાબ આપ્યા. વર્માએ કહ્યું કે કેનેડાની ધરતી પર આવા તત્વો ઉભરી રહ્યા છે, જે ભારત માટે ખતરો છે. સંજયે વધુમાં કહ્યું, 'દ્વિપક્ષીય સંબંધોમાં જ્યારે અમે એકબીજાને મિત્ર કહીએ છીએ, ત્યારે અમે એકબીજાના દૃષ્ટિકોણ, સંસ્કૃતિ અને ચિંતાઓને સમજવાની આશા રાખીએ છીએ. પરંતુ કેટલાક એવા મુદ્દા છે જેના પર વર્ષોથી કોઈ પરિણામ મળ્યું નથી. 'આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા

નિજ્જર હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને મંગળવાર, 7 મેના રોજ બ્રિટિશ કોલંબિયાની સરે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આરોપીઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં સુનાવણીમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન શીખ સમુદાયના સભ્યોએ કોર્ટ રૂમમાં ભીડ જમાવી હતી.

ખાલિસ્તાની સમર્થકોએ કોર્ટની બહાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને હત્યા માટે ભારત સરકારને જવાબદાર ઠેરવી હતી. કેનેડાની કોર્ટે 3માંથી 2 આરોપીઓ પર સુનાવણી 21 મે સુધી લંબાવી છે. જ્યારે ત્રીજા આરોપી કમલપ્રીતે કાયદાકીય સલાહ માંગી છે. આ પહેલા મંગળવારે ભારતના વિદેશ મંત્રાલયે કેનેડામાં શીખ સંગઠનો દ્વારા કાઢવામાં આવેલી ખાલિસ્તાન તરફી ઝાંખી પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે કેનેડામાં પોતાના રાજદ્વારીઓની સુરક્ષાને લઈને ચિંતિત છે. ટ્રુડોએ ભારત પર લગાવ્યો હતો નિજ્જરની હત્યાનો આરોપ 18 જૂન, 2023ની સાંજે, સરે શહેરમાં ગુરુદ્વારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ ભારત સરકાર પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો, જેને ભારતે ફગાવી દીધો હતો. હવે કેનેડિયન પોલીસે દાવો કર્યો છે કે તેણે શુક્રવારે (3 મે) ના રોજ નિજ્જરની હત્યાના 3 આરોપીઓની ધરપકડ કરી છે. કેનેડિયન ન્યૂઝ એજન્સી સીબીસીના રિપોર્ટ અનુસાર એડમન્ટન શહેરમાંથી ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓ ભારતીય છે.

## ગાઝાના રાફા વિસ્તારમાં ઇઝરાયલની સેના ટેન્ક લઈને ઘુસી:ઇજિપ્ત નજીક આવેલી બોર્ડર પર કબજો કર્યો

હમાસે સીઝફાયર કરાર સ્વીકાર્યા બાદ મંગળવારે ઈઝરાયલની સેના દક્ષિણ ગાઝાના રાફા વિસ્તારમાં ટેન્ક લઈને ઘુસી હતી. તેણે ઈજિપ્ત સાથેની ગાઝાની સરહદ કબજે કરી લીધી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર ઈઝરાયલે દાવો કર્યો છે કે આ ઓપરેશન દરમિયાન તેણે હમાસના 20 આતંકીઓને માર્યા છે. સૈનિકોને આ વિસ્તારમાં ત્રણ હમાસ ટનલ મળી છે. રાફા હમાસ સાથેના યુદ્ધમાં ઈઝરાયલની સેનાના ઓપરેશનનું છેલ્લું સ્ટોપ છે. ઈન્ટેલિજન્સ ટાંકીને ઈઝરાયલે દાવો કર્યો હતો કે હમાસ આતંકવાદી કૃત્યો માટે સરહદનો ઉપયોગ કરે છે. રાફા પર હુમલા પહેલા ઈઝરાયલે આ વિસ્તારમાંથી એક લાખ પેલેસ્ટિનીઓને બહાર કાઢવાની વાત કરી હતી.

હમાસે સીઝફાયર સ્વીકાર્યું પરંતુ ઈઝરાયલને મંજુર નથી ઈઝરાયલ સાથે 7 મહિનાના યુદ્ધ પછી, હમાસે ઈજિપ્ત અને કતારના સીઝફાયર પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. હમાસે સોમવારે (6 મે) આ અંગે સત્તાવાર નિવેદન બહાર પાડ્યું હતું.હમાસના નેતા ઈસ્માઈલ હનીયે કતારના વડાપ્રધાન મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ-થાની અને ઈજીપ્તની ગુપ્તચર એજન્સી સાથે ફોન પર વાત કરી હતી. તેમણે બંનેને કહ્યું કે તેઓ ઈઝરાયલ સાથે સીઝફાયર માટે તેની શરતો 'હવે નિર્ણય ઈઝરાયલના હાથમાં છે કે તે સીઝફાયર માટે સંમત થાય છે.

### ગૂગલ વોલેટ હાલમાં 80 દેશોમાં કાર્યરત છે

# ભારતના લોકો માટે ગૂગલ લાવ્યું ડિજિટલ વૉલેટ, શું થશે તેના ફાયદા, ગૂગલ પેનું શું થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ટેકનોલોજી જાયન્ટ ગૂગલે બુધવારે ભારતમાં એન્ડ્રોઈડ યુઝર્સ માટે ગૂગલ વોલેટ એપ લોન્ચ કર્યુ છે. તેના દ્વારા તેઓ પ્લેનનાા બોર્ડિંગ પાસ, લોયલ્ટી કાર્ડ, ઈવેન્ટ ટિકિટ્સ અને પબ્લિક ટ્રાન્સપોર્ટના પાસને સુરક્ષિત રીતે સ્ટોર કરે છે. ડિજિટલ વોલેટ ભારતમાં બુધવારથી લોન્ચ થયું છે અને તે વર્તમાન ગૂગલ પે સાથે પૂરક સર્વિસ તરીકે હશે, એમ ટોચના અધિકારીએ જણાવ્યું હતું. ગૂગલમાં જીએમ અને ઈન્ડિયા



એન્જિનિયરીંગ લીડના વડા રામ પપટલાએ જણાવ્યું હતું કે ગૂગલ પે ક્યાંય જવાનું નથી અને તે અમારી મુખ્ય પેમેન્ટ એપ રહેશે, ગૂગલ વોલેટ મુખ્યત્વે નોન-પેમેન્ટ યુઝના કેસમાં અમલી બનશે.ગૂગલ વોલેટ હાલમાં ૮૦ દેશોમાં કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રકારની સર્વિસ પાછળનો વિચાર ઓપન સોફ્ટવેરનો છે, તેમા કેરિયર્સ, ઓઈએમ (ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ) અને ડેવલપર્સ તેમની જબરજસ્ત પ્રોડક્ટ બનાવી શકે.નવી સર્વિસમાં ગૂગલે એર ઈન્ડિયા, ઈન્ડિગો, ફ્લિપકાર્ટ, પાઈન લેબ્સ, કોચી મેટ્રો, પીવીઆર અને આઈનોક્સ સહિત ૨૦ ભારતીય બ્રાન્ડ્સ સાથે ભાગીદારી કરી છે અને જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં વધુને વધુ ભાગીદારો જોડાશે. ગૂગલ વોલેટ દ્વારા લોકો તેમની મૂવી, ઈવેન્ટ ટિકિટ સ્ટોર કરી શકશે, પ્લેનના બોર્ડિંગ પાસનું એક્સેસ મેળવી શકશે, મેટ્રો ટિકિટસ સ્ટોર કરી શકાશે, ઓફિસ-કોર્પોરેટ બેજીસ સ્ટોર કરી શકાશે અને ફિઝિકલ ડોક્યુમેન્ટને ડિજિટાઈઝ કરી શકાશે. બીજા શબ્દોમાં કહીએ તો તમારા ફોનની અંદરનું ગૂગલ વોલેટ એક રીતે તમારા દસ્તાવેજો માટે ડિજીલોકરની ગરજ પણ સારશે.

### 167 દેશોમાંથી માત્ર ભારત અને મ્યાંમારમાં બહુમતી વસ્તી ઘટી

# 70 વર્ષમાં ભારત અને મ્યાનમારમાં બહુસંખ્યકની વસતી ઘટી, જ્યારે લઘુમતીઓની વધી, રિપોર્ટમાં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ઈએસી-પીએમ દ્વારા પ્રકાશિત એક વર્કિંગ પેપરમાં થયેલા વિશ્લેષણ અનુસાર ભારતમાં બહુસંખ્યક ધાર્મિક વસ્તી (હિંદુ) ધરાવતા 1950 થી 2015 સુધીમાં 7.82 ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે જ્યારે આટલા જ સમયગાળા દરમિયાન ભારતમાં અલ્પસંખ્યકોની વસ્તી ભાગમાં વધારો થયો છે. વર્કિંગ પેપરમાં જણાવ્યા અનુસાર 167 દેશોમાં ભારત અને મ્યાંમારમાં બહુમતી વસ્તીમાં ઘટાડો થયો છે. મ્યાંમારમાં બહુસંખ્યકની વસ્તી 10 ટકા જેટલી ઘટી છે. 1950 માં મુસ્લિમ આબાદી 9.84 ટકા હતી જે વધીને 14.09 થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ પેપર સલાહકાર ઈએસી -પીએમ અપૂર્વકુમાર મિશ્રા અને ઈએસી -પીએમ પ્રોફેશનલ અબ્રાહમ જોસ દ્વારા લખવામાં આવ્યું છે. આ વર્કિંગ પેપર માટે 2019માં



એસોસિએશન ઓફ રિલિજન ડેટા આર્કાઈવ્સ (એઆરડીએ) દ્વારા પ્રકાશિત સ્ટેટસ ડેટાસેટ પ્રોજેક્ટની ધાર્મિક વિશેષતાઓ-જનસાંખ્યિકી ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ પાકિસ્તાન,બાંગ્લાદેશ સહિત દક્ષિણ એશિયાઈ પાડોશી દેશોની પરીસ્થિતિ જોતા ઉલ્લેખનીય છે જેમાં બહુસંખ્યક આબાદીમાં વધારો થયો છે જ્યારે અલ્પસંખ્યકની આબાદી ચિંતાજનક રીતે વધી છે.

## ન્યૂઝ કોર્નર

### બંગાળના ગવર્નર સામે યૌન શોષણના આરોપોનો કેસ:સીવી બોઝે કહ્યું- હું CM મમતા અને પોલીસ સિવાય 100 લોકોને CCTV ફૂટેજ બતાવીશ

કોલકાતા | બંગાળના ગવર્નર સીવી બોઝ સામે 3 મેના રોજ યૌન શોષણના આરોપમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે કહ્યું છે કે તેઓ મહિલાઓના યૌન શોષણના મામલામાં 100 લોકોને રાજભવનના CCTV ફૂટેજ બતાવવા માટે તૈયાર છે. જો કે, તેમણે એમ પણ કહ્યું છે કે તે કોલકાતા પોલીસ અને સીએમ મમતા બેનર્જીને સીસીટીવી કેમેરાનું રેકોર્ડિંગ નહીં બતાવશે. રાજભવનમાં કોન્ટ્રાક્ટ પર નિયુક્ત એક મહિલા કર્મચારીએ રાજ્યપાલ પર યૌન શોષણના આરોપ લગાવતા કોલકાતા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### 15 સેકન્ડ માટે પોલીસ હટાવી દો પછી...:અકબરુદ્દીન ઓવૈસીના નિવેદન પર નવનીત રાણા ભડક્યાં

હૈદરાબાદ | મહારાષ્ટ્રના અમરાવતીથી બીજેપી સાંસદ નવનીત કૌર રાણાએ એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસી અને તેમના નાના ભાઈ અકબરુદ્દીન પર નિવેદન આપ્યું હતું. નવનીત રાણાએ કહ્યું કે જો હૈદરાબાદમાં પોલીસ 15 સેકન્ડ માટે ખસી જાય તો બંને ભાઈઓ ક્યાં ગયા તે ખબર નહીં પડે.રાણાના આ નિવેદનને અકબરુદ્દીન દ્વારા 2013માં આપેલા ભાષણનો જવાબ માનવામાં આવી રહ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે જો 15 મિનિટ માટે પોલીસને હટાવી દેવામાં આવશે તો અમે 25 કરોડ (મુસ્લિમો) અને 100 કરોડ હિંદુઓનો નાશ કરી દઈશું.

# કેજરીવાલ માટે વકીલે આ બે માંગણી કરવી ભારે પડી, કોર્ટે ફટકાર્યો એક લાખ રૂપિયાનો દંડ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી જ સરકાર ચલાવી શકે તે માટે કાર્યાલય સ્થાપવા અને તેમના વિરુદ્ધના નિવેદનો પર પ્રતિબંધ લગાવવાની માંગ કરતી અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે તેમની અરજીને સુનાવણી લાયક ન હોવાનું કહી ફગાવી દીધી છે. આ સાથે કોર્ટે અરજદાર વકીલ શ્રીકાંત પ્રસાદને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. શ્રીકાંત પ્રસાદે દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરેલી જાહેર હિતની અરજીમાં માંગ કરી હતી કે, મુખ્યમંત્રી કેજરીવાલ પોતાના મંત્રીઓ અને અન્ય ધારાસભ્યો સાથે વાતચીત કરી શકે અને દિલ્હી સરકારને યોગ્ય ચલાવી શકે, તે માટે તેમને તિહાર જેલમાં જ જરૂરી સુવિધા આપવામાં આવે. અરજીમાં એવી પણ માંગ કરાઈ હતી કે, મીડિયામાં ચાલતા મુખ્યમંત્રીના રાજીનામાના અને દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના સનસનાટીભર્યા સમાચારો બંધ કરવામાં આવે.દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ મનમોહનની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચે વકીલ શ્રીકાંત પ્રસાદની દલીલ પર કહ્યું કે, 'અમે મીડિયાને પોતાના વિચારો પ્રસારીત કરવાથી અને કેજરીવાલના રાજકીય વિરોધીઓ દ્વારા તેમનો વિરોધ કરવાથી ન અટકાવી શકીએ. આ દરમિયાન હાઈકોર્ટે તેમને ફટકાર લગાવીને કહ્યું કે, 'અમે શું કરીએ? શું અમે ઈમરજન્સી અથવા માર્શલ કાયદો લાગુ કરીએ? અમે મીડિયા અને રાજકીય હરીફો વિરુદ્ધ પ્રતિબંધનો આદેશ ન આપી શકીએ?'

### દિલ્હીના આરએમએલ હોસ્પિટલના બે ડોક્ટરો સહિત નવની ધરપકડ

નવી દિલ્હી | સીબીઆઈએ મોટી કાર્યવાહી કરતા દિલ્હીના રામ મનોહર લોહિયા (આરએમએલ) હોસ્પિટલમાં એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. સીબીઆઈએ હોસ્પિટલના બે ડોક્ટરો સહિત ૯ લોકોની ધરપકડ કરી છે. આરોપ છે કે આ લોકો સારવારના નામે દર્દીઓ પાસેથી લાંચ લઈ રહ્યાં હતાં. ધરપકડ કરવામાં આવેલા લોકોમાં મેડિકલ ઉપકરણો પૂરા પાડનારા લોકો પણ સામેલ છે.

# કોર્ટમાં રાજકીય મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી નહીં: સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

રાજ્ય સરકારે મંજૂરી પરત લીધી હોવા છતાં સીબીઆઈ રાજ્યમાં તપાસ કરી રહી હોવાના આરોપ સાથે પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજી અંગે કોર્ટે જણાવ્યું હતું કે તે સુનાવણીમાં કેન્દ્ર અથવા પશ્ચિમ બંગાળ સરકારને કોઈ રાજકીય મુદ્દો ઉઠાવવાની પરવાનગી આપશે નહીં.ન્યાયમૂર્તિ બી આર ગવઈ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે તે ફક્ત કાયદાકીય મુદ્દા અંગે નિર્ણય લેશે અને કોર્ટ બંનેમાંથી કોઈ પણ પક્ષકારને રાજકીય દલીલો કરવાની



મંજૂરી આપશે નહીં.ખંડપીઠે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનિ સ્થિરતા પણ પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે.પશ્ચિમ બંગાળ સરકાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૧૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ સીબીઆઈને આપેલ તપાસની મંજૂરી પરત લઈ લીધા પછી કેન્દ્ર સીબીઆઈને રાજ્યમાં તપાસ માટે મોકલવાની પરવાનગી આપી શકે નહીં.કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અથવા તેના વિભાગો સીબીઆઈ તપાસ પર કોઈ અંકુશ ધરાવતા નથી. ખંડપીઠે જણાવ્યું હતું કે આપણે ફક્ત ટેકનિકલ મુદ્દાની સમીક્ષા કરવાની છે, આપણે શા માટે રાજકીય મુદ્દાની તરફ જવાની જરૂર છે?મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પાસે કોઈ અપરાધમાં એફઆઈઆર દાખલ કરવા માટે સીબીઆઈને નિર્દેશ આપવાની સત્તા નથી.

### ભરણપોષણ મળવામાં મોડું થતા મહિલા ગુસ્સે ભરાઈ હતી

# મહિલાએ ચાલુ કોર્ટમાં પોતાનું 13 મહિનાનું બાળક જમીન પર પછાડયું

(એજન્સી) ઇંદોર | તા 09

મધ્ય પ્રદેશમાં એક મહિલાએ ભરણપોષના કેસની સુનાવણી ચાલી રહી હતી ત્યારે ચાલુ કોર્ટમાં પોતાના માત્ર ૧૩ મહિનાના બાળકને જમીન પર પછાડયું હતું. ઈરાદા પૂર્વક મહિલાએ આ કૃત્ય કર્યું હતું. આ મામલે હવે હાઈકોર્ટે કહ્યું હતું કે બાળકને જમીન પર ઈરાદાપૂર્વક ફેંકવું હત્યાના પ્રયાસના અપરાધ બરાબર ગણાય. અમે ફરિયાદ રદ કરવાનો આદેશ નહીં આપીએ. ભારતી પટેલ નામની મહિલાએ પતિ પર ભરણપોષણનો દાવો કર્યો હતો, જેની સુનાવણી દરમિયાન કોર્ટમાં ચાલુ કાર્યવાહી વચ્ચે જજની સામે જ ભારતીએ પોતાની પાસે રહેલુ માત્ર ૧૩ મહિનાનું બાળક નીચે ફેંકી દીધુ હતું, મહિલાનો રૌદ્ર સ્વરુપ જોઈને જજ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. બાદમાં આ મામલે ભારતી પટેલ સામે વર્ષ ૨૦૨૨માં હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરાયો હતો. મહિલા દ્વારા બાદમાં પોતાની સામે દાખલ એફઆઈઆર રદ કરવાની માગણી સાથે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જોકે હાઈકોર્ટના ન્યાયાધીશ ગુરપાલસિંહ અહલૂવાલિયાએ કહ્યું હતું કે કોર્ટના રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે મહિલાએ પોતાની મુશ્કેલીઓ માટે બાળકને જવાબદાર ઠેરવ્યું હતું અને સાથે જ હું બાળકને મારી નાખીશ એવુ કહીને તેના પર પેપરવેટ ફેંક્યું હતુ.

### ઉત્તર ભારત, સૌથી વધુ ગરમી 46 ડિગ્રીથી આ શહેર બન્યું અગનભઠ્ઠી



રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ભીષણ ગરમી પડી રહી છે ત્યારે રાજ્યના બાડમેરમાં મહત્તમ તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. હવામાન વિભાગે આગામી કેટલાક દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જારી કરી છે.જયપુર સ્થિત હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં 40થી વધુ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

### 85.70 ટકા મતદાન, પોલિંગ ટીમના 4 સભ્યો સસ્પેન્ડ

# બોગસ વોટિંગના કારણે આ બૂથ પર બીજી વાર થયું મતદાન: 85 ટકા લોકો કતારમાં ઊભા રહી ગયા

(એજન્સી) બાડમેર | તા 09

રાજસ્થાનના બાડમેર લોકસભા મતવિસ્તારની ચોહટન વિધાનસભાના ગામ દુધવા ખુર્દ બૂથ પર બુધવારે બીજી વાર મતદાન થયુ હતું. આકરી ગરમી વચ્ચે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. 85 ટકાથી વધુ મતદારોએ મતદાન કર્યું. આ બૂથમાં બોગસ મતદાન થયુ હોવાના આરોપ લાગ્યા હતા. તેના કેટલાક વીડિયો પણ સામે આવ્યા હતા, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

મતદારોને તેમના મતાધિકારથી વંચિત રાખ્યા હોવાની વાત પણ સોશિયલ મીડિયા પર સામે આવી હતી. આવી સ્થિતિમાં મતદાનની ગુપ્તતાના ભંગની ફરિયાદો બાદ ચૂંટણી પંચે બીજી વાર મતદાનનો આદેશ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, દુધવા ખુર્દમાં બીજી વારના મતદાન દરમિયાન કુલ 85.70 ટકા મતદાન નોંધાયું હતું.

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં દુધવા ખુર્દ ગામમાં 26 એપ્રિલના રોજ મતદાન થયું હતું. બોગસ મતદાન અને મતદારો મતદાનથી વંચિત રહેવાના કારણે ફરીથી મતદાનનો આદેશ આપ્યો હતો. આ મામલે બાડમેર જિલ્લા ચૂંટણી અધિકારીએ પોલિંગ ટીમના ચાર સભ્યોને સસ્પેન્ડ કરી દીધા છે. આ સભ્યોએ 26 એપ્રિલે બૂથ પર મતદાન કરાવ્યું હતું.

મુખ્ય ચૂંટણી અધિકારી પ્રવીણ ગુપ્તાએ જણાવ્યું કે ચોહટન વિધાનસભા મતવિસ્તારના દુધવા ખુર્દ બૂથના મતદાન મથક નંબર 50, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં સવારે 7:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી બીજી વાર મતદાન થયુ હતું. અહીં 1,294 લાયક મતદારો છે અને 1,109એ પોતાના મત આપ્યા છે. તેમણે કહ્યું કે, વિભાગે ચૂંટણી પંચના આદેશ પ્રમાણે બીજી વાર મતદાન માટેની તમામ તૈયારીઓ કરી હતી.

# નશીલી દવા પીવડાવી 100થી વધુ મહિલાઓ પર દુષ્કર્મ કરનારા 'જલેબી બાબા'નું હિસાર જેલમાં મૃત્યુ

(એજન્સી) નવી દિલ્હી | તા 09

દુષ્કર્મના ઘણા કેસમાં હિસારની સેન્ટ્રલ જેલ-2માં સજા કાપી રહેલા ટોહાનાના અમરપુરી ઉર્ફે જલેબી બાબા ઉર્ફે બિલ્લુનું મંગળવારે રાત્રે મોત નીપજ્યું.મોતનું કારણ હાર્ટ એટેક ગણાવાઈ રહ્યું છે. અમરપુરી મૂળ પંજાબના માનસાનો રહેવાસી હતો. વર્ષો પહેલા તે ટોહાનામાં જલેબીની રેકડી ચલાવતો હતો. બાદમાં બાબા બની ગયેલો અને આશ્રમ બનાવી લીધુ. વર્ષ 2017માં તે સમગ્ર દેશમાં ચર્ચામાં આવ્યો જ્યારે તેની પર 100 થી વધુ મહિલાઓએ સારવાર અને પ્રવચન દરમિયાન નશીલી દવાઓ ભેળવીને ચા પીવડાવી બેભાન કરીને તેમની સાથે દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો હતો. બાદમાં કેસની તપાસ થઈ તો આશ્રમમાંથી આપત્તિજનક સામગ્રીનો જથ્થો મળ્યો હતો. જે બાદ અમરપુરી પર લાગેલા આરોપમાં પાંચ વર્ષ સુધી કોર્ટ સુનાવણી ચાલી હતી. ફતેહાબાદની જિલ્લા કોર્ટે 10 જાન્યુઆરી 2023એ 14 વર્ષની સજા સંભળાવી. જણાવાઈ રહ્યું છે કે હવે જલેબી બાબા જેલમાં રહીને ઘણા દિવસોથી બીમાર હતો. જેલમાં જ તેની સારવાર ચાલી રહી હતી. જેલ તંત્રના જણાવ્યા અનુસાર મંગળવારે બપોરે અમરપુરી ઉર્ફે જલેબી બાબાને છાતીમાં તકલીફ થઈ હતી. તેને જેલ પહેલા હિસારના જિલ્લા નાગરિક હોસ્પિટલ અને પછી અગ્રોહા મેડીકલ કોલેજ રેફર કરવામાં આવ્યો. સાંજ સુધી તેના આરોગ્યમાં સુધારો થવા પર પાછો જેલ લાવવામાં આવ્યો હતો. રાત્રે અમરપુરીને પોતાની બેરેકમાં છાતીમાં દુખાવો થયો. તેને હોસ્પિટલ લઈ જવાયો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધો.ઓક્ટોબર 2017માં ટોહાના સ્થિત જલેબી બાબાના આશ્રમમાં મહિલા શ્રદ્ધાઓના આપત્તિજનક વીડિયો સામે આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ગયા વર્ષે 10 જાન્યુઆરીએ ફતેહાબાદ કોર્ટે જલેબી બાબાને સગીરા સાથે દુષ્કર્મના આરોપમાં 14 વર્ષની સજા સંભળાવી હતી. ઘણી અન્ય મહિલાઓ સાથે દુષ્કર્મના મામલે સાત-સાત વર્ષની સજા, આઈટી એક્ટ હેઠળ પાંચ વર્ષની સજા સંભળાવાઈ હતી. કોર્ટના આદેશ પર આ તમામ સજા એક સાથે ચાલતી હતી. તે બાદથી જલેબી બાબા હિસારની કેન્દ્રીય જેલ-2માં કેદ હતો. આઝાદ નગર પોલીસે મેજિસ્ટ્રેટની હાજરીમાં ડોક્ટરોના બોર્ડથી પોસ્ટમોર્ટમ કરાવ્યું. આ દરમિયાન વીડિયોગ્રાફી પણ કરાવવામાં આવી.



**બ્રેકિંગ ન્યૂઝ**

### યુપી સહિતના રાજ્યોમાં વરસાદની આગાહી, ભીષણ ગરમીથી રાહત થશે

ભારતના હવામાન વિભાગે ઉત્તરપ્રદેશ સહિત દેશભરમાં અનેક રાજ્યોમાં વરસાદ અને આંધી તોફાનની સંભાવના જાહેર કરી છે. તેને પગલે ગરમીમાં રાહત મળવાની સંભાવના છે. જોકે રાજસ્થાન અને પશ્ચીમ મધ્યપ્રદેશના વિસ્તારોમાં 8થી 10 મે દરમિયાન હીટવેવના નવા મોજાંના આગમનની આગાહી છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં આજથી હીટવેવ વિદાય લેશે. પૂર્વ અને દક્ષિણ ભારતના રાજ્યોમાં 11 મે સુધી અનેક રાજ્યોમાં વરસાદ થઈ શકે છે.

### લિવ ઇન રિલેશનશિપ ભારતીય સંસ્કૃતિ માટે મોટું કલંક : છત્તીસગઢ હાઈકોર્ટ

છત્તીસગઢ હાઈકોર્ટે લિવ ઇન રિલેશનશિપ મુદ્દે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે લિવ ઇન રિલેશનશિપને કલંક ગણાવ્યું છે. અદાલતે કહ્યું હતું કે આ ભારતીય સંસ્કૃતિ માટે કલંક છે. હાઈકોર્ટે પોતાની ટિપ્પણીમાં કહ્યું હતું કે, આ પશ્ચિમી દેશોથી લવાયેલો વિચાર છે જે ભારતીય રીતિ-રિવાજોની સામાન્ય અપેક્ષાઓ કરતા વિપરીત છે. છત્તીસગઢ હાઈકોર્ટે દંતેવાડા સાથે જોડાયેલા એક કેસમાં આ ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ ગૌતમ ભાદુરી અને સંજય એસ અગ્રવાલની ડબલ બેન્ચે લિવ ઇન રિલેશનશિપમાં બનેલા જાતીય સંબંધથી જન્મેલા સંતાનની કસ્ટડીના કેસમાં આ આકરી ટિપ્પણી કરી હતી.

### માયાવતીના ભત્રીજા આકાશે કહ્યું- હું મારા છેલ્લા શ્વાસ સુધી લડતો રહીશ

લખનૌ: બસપા સુપ્રીમો માયાવતીના ભત્રીજા આકાશ આનંદને પદ પરથી હટાવ્યા બાદ પ્રથમ પ્રતિક્રિયા આવી છે. તેમણે X પર લખ્યું- બહેનજી,આપકા હુકમ સર આંખો પર. તમારા સંઘર્ષને કારણે આપણા સમાજને રાજકીય તાકાત મળી છે. હું મારા છેલ્લા શ્વાસ સુધી મારા સમાજ માટે લડતો રહીશ.ત્રીજા તબક્કાના મતદાન બાદ મંગળવારે રાત્રે 9.30 વાગ્યે માયાવતીએ આકાશ પાસેથી પાર્ટીની તમામ જવાબદારીઓ છીનવી લીધી હતી.

**કોવિશીલ્ડ વેક્સિન** | **વેક્સજેવરિયાના ફોર્મ્યૂલા પર બનાવાઈ છે કોવિશીલ્ડ**

# 'અમે તો પહેલાં જ કહી દીધું હતું...' કોવિશીલ્ડ વેક્સિન વિવાદમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે હાથ અધ્ધર કર્યા?

(એજન્સી) નવી દિલ્હી | તા 09

બ્રિટિશ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ કોરોના વેક્સિન કોવિશીલ્ડની આડ અસરોને ધ્યાનમાં રાખીને વેક્સિન પાછી ખેંચવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત આ વેક્સિનનું ઉત્પાદન પણ બંધ કરી દેવામાં આવ્યું છે. દરમિયાન સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)નું એક મોટું નિવેદન પણ સામે આવ્યું છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે ભારતમાં કોવિશિલ્ડ વેક્સિનનું ઉત્પાદન કર્યું હતું અને તેને બજારમાં ઉપલબ્ધ



કરાવ્યું હતું.સીરમ ઈન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે અમે 2021માં વેક્સિન સપ્લાયની શરૂઆતમાં પેકેજિંગ ઈન્સર્ટમાં થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસિટોપેનિયા સિન્ડ્રોમ (TTS) સહિત વેક્સિનની તમામ આડઅસરો વિશે ખુલાસો કર્યો હતો, પરંતુ એસ્ટ્રાઝેનેકા દ્વારા એમ સ્વીકારાયા બાદ કે કોવિશીલ્ડ વેક્સિન લીધા બાદ શરીરમાં લોહીના ગઠ્ઠાં જામવા લાગે છે તેનાથી દુનિયાભરમાં હડકંપ મચી ગયું છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટએ કહ્યું કે ડિસેમ્બર 2021માં વેક્સિનની માંગમાં ઘટાડો થયો હતો તેથી કંપનીએ તેનું ઉત્પાદન અને સપ્લાય બંધ કરી દીધો હતો. બ્રિટિશ કંપની એસ્ટ્રાઝેનેકાએ વિશ્વભરના દેશોમાંથી તેની કોરોના વેક્સિન વેક્સજેવરિયાનો સ્ટોક પાછો મંગાવ્યો છે.

### ભારતમાં સીરમે કોવિશીલ્ડનું ઉત્પાદન કર્યું હતું

સીરમ ઇન્સ્ટિટ્યૂટ ભારતમાં આ વેક્સિન બનાવી રહી હતી, પરંતુ ભારતમાં જે વેક્સિન બનાવવામાં આવી રહી હતી તેનું નામ કોવિશીલ્ડ હતું અને આ દવા એ જ ફોર્મ્યુલા અનુસાર બનાવવામાં આવી હતી જેમાંથી વેક્સજેવરિયા બનાવવામાં આવે છે. AstraZeneca એ વેક્સિન પાછી ખેંચી લીધી છે, પરંતુ સીરમ ઈન્સ્ટિટ્યૂટે હજુ સુધી રસી પાછી ખેંચવાનો નિર્ણય લીધો નથી. AstraZenecaએ વેક્સિનનું અપડેટેડ વર્ઝન માર્કેટમાં લોન્ચ કર્યું છે અને જૂના વર્ઝનનો સ્ટોક પાછો મંગાવ્યો છે. કંપનીએ અગાઉ 5 માર્ચે વેક્સજેવરિયાને બજારમાંથી પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો હતો, પરંતુ આ આદેશ 7 મેના રોજ લાગુ કરવામાં આવ્યો હતો.

### મોદી સરકારે ભારતીય બંધારણની કલમ 370 નાબૂદ કરી

# 'PoK લઈને રહીશું, લોકોને વિશ્વાસ નહોતો કે 370 હટશે...' ભાજપના દિગ્ગજ મંત્રીનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા 09

મોદી સરકારના વિદેશ મંત્રી એસ.જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અંગે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાઓનું ફરી પુનરાવર્તન કરતાં કહ્યું કે મોદી સરકાર પીઓકેને ભારતમાં પાછો લાવવા માટે પ્રતિબદ્ધ છે. વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ 370 નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતા સંપૂર્ણપણે અલગ હતી.

જયશંકરે કહ્યું કે લોકોએ એવું જ માની લીધું હતું કે 370 હટાવી નહીં



શકાય અને આ એવી વસ્તુ છે જે આપણે સ્વીકારવી પડશે. હવે એકવાર આપણે તેને બદલી છે એટલે સમગ્ર વાસ્તવિક સ્થિતિ બદલાઈ ગઈ છે. હું PoKના સંદર્ભમાં એટલું જ કહી શકું છું કે સંસદમાં એક ઠરાવ છે અને દેશની દરેક રાજકીય પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે PoK, જે ભારતનો ભાગ છે, તે ભારતમાં પાછો લાવવામાં આવે. હું ચોક્કસપણે કહેવા માંગુ છું કે 10 વર્ષ પહેલા અથવા 5 વર્ષ પહેલા પણ લોકોએ અમને આ પૂછ્યું ન હતું. જયશંકરે કહ્યું કે જ્યારે અમે કલમ 370 નાબૂદ કરી, ત્યારે લોકો સમજે છે કે PoK પણ મહત્વપૂર્ણ છે. અગાઉ રવિવારે વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે PoK ક્યારેય ભારતની બહાર નહીં જાય. ઓડિશામાં એક કાર્યક્રમમાં એક પ્રશ્નનો જવાબ આપતા જયશંકરે કહ્યું હતું કે, "PoK ક્યારેય આ દેશની બહાર નથી રહ્યો. તે આ દેશનો એક ભાગ છે. સંસદનો ઠરાવ છે કે PoK સંપૂર્ણપણે ભારતનો ભાગ છે."

## યુવકને નગ્ન કરી નનામી સાથે વડલે બાંધ્યો

માણસા તાલુકાના દેલવાડા ગામના અંબાજીવાસમાં રહેતા બે ભાઈઓએ ગામનો જ યુવક ઘરમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસ્યો હોવાની શંકા રાખી તે યુવકને નગ્ન કરી નનામી સાથે બાંધી દીધો હતો. બાદમાં નનામીને વડલાના ઝાડ સાથે બાંધી યુવકને ધોકા - પથ્થરો મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ તાલિબાની સજાના બનાવના પગલે માણસા પોલીસે બંને હત્યારા ભાઈઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવક ઘરે એકલો રહી છૂટક મજૂરી કરતો હતો.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 10 MAY-2024

AHMEDABAD


## ગાંધીનગર જિલ્લાનું ધો. 12 સા. પ્રવાહનું 94.10 % પરિણામ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું રાજ્યનું 91.93 % પરિણામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગાંધીનગર જિલ્લાનું 94.10 ટકા પરિણામ જાહેર કરાયું છે. જિલ્લામાં 11 હજાર 199 વિદ્યાર્થીઓ પૈકી 11 હજાર 162 વિદ્યાર્થીઓએ ધોરણ - 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં A - 1 ગ્રેડ માત્ર 27 વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો છે. ગત વર્ષ 2023નું 74.60 ટકા પરિણામ જાહેર કરાયું હતું. આમ ગત વર્ષ 2023ની સરખામણીએ આ વર્ષે ગાંધીનગર જિલ્લાનું 19.5 ટકા પરિણામ વધુ આવ્યું છે.



### સૌથી વધુ બોટાદનું પરિણામ 96.40 ટકા, સૌથી ઓછું પરિણામ જૂનાગઢનું 84.81 ટકા

# સામાન્ય પ્રવાહની 1 હજારથી વધુ સ્કૂલનું પરિણામ 100%

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી), ગાંધીનગરની માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-2024 પરીક્ષાનું પરિણામ આજે એટલે કે, 9મે ગુરુવારે જાહેર કરાયું છે. ગુજરાત શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર સવારે 9 કલાકે આ પરિણામ મુકાયું હતું. પરિણામની કાગડોળે રાહ જોઈને બેઠેલા વિદ્યાર્થીઓ પરિણામ જોતા જ ખુશખુશાલ થયા હતા. જેમાં સામાન્ય પ્રવાહનું પ્રથમવાર રેકોર્ડ બ્રેક રિઝલ્ટ આવ્યું છે. 12 સાયન્સમાં આ વખતે છોકરીઓ સામે છોકરાઓએ બાજી મારી છે. સામાન્ય પ્રવાહની 1 હજારથી વધુ સ્કૂલનું પરિણામ 100% આવ્યું છે. ધાર્યા કરતાં વધારે સારું પરિણામ આવતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ગરબે ઘૂમ્યાં હતાં ને એકબીજાનું મોં મીઠું કરાવી ઉજવણી કરી હતી. ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે પણ ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ 10નું પરિણામ 11 મેના રોજ જાહેર થશે. બોર્ડની વેબસાઈટ પર જઈને સવારે 8 વાગે તમે તમારું રિઝલ્ટ જોઈ શકશો.



### બંને પ્રવાહની 10%થી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા

ધોરણ 12 સામાન્ય પ્રવાહની 10% કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા 19 છે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની 10% કે તેથી ઓછું પિરણામ ધરાવતી શાળાઓની સંખ્યા 27 છે.

### રાજકોટ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 92.06 %, સામાન્ય પ્રવાહનું પરિણામ 93.29%

રાજકોટ જિલ્લાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 10% જેટલું વધીને 92.06 % આવ્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહનું પરિણામ 13% જેટલુ વધીને 93.29% જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ જાહેર થતા રાજકોટના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગરબે ઝૂમી ખુબ સારા પરિણામ જાહેર થયાની ઉજવણી કરી હતી. ઉલ્લેખનીય છે કે, આજે રાજકોટ જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં A1 ગ્રેડ 96 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 1063 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે. તેમજ ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં A1 ગ્રેડ 889 વિદ્યાર્થીઓ અને A2 ગ્રેડ 3984 વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કર્યા છે.

### ધોરણ 12 સાયન્સનું પરિણામ

- 12 સાયન્સનું 82.45 ટકા પરિણામ આવ્યું
- સૌથી વધુ મોરબીનું પરિણામ 92.80 ટકા
- સૌથી ઓછું છોટા ઉદેપુરનું પરિણામ 51.36 ટકા
- A1 ગ્રેડના વિદ્યાર્થીઓ 1034
- A ગ્રૂપનું પરિણામ 90.11 ટકા
- B ગ્રૂપનું પરિણામ 78.34 ટકા
- વિદ્યાર્થીઓનું પરિણામ 82.53 ટકા
- વિદ્યાર્થિનીઓનું પરિણામ 82.35 ટકા

### 12 સામાન્ય પ્રવાહનું પરિણામ

- 12 સામાન્ય પ્રવાહનું 91.93 ટકા પરિણામ આવ્યું, અત્યાર સુધીનું સૌથી વધુ પરિણામ છે.
- સૌથી વધુ બોટાદનું પરિણામ 96.40 ટકા
- સૌથી ઓછું પરિણામ જૂનાગઢનું 84.81 ટકા
- 1609 સ્કૂલોનું 100 ટકા પરિણામ
- 19 સ્કૂલોની 10 ટકા કરતાં ઓછું પરિણામ

### ગુજરાતમાં સૌથી વધુ સુરતમાં A1 અને A2 4382 વિદ્યાર્થીઓ

ધોરણ 12 સાયન્સનું સુરત જિલ્લાનું 85.56 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં 328 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. આ સાથે 1844 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો છે, જે ગુજરાતમાં સૌથી વધુ છે. આ સાથે જ B1માં પણ 2931 અને B2માં 2994 વિદ્યાર્થીએ સૌથી વધુ ગ્રેડ મેળવ્યા છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહનું સુરત જિલ્લાનું 93.38 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતમાં સૌથી વધુ સુરતના A-1માં 1703 અને A-2માં 7203 વિદ્યાર્થીઓએ બાજી મારી છે.

### નાપાસ થનારા નાસીપાસ ન થતાં

ગુજરાત બોર્ડનું ધોરણ 12 અને ગુજકેટનું પરિણામ જાહેર થઈ ગયું છે. બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ આ વર્ષે પૂરક પરીક્ષા પણ વહેલી લેવામાં આવે તેવી પણ શક્યતા છે. આ વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેથી તમામ વિદ્યાર્થીઓને અનુરોધ કરવામાં આવે છે. નોંધનીય છે કે ધોરણ 12 સાયન્સના વિદ્યાર્થીઓ જેટલા વિષયમાં નાપાસ હોય તે તમામ વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. તદુપરાંત વિદ્યાર્થીઓ સમગ્ર પરીક્ષા ફરીથી આપી શકશે અને તેમાંથી જે પરિણામ ઊંચુ હશે તેને જ ધ્યાને લેવાશે.

### વડોદરાનું વિજ્ઞાન પ્રવાહનું 82.50 ટકા, સામાન્ય પ્રવાહમાં 85.23 ટકા પરિણામ

વડોદરામાં 25 હજારથી વધુ વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષા આપી હતી. સારા પરિણામ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી રહી છે. વડોદરાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 82.50 ટકા પરિણામ આવ્યું છે, જ્યારે સામાન્ય પ્રવાહમાં 85.23 ટકા વિદ્યાર્થી પાસ થયા છે. વડોદરામાં ગત વર્ષે સામાન્ય પ્રવાહનું 67.19 ટકા પરિણામ હતું અને વિજ્ઞાન પ્રવાહનું 65.54 ટકા પરિણામ આવ્યું હતું.

### ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષામાં 3,79,759 નિયમિત ઉમેદવારો નોંધાયા હતા

જે પૈકી 3,78,268 પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 3,47,738 પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલા છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ 91.93 % ટકા આવેલ છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે 61,182 ઉમેદવારો નોંધાયેલા હતા. તે પૈકી 59,137 ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 29,179 ઉમેદવાર સફળ થયા છે. આમ પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ 49.34 % ટકા આવેલ છે. આ પરીક્ષામાં ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS) અંતર્ગત 29,455 નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી 28,021 પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 15,407 પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS) અંતર્ગત નિયમિત ઉમેદવારોનું પરિણામ 54.98 % ટકા આવેલ છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS) અંતર્ગત પુનરાવર્તિત ઉમેદવારો તરીકે 13,412 ઉમેદવારો નોંધાયેલા હતા. તે પૈકી 12,805 ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી 6,420 ઉમેદવાર સફળ થયા છે. આમ ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS) અંતર્ગત પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ 50.14 % ટકા આવેલ છે.

## સ્કૂલ એડમિશન ન આપે તો DEOને જાણ કરો!

### વિદ્યાર્થી-વાલીઓને ગ્રાન્ટેડ સ્કૂલોનું લિસ્ટ, એડ્રેસ, આચાર્યનું નામ- નંબર સહિતની વિગત આંગણીના ટેરવે મળશે



(એજન્સી) અમદાવાદ | તા.09

ગ્રાન્ટેડ સ્કૂલોની સંખ્યા ધીરે ધીરે ઘટી રહી છે, જેની સામે ખાનગી સ્કૂલો વધી રહી છે. વાલીઓ મોંઘી ફી ભરીને પોતાના બાળકને ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરાવવા મજબૂર બન્યા છે. તેવામાં વાલીઓ માટે DEOએ નવતર પ્રયોગ કર્યો છે. જેમાં ગૂગલ લિંક અને ક્યુઆર કોડ દ્વારા વાલી કે વિદ્યાર્થીઓ પોતાના ઘરની નજીક કે અન્ય જગ્યાની ગ્રાન્ટેડ સ્કૂલ જોઈ શકશે તથા તેમાં ધોરણ 9થી 12માં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો પ્રવેશ પણ મેળવી શકશે.

જો કોઈ ગ્રાન્ટેડ સ્કૂલ બિનજરૂરી કારણસર પ્રવેશ આપવામાં ઈનકાર કરે તો DEO કચેરી દ્વારા પ્રવેશ મેળવવામાં મદદ કરવામાં આવશે. અમદાવાદ શહેર DEO દ્વારા નવતર પ્રયોગ. ગ્રાન્ટેડ સ્કૂલમાં માત્ર નજીવા દરે અથવા તો નહિવત ફીના ધોરણે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં આવે છે. જે અંગે હજુ પણ અનેક વાલીઓ અજાણ છે. વાલીઓમાં ગ્રાન્ટેડ સ્કૂલ અંગે જાગૃતતા આવે અને મોંઘી ફીના ભરીને પોતાના બાળકને ગ્રાન્ટેડ સ્કૂલમાં શિક્ષણ આપી શકે તે માટે અમદાવાદ શહેર DEO દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. DEO એક લિંક તૈયાર કરવામાં આવી છે, તેના પર ક્લિક કરતા વાલી કે વિદ્યાર્થીઓને અમદાવાદની તમામ ગ્રાન્ટેડ સ્કૂલોનું લિસ્ટ મળશે. આ ઉપરાંત ક્યુઆર કોડ પણ રાખવામાં આવ્યો છે, જે સ્કેન કરીને સ્કૂલોના લિસ્ટ મેળવી શકાશે.

### અમદાવાદમાં 312 ગ્રાન્ટેડ સ્કૂલ

અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં 312 ગ્રાન્ટેડ સ્કૂલ છે, જેમાં 1150થી વધુ વર્ગ છે. અંદાજિત 75 હજાર જેટલી ગ્રાન્ટેડ સ્કૂલોની બેઠક છે, જેમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીઓને પ્રવેશમાં કોઈ મુશ્કેલી આવે તો હેલ્પલાઈન દ્વારા મદદ મળી શકશે.

## હાઇકોર્ટે કરી જ્યુડિશિયલ ઓફિસરોની બદલીઓ

### 222 જજની બીજી કોર્ટમાં બદલી, 177 જજની આંતરિક બદલી, 63 જ્યુડિ. ઓફિસરની સેશન્સ જજ તરીકે નિમણૂંક

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ હાઈકોર્ટ દ્વારા તેના તાબામાં આવતી અદાલતોમાં જ્યુડિશિયલ ઓફિસરની બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત આંતર કોર્ટ બદલીઓ પણ કરવામાં આવી છે. સિવિલ જજ, સિનિયર સિવિલ જજ અને ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયલ ઓફિસરોની હાઈકોર્ટ દ્વારા બદલી કરવામાં આવી છે. અમદાવાદમાં ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ તરીકે નવસારીથી અમિતકુમાર દવેની બદલી કરાઈ છે. જ્યારે સાબરકાંઠાથી અર્ચીતકુમાર વોરાની અમદાવાદમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ તરીકે બદલી કરાઈ છે. આ ઉપરાંત 63 જ્યુડિશિયલ ઓફિસરોની જુદા જુદા જિલ્લાઓમાં સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તમામ જ્યુડિશિયલ ઓફિસરો 20મે થી પોતાનો નવો ચાર્જ સંભાળશે.



### 56 સિવિલ જજની આંતર જિલ્લા અને કોર્ટમાં બદલી કરાઈ

હાઈકોર્ટ દ્વારા રાજ્યની અદાલતોમાં 56 સિવિલ જજની આંતર જિલ્લા અને કોર્ટમાં બદલી કરાઈ છે. જ્યારે એક જ કોર્ટની અંદર હોય તેવી 47 જેટલી આંતરિક બદલીઓ કરાઈ છે. જેમાં અમદાવાદમાં 04, અમરેલીમાં 02, અરવલ્લીમાં 01, દાહોદમાં 01, દ્વારકામાં 01, ગાંધીનગરમાં 01, ગીર સોમનાથમાં 02, જૂનાગઢમાં 09, ખેડામાં 02, મહેસાણામાં 08, પંચમહાલમાં 01, રાજકોટમાં 05, સુરતમાં 09 અને વલસાડમાં 01નો સમાવેશ થાય છે.

### 88 જજની એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં બદલી

નિયર સિવિલ જજમાં 88 જજની બદલી એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં અથવા જિલ્લામાં બદલીઓ કરાઈ છે. જ્યારે એક જ કોર્ટમાં હોય તેવી 96 આંતરિક બદલીઓ કરાઈ છે. જેમાં અમદાવાદમાં 03, આણંદમાં 06, ભાવનગરમાં 10, ગાંધીનગરમાં 03, ગીર સોમનાથમાં 03, જૂનાગઢમાં 03, કચ્છમાં 07, ખેડામાં 06, મોરબીમાં 04, નવસારીમાં 03, પંચમહાલમાં 03, પોરબંદરમાં 02, રાજકોટમાં 11, સુરતમાં 07, તાપીમાં 01, વડોદરામાં 18 અને વલસાડમાં 05નો સમાવેશ થાય છે.

## લેન્ડ ગ્રેબિંગ એક્ટને પડકારતી અરજીઓ ડિસમિસ

### કાયદો સંવૈધાનિક, ધારાસભા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે, લોકોના સારા નરસા અને જરૂરિયાતો વિશે તે વિચારી શકે: હાઇકોર્ટ

2020માં ગુજરાત વિધાનસભામાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ 2020 પસાર થયો હતો. ગુજરાતમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ વધતા સરકાર દ્વારા આ કાયદામાં ઓછામાં ઓછી 10 વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી હતી. બાદમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ અમેન્ડમેંટ એક્ટ 2022 આવ્યો હતો. 2021થી લઈને આજ સુધી આ કાયદો અને તેની જોગવાઈઓને અનેક લોકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી. મૂળભૂત હકોનું હનન હોવાનું અરજદારોની દલીલ અરજદારોનું કહેવું હતું કે, આ કાયદો બંધારણના મૂળભૂત હકોનું હનન કરે છે. ગુજરાત વિધાનસભાએ તેના અધિકારોથી ઉપરવટ જઈને આ કાયદો બનાવ્યો છે. તે કેન્દ્રની સત્તાની વિરુદ્ધ છે. આ કાયદા માટે રાષ્ટ્રપતિની મંજૂરી પણ લેવાઈ નથી. આ કાયદો નાગરિકોને હેરાન કરતા છે. જિલ્લા કલેક્ટર કચેરીમાં જમીન પચાવી પાડવા વિરુદ્ધ ફરિયાદ થઇ શકે છે. કલેક્ટર આ કેસો સાંભળે છે, તે આ કમિટીના ચેરપર્સન હોય છે. આ કેસમાં પોલીસ ફરિયાદ કરવા કલેક્ટર ભલામણ પણ કરી શકે છે. આશરે 500થી વધુ અરજીઓને જોડીને હાઈકોર્ટે તેની ઉપર કલાકો સુનાવણી હાથ ધરી હતી. તેમજ ફેબ્રુઆરી, 2024માં છેલ્લી સુનાવણી કરીને જજમેંટ અનામત રાખવામાં આવ્યું હતું.

## પાકિસ્તાન ISI એજન્ટનો હનીટ્રેપથી જાસૂસી સુધીનો ખેલ

### યુવતીની ઓળખ આપી ભરૂચના યુવકને ISI એજન્ટ બનાવ્યો, મિસાઇલની માહિતી મોકલતો; એરફોર્સ-આર્મીના 25 લોકો શકમંદ

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાતમાં ફરી એક વખત જાસૂસીનું ભૂત ધૂણ્યું છે. ગુજરાત CID ક્રાઈમને મળેલા ઈનપુટને આધારે તપાસ કરતાં ભરૂચના અંકલેશ્વરમાંથી એક પાકિસ્તાની ISI એજન્ટને ઝડપી પાડ્યો છે. અંકલેશ્વર GIDCમાં એક ફેક્ટરીમાં કામ કરતા વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવીને દેશની અલગ અલગ જગ્યાની જાસૂસી કરાવનાર પાકિસ્તાનના ષડયંત્રનું રેકેટ સામે આવ્યા બાદ હજી પણ ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને 25 જેટલા ઈન્ડિયન એરફોર્સ અને આર્મીના લોકો આ જાસૂસીકાંડમાં શકમંદ હોય તેવું CID ક્રાઈમને જાણવા મળ્યું છે. એટલું જ નહીં હવે CID ક્રાઈમ કેન્દ્રીય વિભાગમાં મંજૂરી માગીને તેઓની પૂછપરછ કરવાની તૈયારી કરી ચૂકી છે. આ અંગે CID ક્રાઈમના ડીએસપી ચૈતન્ય માંડલીકે જણાવ્યું હતું કે, અમારી પાસે ઘણી બધી ડિટેઈલ છે અને અમે તે દિશામાં તપાસ શરૂ કરી છે. હવે કેન્દ્રીય મંત્રાલયમાંથી મંજૂરી મળ્યા બાદ તે લોકોની પૂછપરછ કરવામાં આવશે.



### પાકિસ્તાનના ISI હેન્ડલરે સોનલ ગર્ગ નામની ઓળખ આપી

આ પાકિસ્તાન ઈન્ટેલિજન્સ એજન્સીના ઓપરેટીવ્સના સંપર્કમાં આવેલા પ્રવિણ મિશ્રા અંકલેશ્વર GIDCમાં ભાડેથી રહે છે. પ્રવિણ મિશ્રા અંકલેશ્વરની એક કેમિકલ ફેક્ટરીમાં કામ કરતો હતો. CID ક્રાઈમે તેનો મોબાઈલ ચેક કરતા પાકિસ્તાનના ISI હેન્ડલરે સોનલ ગર્ગ નામની ઓળખ મળી હતી.

### બાતમીના આધારે ગુજરાત CID ક્રાઇમ બ્રાન્ચની તપાસ

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત CID ક્રાઈમ બ્રાન્ચને થોડા સમય પહેલાં મિલિટરી ઈન્ટેલ ઉધમપુરથી દેશની ગુપ્ત માહિતી પાકિસ્તાનને મળી રહી હોવાના ઈનપુટ મળ્યા હતા. આ ઈનપુટના આધારે ગુજરાત CID ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી. ઈનપુટમાં જાણવા મળ્યું હતું કે, ભારત વિરૂદ્ધ ગુનાહિત કાવતરાના ભાગ રૂપે લશ્કરી દળોના નિવૃત થયેલા અને કાર્યરત અધિકારી-કર્મચારી, ભારતના મિસાઇલ મેન્યુફેક્ચરિંગ અને તેના પાર્ટ્સના રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ પાસેથી ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી મેસેજ તથા વોઈસ કોલ કરી ભારત દેશની સુરક્ષામાં અગત્યની ભૂમિકા ભજવતી અને ગુપ્ત માહિતી ધરાવતી કંપનીઓની માહિતી મેળવવામાં આવી હતી.

## આચારસંહિતા પૂરી થયા બાદ ગટર અને પાણીની નવી લાઈનો નાખવા સૂચના

(એજન્સી) અમદાવાદ | તા.09

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા અમદાવાદમાં રૂ. 10,000 કરોડ રૂપિયાનું બજેટ શહેરીજનો પાછળ ખર્ચવામાં આવે છે, ત્યારે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના સત્તાધીશો અને અધિકારીઓ વચ્ચે બજેટ રિવ્યૂ બેઠક યોજાઇ હતી. ચૂંટણીની આચારસંહિતા બાદ ચાલુ વર્ષ 2024-25માં ડ્રેનેજ, પાણી અને રોડના કામોના ટેન્ડર કરી ઝડપથી કામ શરૂ કરવા માટેની સૂચના આપવામાં આવી છે. વિવિધ વિભાગોના રૂ. 1461 કરોડ રૂપિયાના કુલ 65 જેટલા કામો ઉપર આજે ચર્ચા કરવામાં આવી હતી. સત્તાધીશોએ કામોની દરખાસ્ત મૂકી અમલમાં મૂકાઈ નથી વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે બજેટ રિવ્યૂ બેઠક મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાના બજેટના કામો મંજૂર કરવામાં આવે છે અને તેનું રિવાઇઝ બજેટ પણ કરવામાં આવે છે. પરંતુ પ્રજાકીય કામો સમયસર પૂરા થતાં નથી. પ્રદૂષણયુક્ત સાબરમતી નદી, એર પોલ્યુશન, ટ્રાફિકજામ, પાણીનો નિકાલ ડ્રેનેજની સમસ્યા વગેરે હજી યથાવત છે. ભાજપના સત્તાધીશો દ્વારા જે કામોની દરખાસ્ત મૂકવામાં આવી છે, તે હજી સુધી અમલમાં મૂકાઈ નથી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, આજે મેયરની અધ્યક્ષતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ 2024-25ના સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મૂકવામાં આવેલા બજેટના કામો ઉપર રિવ્યૂ બેઠક કરવામાં આવી હતી.

## 11મીથી ગરમીના પ્રકોપથી રાહત મળશે!

(એજન્સી) અમદાવાદ | તા.09

ગુજરાત રાજ્યમાં ગરમીનો પ્રકોપ છેલ્લા એક સપ્તાહથી સતત વધી રહ્યો છે, હાલમાં મધ્ય ગુજરાતના ભાગોમાં એટલે કે અમદાવાદ, ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે, ત્યારે આગામી 48 કલાક હજુ પણ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના કેટલાક વિસ્તારમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત સામાન્ય વરસાદની શક્યતાઓ છે. હજુ પણ આગામી બે દિવસ અમદાવાદમાં મહત્તમ તાપમાનનો પારો 43 ડિગ્રી સેલ્સિયસ, પાટનગર ગાંધીનગરમાં 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેવાનું હવામાન વિભાગનું અનુમાન.